પૂનાની શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠે પ્રારંભિક પરીક્ષા માટે
મંજૂર કરેલ છે

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા પુષ્પ ૩૨

અખિલ ભારતીય જૈન સમાજની એકજ સર્વોત્તમ શિક્ષણ સંસ્થા
શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ(પૂના)નો

પ્રારંભિક પાઠ્યક્રમ

(વિભાગ ૧-૭)

"વિદ્યાપીઠ પાઠ્યપુસ્તક- પ્રકાશન સમિતિ સંયોજિત"

પ્રથમ આવૃત્તિ
વિ સં ૨૦૦૭



નકલ ૧૦૦૦
જુલાઈ ૧૯૫૧

મૂલ્ય રૂા ૧-૪-૦
(વિદ્યાપીઠે મંજૂર કરેલ પાઠશાળાઓ માટે રૂા ૧-૦-૦)



પ્રકાશક

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા-ગારીઆધાર

પ્રાપ્તિ સ્થાન

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા
ગારીઆધાર
(દામનગર થઈને-સૌરાષ્ટ્ર)

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ
માનદ્ મંત્રી-બી એન મોદી
૩૫૩, શુક્રવાર પેઠ-પૂના, ૨

અનુક્રમ

વિભાગ ૧ લો

વિભાગ ૨ જો

આવેદન

અમારા અંતરના ઉમળકાઓ જેને માટે રોમેરોમ ઉછળતા હતા તે "પ્રારંભિક પાઠ્યક્રમ" તૈયાર કરીને ચતુર્વિધ શ્રી સંઘના કરકમળમાં મુકતા અમે આજે ગૌરવ આનંદ અનુભવીએ છીએ. શ્રી જૈન સિદ્ધાંતમાં મુખ્યપણે નિત્યક્રિયારૂપ ષડાવશ્યક ગણાય છે તેનું વર્ણન શ્રી આવશ્યકસૂત્રમાં ઘણા જ વિસ્તારથી આવે છે તે સમજવાની પ્રત્યેક જૈનને ખાસ જ જરૂર છે. જેમ ટપાલ વ્યવહાર રેલ્વે સ્ટીમર કે એરોપ્લેનની સાથે સંકળાએલો છે તેમ આ છ આવશ્યકો પ્રતિક્રમણના સૂત્રો સાથે અતિ નિકટ સંબંધ ધરાવે છે. આ સૂત્રો છૂટા છૂટા જેવા છે તે સૂત્રોની વ્યવસ્થિત ગોઠવણી લાગની જેમ પ્રતિક્રમણમાં કરવામાં આવી છે. આના કારણે પાંચ પ્રતિક્રમણોની રચના શ્રી જૈન શાસનમાં અતિ મહત્વની ગણવામાં આવી છે. એને આરાધક દુનિયાની જ્ઞાન અને ક્રિયારૂપી બે આંખોથી જે મુક્તિની સાધના થાય છે, તેમને તો ક્રિયા [illegible] નયનરૂપ જ છે તે જ કારણથી અમે આ તકે સમાજને યાદ દેવરાવવા માગીએ છીએ કે શ્રી જૈન શાસનની આરાધનાના પાયારૂપ જે આ પ્રતિક્રમણના સૂત્રો છે, તે સૂત્રો સાધકનાના દિવ્ય સ્વરૂપને દેખવા માટે નિર્મળ અંજનરૂપ છે. તે ક્રિયાચક્ષુની સાથ આપવા માટે બીજા જ્ઞાનચક્ષુને ઉઘાડવાની આજના કાળમાં ખૂબ જ જરૂર છે.

જો કે જ્ઞાનચક્ષુ ઉઘાડવા માટે આ પ્રતિક્રમણના સૂત્રોરૂપી [illegible] અર્થજ્ઞાનની ખૂબીઓ જોવા માટે દરેક કાળમાં જરૂર તો પડેજ છે ને જરૂર હોય જ. પણ આજે આ જ્ઞાન તરફ બેદરકારી સેવાવાના કારણે સમાજના કુસંપ બહુ ફેલાયો છે અને તેના માઠા પરિણામરૂપે સમાજની પડતી અને અવનતિ થઇ રહી છે તે પ્રગટ છે. તે દૂર કરવા અર્થજ્ઞાનની જરૂર છે તેથી અમે નમ્રભાવે અપીલ કરીએ છીએ, કે આ સૂત્રોનું અર્થ જ્ઞાન જે ધર્માર્થ જરૂર દેખાય છે તે આજે આગમને ખૂબ જોરદાર પ્રચારદ્વારા ગામેગામ ગજાવવા. તેમ થશે તો સંપ સંગઠનના પાયા મજબૂત થશે જ તે નિઃશંક છે.

તે મહાનકાર્ય માટે અમારી પરીક્ષાઓ સંપૂર્ણ રીતે સંતોષકારક અને ઉપયોગી નિવડી છે. સમાજમાં જેની મહાન ખોટ હતી તે ખોટને પૂરી કરવા અમારી વિદ્યાપીઠ પ્રયાસ કરી રહી છે તેમાં સૌના સહકારની આશા રાખીએ છીએ.

વિદ્યાપીઠની પાઠ્ય પ્રકાશન સમિતિએ પ્રત્યેક પરીક્ષાના પાઠ્યક્રમના પુસ્તકોનું પ્રકાશનકાર્ય હાથ ધર્યું છે. તેનો અમારો આ પ્રથમ નમુનો છે. આ જ પદ્ધતિ અને શૈલિથી આગળની પરીક્ષાઓનું પ્રકાશનકાર્ય તુરતમાં જ ચાલુ કરવા અમારી મનોભાવના છે. તે કારણથી પ્રારંભિક પાઠ્યક્રમનું બે વિભાગમાં વહેંચાએલું આ પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે ધન્ય બની અમારી નાની સભા, જ્ઞાનસેવાનો યત્કિંચિત લાભ ઉઠાવવાનો આજે અપૂર્વ અવસર સાંપડ્યો છે. તેથી અમને અમાપ હર્ષ થાય છે. અમારે ગૌરવપૂર્વક કહેવું પડશે, કે આ ગીતનું [illegible] સૂત્રના ભાવાને અતિશય સ્પષ્ટ

એવુ પુસ્તક આજ સુધીમા કોઈ પણ સસ્થા તરફથી પ્રસિદ્ધ થયુ નથી, આવા આની મહેનત સ પરિશીલન કોઈએ કરેલ નથી આ વાત કોઈ માનને બતાવનારી નથી પરંતુ એની ખૂબ ખૂબ અને સાથી પહેલી પ્રાથમિક જરૂરીઆત છે તે તરફ આની મહેનત લેવામા બે ગણી સેવા છે તેનુ અમને ઘણુ જ દુઃખ થાય છે

અમે નાની અથવા ક સામાયિક સૂત્ર કે બે પ્રતિક્રમણ કે પાચ પ્રતિક્રમણ સાનના પુસ્તકો મહેસાણા પાલીતાણા અમદાવાદ મુબઈ જેવા સ્થળોએથી ઘણા ઘણા પ્રગટ થ ગયેલ છે પણ અમારી સચાલક સમિતિએ આ કાર્ય જ્યારે શરૂ કર્યુ અને તે બધા પુસ્તકોને નજર સમુખ રાખી પર્યાલોચન કરવા માડ્યુ, ત્યારે દુઃખપૂર્વક કહેવુ પડે છે કે આ બધા પ્રકાશનો માત્ર એક બીજાના કોપી-ટુ-કોપી જેવા અનુક્રમના બનેલ હોય તેવુ લાગે છે અને તેની અત્યત શુદ્ધિના આજના આ પ્રકાશનના જમાનામા પણ ગતાનુગતિક જૂના એ પુસ્તકોમા જોવામા આવી શુદ્ધ આવશ્યક સૂત્રોના અર્થના પ્રકાશનો જાણે ઘણા માટે જ પ્રગટ થતા હશે? છતા મહાન જ્ઞાન સાધુ પુરુષો પણ એ અમારી ફરજ બેદરકારી છે? નહીં તો આટલા બધા વિદ્વાન પૂજ્ય આચાર્ય-ભગવતો ભારતમા વિદ્યમાન હોય અને આવશ્યક સૂત્રની પ્રથમ ભગથી માડી ચોપડીઓ શુદ્ધ ન મળે અને માન્ય થાય તેવા સરળ ને સુગમ અર્થવાળા તેઓથી તૈયાર ન કરી શકાય ચોકસ તૈયાર કેમ નહીં થઈ? અમે તો અમારી શક્તિ પ્રમાણે આટલુ પ્રકાશન તૈયાર કરાવ્યુ છે પૂ. વિદ્વાનો તેના માટે અભિપ્રાય આપશે તેવી આશા રાખી એ છીએ આ પુસ્તકમા કોઈ ત્રુટી રહી જવા પામી હોય તે અમને જણાવવા અત્યાગ્રહભરી વિનતિ છે જેથી અમે બીજી આવૃત્તિમા સુધારા કરી શકીએ આ પુસ્તકમા છપાઈ વગેરે ઘણી જ કાળજી સાવચેતીપૂર્વક રાખવામા આવી છે છતા પ્રેસદોષથી કોઈ ત્રુટી રહેલી હોય તો સુધારીને વાચવા વિનતિ છે

આ પાઠ પુસ્તકમા નવીનતા એ છે કે દરેક સૂત્રમા અન્વયાર્થ, સૂત્રાર્થ ભાવાર્થ પરિશિષ્ટ (સુગધિની સૌરભ) અને પ્રશ્નોત્તરીના વિભાગો રાખેલ છે અર્થજ્ઞાન જેમાં લીધુ હોય તેવા બાળકો માટે અને જૈન દર્શનના તત્ત્વજિજ્ઞાસુ જિજ્ઞાસુ જૈન જૈનેતર નાના મોટા અભ્યાસીઓ માટે એ વિભાગો છે આ પ્રકાશનમા અભ્યાસની સરળતા માટે બે રગમા ત્રણ અને સચિત્ર ગોઠવવામા આવેલ છે છતા અનાભોગ આ પ્રકાશનમા શ્રી જિનેશ્વર ભગવતની આજ્ઞા વિરુદ્ધ જે કાંઈ મતિમાંદ્ય દોષથી અજાણતા લખાયુ હોય તો અમે તે બદલ ચતુર્વિધ શ્રી સઘ પાસે મિચ્છામિ દુક્કડં માગીએ છીએ.

પૂના
તા. ૨૫-૮-૬૧

સઘ સેવક
શ્રી એન મોદી
માનદ મત્રી-શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

જૈન દર્શનનું શાસ્ત્રીય જ્ઞાન મેળવવા



અમારી પરીક્ષાઓ અત્યુત્તમ છે

[સ્થાપના તા. ૧૮-૫-૧૯૭૮]

અખિલ ભારતીય જૈન સમાજની એક જ
સર્વોત્તમ શિક્ષણ સંસ્થા

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ [પૂના]ની
પ્રથમ

પ્રારંભિક પરીક્ષાનો શિક્ષણક્રમ

વિભાગ પહેલો

<u>શ્રી નવકારમંત્રથી સંસારદાવા સૂત્ર સુધી સૂત્રાર્થ સંપૂર્ણ</u>

૧ શ્રી નવકારમંત્ર (પંચમંગલસૂત્ર)

અન્વયાર્થ

નમો–નમસ્કાર અરિહંતાણં–ચાર ઘાતી કર્મોનો જેઓએ નાશ કર્યો છે તેવા શ્રી અરિહંત ભગવંતોને સિદ્ધાણં–આઠ કર્મોનો જેઓએ ક્ષય કર્યો છે, તેવા સિદ્ધ ભગવંતોને આયરિયાણં–છત્રીસ ગુણે બિરાજમાન આચાર્યમહારાજોને ઉવજ્ઝાયાણં–પચ્ચીસ ગુણે બિરાજમાન ઉપાધ્યાયજી મહારાજોને. લોએ–મનુષ્યલોકમાં (અઢી દ્વીપને વિ

વિચરનાર સવ્વસાહૂણં-સર્વ સાધુમહારાજો અને સાધ્વીજી મહારાજોને એસો-આ પંચ-પાંચ નમુક્કારો-નમસ્કાર સવ્વ-સર્વ પાવ-પાપ પ્પણાસણો-નાશ કરનાર મંગલાણ-મંગલોમાં ચ-અને સવ્વેસિં-સર્વમાં પઢમ-પ્રથમ હવઈ-છે મંગલં-મંગલ

સૂત્રાર્થ

નમો અરિહંતાણં-ચાર ઘાતી કર્મોનો નાશ કર્યો છે, તેવા અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ-કરું છું

નમો સિદ્ધાણં-આઠ કર્મોનો ક્ષય કર્યો છે અને મોક્ષે ગયા છે, તેવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ

નમો આયરિયાણં-આચાર્ય મહારાજોને નમસ્કાર થાઓ

નમો ઉવજ્ઝાયાણં-ઉપાધ્યાયજી મહારાજોને નમસ્કાર થાઓ

નમો લોએ સવ્વસાહૂણં-અઢી દ્વીપરૂપ મનુષ્યલોકમાં વિચરતા સર્વ સાધુ મહારાજોને નમસ્કાર થાઓ

એસો પંચ નમુક્કારો-એ ઉપર જણાવેલા પાંચે પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર

સવ્વપાવપ્પણાસણો-સર્વ પાપોનો નાશ કરનાર છે

મંગલાણં ચ સવ્વેસિં-અને સર્વ લૌકિક તથા લોકોત્તર મંગલોમાં

પઢમં હવઇ મંગલં-પહેલું મંગલ છે

ભાવાર્થઃ—આ સૂત્રમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવ્યો છે અને તેમાંના એકને પણ કરેલા ભાવપૂર્વકના નમસ્કારથી સર્વ વિઘ્નો દૂર થાય છે અને ભવિષ્ય મંગલમય બને છે તેથી તેનું બીજું નામ **પ્રથમ મંગલ** મહાશ્રુતસ્કંધ એમ પણ કહેવાય છે આ નવકારમંત્રને **શ્રી નમસ્કાર મહામંત્ર** પણ કહેવાય છે આ મંત્ર ૧૪ પૂર્વોનો સાર ગણાય છે આ મંત્ર શાશ્વતો છે એટલે તે અનાદિનો છે તેના બનાવનાર કોઈ નથી જે તીર્થંકર ભગવાન થાય

ને તેને પ્રકાશમાં લાવવાનું જ માત્ર કામ કરે છે વાચક જો જોશે તો આ મંત્રમાં એક મુખ્ય વસ્તુને જોઈ શકશે કે અરિહંત કોઈ ખાસ વ્યક્તિનું નામ નથી અરિ એટલે રાગ ને દ્વેષરૂપી અંતરના શત્રુ તેને હણે તે વીતરાગ અરિહંત કહેવાય. મૂળમંત્રમાં ભગવાનનું જ જ્યાં નામ ન આવતું હોય ત્યાં આશ્ચર્ય કે ઉપાય થાય મહાવીરનું પણ નામ ક્યાંથી આવે? આનું નામ ગુણપૂજા કહેવાય છે પાંચ પરમેષ્ઠિના નમસ્કારના આ બે રીતે કહ્યા છે એનાથી જૈન રોગ દૂર થાય ને પુષ્ટિ મળે તેમ (૧) પાપનો ક્ષય અને (૨) ભાવિમાં મંગળની પ્રાપ્તિ થાય એટલે કે ભૂતકાળના પાપ વિઘ્નોને હરે ને ભવિષ્ય ઉજળું બને આ નવકાર મંત્ર ૬૮ અક્ષરોનો બનેલો સંપૂર્ણ ગણાય છે તેનો જાપ પામર આત્માને હળુકર્મી ને પાવન કરનાર બને છે એકને નવ લાખ નવકારનો જાપ કરે તેને નારકીમાં જવાનું બનતું નથી

નવકારમંત્રની પરિમલ

[અખિલ ભારતની એકજ સર્વોત્તમ શિક્ષણસંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાની પરીક્ષાઓમાં પ્રશ્નપત્રોના જવાબમાં પરીક્ષા આપનાર નાની ઉંમરના વિદ્યાર્થીઓએ કે વિદ્યાર્થિનીઓએ લખેલ સુંદર વાક્યો "ગુલાબ આવ માસિક"મા પ્રગટ થતા "પરીક્ષાની પરિમલ" નામક વિભાગમાં જે સૂત્રો સાથે સંબંધ હોય તે તે અહીં અભ્યાસીઓને જ્ઞાનપ્રાપ્તિ થાય તે માટે રજૂ કરાય છે]

—સંપાદક સમિતિ

★ જે નવ ક્રોડ નવકાર વિધિ સહિત ગણે તે ત્રણ ભવમાં મોક્ષે જાય છે

★ શાશ્વતો નવકારમંત્ર શાશ્વતા આત્માને શુદ્ધ કરે છે અને આત્માનું કર્મોનો નાશ કરે છે એજ એનું માહાત્મ્ય સૂચવે છે

★ નવકાર મહામંત્રનો પ્રભાવ જેમને જોવો હોય તેઓએ ૭ મહિ સુધી નિરંતર ત્રિસંધ્યા તેની માળા ગણવી તેની અમારી ભલામણ

★ તરવૈયો જેમ હાથ હલાવતો જાય ને પાણી હટાવી માર્ગ કાપી આગળ વધતો જાય, તેમ નવકારમંત્રનો જાપ કરનાર પુણ્ય

પાપોનો નાશ કરવા સાથે આવતા વિઘ્નોને દૂર કરીને આગળ આગળ વધે છે તેનું રોજ સ્મરણ થતું હોવાથી મોટા ભવસમુદ્રને પણ તરી જાય તેમાં નવાઈ નથી

★ નમસ્કાર મહામંત્રમાં જૈન ધર્મની વિશાળતા ખરેખર તેની ભવ્યતાને સૂચવે છે તેનું સ્મરણ કરતા આત્મામાં રોમેરોમ ચૈતન્ય પ્રગટે છે અને સ્વસ્વરૂપનું પૂર્ણ ભાન કરાવે છે તેના શબ્દે શબ્દમાં ને અક્ષરે અક્ષરમાં વાત્સલ્યભાવના ભરી છે

★ ધર્મનું મૂળ વિનય છે, તે સમજી શકાય તેમ છે કારણ કે ચૌદ પૂર્વના સારરૂપ નવકાર મંત્રના પહેલા જ પદમાં નમસ્કાર કરીને નમવાનું શિખવાડવામાં આવે છે

★ ૧૦૮ માળાના મણકા ગણીએ અને પાંચ પરમેષ્ઠિને નમસ્કાર જે કરીએ, તેમાં એવો આદર્શ ભાવ સમાએલો છે કે તે પાંચેના ગુણો આપણને સાંપડે અથવા આપણામાં આવે

★ નવકારમંત્રમાં અઢીદ્વીપમાં થએલા અનંતા અરિહંત અને થનાર એ બધા કાળના સર્વ તીર્થંકર ભગવંતો આચાર્ય મહારાજા ઉપાધ્યાય મહારાજો અને સાધુ મહારાજોના ગુણો ભર્યા છે તેથી જ તે મંત્ર બહુ જ ચમત્કારિક અને પ્રભાવિક છે

★ નવા વર્ષની મુબારકબાદી જે અપાય છે તે તો પરિચિત અને જાણીતા હોય તેને જ અપાય છે પરંતુ અજાણ્યા કે અપરિચિત કે જેને કદી પણ નહીં જોયા હોય, તેવા પણ મહામુનિપ્રવરોને "નમો લોએ સવ્વસાહૂણં" એ પદથી બધા એ મહાવ્રતોવાળા હોવાથી અઢીદ્વીપરૂપ મનુષ્યલોકમાં કર્મભૂમિના વિચરતા સર્વે મુનિરાજોને નમસ્કાર કરીએ છીએ તેથી જ જૈન શાસનનો વિશાળ ઉદારભાવ કેટલો બધો છે તે જણાઈ આવે છે

★ ૧૪ પૂર્વેનો સાર નવકારમહામંત્ર છે એનો સાદો અર્થ એ છે, કે એક બાજુ ૪૫ આગમોના જાણકાર પુરુષો આગમોના તત્ત્વજ્ઞાનથી કલ્યાણ સાધે છે, તો બીજી બાજુ સામાન્ય અજ્ઞાન માણસ નવકાર મંત્ર ગણીને કલ્યાણ સાધી શકે છે આગમો સાધુ મહારાજો જ વાંચી શકે તે સિવાયની શ્રાવક શ્રાવિકા આલમ માટે નવકાર એક પરમ આધાર છે

★ નમસ્કાર મહામંત્ર કોઈ મામુલી વસ્તુ નથી તેમાં વ્યક્તિપૂજનને મહત્ત્વ ન આપતા ગુણપૂજનને મહત્ત્વ અપાયુ છે તે સિદ્ધ કરી બતાવે છે કે તેમાં સંકુચિતતા નથી, પણ વિશ્વવ્યાપક ઉદારતાના ઉદાત્ત દર્શન થાય છે

નમસ્કાર મહામંત્રનો પ્રભાવ કેવો છે તે પૂજ્ય પંડિતપ્રવર શ્રીમદ્ વીરવિજયજી મહારાજે નમસ્કારમંત્રનુ સુંદર અને સરળ ભાષામાં સૌને સમજાય તે હેતુથી એક પદ બનાવ્યુ છે તે નીચે આપીએ છીએ

સમરો મંત્ર ભલો નવકાર એ છે ચૌદ પૂર્વનો સાર
એના મહિમાનો નહિ પાર એનો અર્થ અનંત ઉદાર સમરો૦ ૧

દુખમા સમરો સુખમા સમરો સમરો દિવસ ને રાત
જીવતા સમરો મરતા સમરો સમરો સૌ સંઘાત સમરો૦ ૨

જોગી સમરે ભોગી સમરે સમરે રાજા રંક
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિઃશંક સમરો૦ ૩

અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર
આઠ સંપદા તેથી પ્રમાણો અડસિદ્ધિ દાતાર સમરો૦ ૪

નવપદ એના નવનિધિ આપે ભવોભવના દુખ કાપે
વીર વચનથી હૃદયે વ્યાપે પરમાતમ પદ આપે સમરો૦ ૫

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–નવકારને શા માટે મહામંત્ર કહેવાય છે ?

ઉત્તર—જૈન સિદ્ધાંતમાના અનેક મંત્રો પૈકી આ મંત્ર શ્રેષ્ઠ છે, તેમાં ૧૪ પૂર્વેનો સાર છે શુદ્ધ ભાવથી નવકાર મંત્રનુ સ્મરણ કરનાર આ ભવસમુદ્રને સહેજે તરી જાય છે તેથી તેને મહામંત્ર કહેવાય છે

પ્રશ્ન ૨–નવકારમંત્રમા કોનુ વર્ણન કરાએલ છે ?

ઉત્તર—આ મંત્રમા અતિ પવિત્ર પાચ પરમેષ્ઠિઓને વર્ણવી તેઓને નમસ્કાર કરવામા આવેલ છે

પ્રશ્ન ૩–પંચપરમેષ્ઠિ એટલે શું ? તેના નામ કહો

ઉત્તર—પરમેષ્ઠિ એટલે ઊંચામા ઊંચા સ્થાનને પામેલા મહાન આત્માઓ, તે પાચ આ પ્રમાણે છે (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ

પ્રશ્ન ૪–નવકારમંત્ર કયારે ગણાય ?

ઉત્તર—સૂતા, બેસતા, ઉઠતા, જે સમરે અરિહંત,
દુ ખીઆના દુ ખ જાશે, લહેશે સુખ અનંત

નવકાર મંત્ર તો ૧૪ પૂર્વેનો સાર છે, ૧૪ પૂર્વધર મહામુનિઓ પણ અશાતા વેદનીયના ઉદય વખતે ભણેલા પૂર્વેને પણ જ્યારે ભૂલી જાય, ત્યારે છેવટે નવકારમંત્ર જ તેમને શરણભૂત છે ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વામીજીએ બળતા નાગને કુમારાવસ્થામા નવકારમંત્ર સભળાવ્યો હતો, તેથી તે નવકારમંત્ર કાનમા પડવા માત્રથી તે સર્પ ધરણેન્દ્ર થયા આ મહામંત્રનો પ્રભાવ અજબ અને અનંત જ છે

પ્રશ્ન ૫-આ નવકારને શ્રી સિદ્ધચક્ર યંત્ર સાથે શો સંબંધ છે?

ઉત્તર—પાંચ પરમેષ્ટિમાં બે દેવ છે, ને છેવટના ત્રણ ગુરુપદે શોભનારા છે. આમ દેવ ને ગુરુ એમ બે આવવાથી ધર્મ પણ આવી જાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ એમ ધર્મના ચાર પદ આવવાથી આ નવપદ શ્રી સિદ્ધચક્રનું જ મહત્ત્વ બતાવે છે. દેવ અને ગુરુ એ દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપના નિધાનરૂપ છે. એટલે શ્રી સિદ્ધચક્ર નવપદમય જ છે. આસો ને ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળીઓમાં આ નવપદનું જ આરાધન થાય છે. એટલે અવાંતર રીતે આ નવકારનું જ તે આરાધન છે એમ એક અપેક્ષાએ કહી શકાય. એમ મંત્રનો અને યંત્રનો સુમેળ સધાય છે.

૨ શ્રી પંચિંદિય (સ્થાપના) સૂત્ર

અન્વયાર્થ

પંચિંદિય-પાંચ ઇંદ્રિયોને સંવરણો-કાબૂમાં રાખનાર તહ-તથા નવવિહ-નવ પ્રકારની બંભચેર-બ્રહ્મચર્યવ્રતની ગુત્તિધરો-ગુપ્તિ (વાડ)ને ધારણ કરનાર ચઉવિહ-ચાર પ્રકારના કસાય કષાયોથી મુક્કો-મુકાએલા ઇઅ-એ પ્રમાણે અટ્ઠારસ-અઢાર ગુણેહિં-ગુણો વડે સંજુત્તો—સહિત પંચ-પાંચ મહ વય-મહા પ્રતિજ્ઞાઓથી જુત્તો-યુક્ત પંચ વિહાયાર-પાંચ પ્રકારના આચારોને પાલણ-પાળવાને સમત્થો-સમર્થ પંચ સમિઓ-પાંચ પ્રકારની સમિતિ પાળવામાં ઉપયોગવાન, તિગુત્તો-ત્રણ (મનોગુપ્તિ, વચનગુપ્તિ ને કાયગુપ્તિ) ગુપ્તિવાળા છત્તીસ-છત્રીશ ગુણો-ગુણોવાળા ગુરૂ-ગુરુ મજ્ઝ-મારા

સૂત્રાર્થ

'પંચિંદિય સંવરણો-(૫) પાંચ ઇંદ્રિયોના વિષયોને રોકનાર

તહ નવવિહ બંભચેરગુત્તિધરો-(૯) તથા નવ પ્રકારની (શિયળ વ્રતની વાડને) બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર

ચઉવિહ કસાયમુક્કો-(૪) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયોથી મુક્ત

ઇય અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો-એ અઢાર ગુણોએ કરી સહિત (૧)

પંચ મહવ્વયજુત્તો-(૫)પાંચ મહાવ્રતોથી યુક્ત

પંચ વિહાયાર પાલણસમત્થો-(૫)જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર એ પાંચે પ્રકારના આચારોને પાલન કરવામાં સમર્થ, એટલે કે પુરુષાર્થવાન શક્તિશાળી

પંચ સમિઓ તિ ગુત્તો-(૫+૩) પાંચ સમિતિઓથી યુક્ત અને ત્રણ ગુપ્તિઓથી મન, વચન ને કાયાને ગોપવનાર

છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ-ઉપર વર્ણવેલા છત્રીશ ગુણોવાળા મારા ગુરુ મહારાજ છે તેની હું સ્થાપના કરું છું (૨)

ભાવાર્થ—આ સૂત્રમાં આચાર્ય મહારાજના છત્રીશ ગુણો જણાવ્યા છે આચાર્ય મહારાજ કે ગુરુ મહારાજ હાજર ન હોય તો તે ગુણોની સ્થાપના કરીને સ્થાપનાચાર્યજીની સામે જાણે ગુરુ મહારાજ પોતે સન્મુખ જ બેઠા છે તેમ ધારણા કરીને સામાયિકઆદિ ધાર્મિક ક્રિયાઓ કરી શકાય છે ગુરુ મહારાજના સ્થાને પુસ્તક નવકારવાળી સાપ । અથવા સમ્યગ્ દર્શન, જ્ઞાન ચારિત્રના કોઈ પણ ઉપકરણ વિગેરેને ઊંચા સ્થાને મૂકીને નવકાર ને પંચિંદિય સૂત્ર બોલી સ્થાપનાચાર્ય સ્થાપવામાં આવે છે તેની સામે બધી ક્રિયા કરવાથી ક્રિયા શુદ્ધ થઈ શકે છે તેથી આ સૂત્રનું બીજું નામ સ્થાપનાસૂત્ર પણ કહેવાય છે

પરિમળ

★ કાયા અને મનને કાબૂમા લાવવાના સાધનભૂત પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ, શરીરની અદર રહેના આત્મા પર સતત ચોકી પહેરો ભરે છે જો ગુરુમહારાજના આચારમાં તે ન હોત તો તેમને પૂજત કોણ? તેનાથી જ તેઓ વિશુદ્ધ અને પવિત્ર હૃદયના બને છે

★ ગુરુમહારાજના હૃદયમા રહેલી શુભ લાગણીઓ સમિતિ ગુપ્તિના પાલનમા સાક્ષાત્ દેખાઈ આવે છે કે મન વચન અને કાયા ઉપરનો તેઓનો કેટલો કાબૂ છે

★ સમ્યગ ઉપયોગપૂર્વક જે પ્રવૃત્તિ કરાય તેનુ નામ સમિતિ એ તેનો સાદો અર્થ છે તેમ જ ચચળ મન વચન કે કાયાને સ્થિર કરવાનો ઉપાય એ ગુપ્તિનો અર્થ છે

★ દુનિયામાં આજે જેમ જુદા જુદા કાર્યો માટે જુદી જુદી સમિતિઓ સ્થાપી વ્યવસ્થાતત્ર ચલાવાય છે તેમ આત્માનુ સીધુ વ્યવસ્થા તત્ર ચલાવવા માટે કેવળજ્ઞાની શ્રી વીતરાગ ભગવતોએ પાચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓને યોજી કે જેમ અપેક્ષાએ કહી શકાય

★ બીજાને દુ:ખ ઉત્પન્ન થઈ જાય તેવી કટુતા આપણા સ્વાર્થી મુખમાં મોટે ભાગે હોય છે એટલે વચનની મધુરતા માટે વીતરાગ ભગવતે ભાષાસમિતિ રાખવા ફરમાવ્યુ છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–પચિંદિય સૂત્ર શા માટે છે? તેમા શુ આવે છે?

ઉત્તર—સામાયિક લેતા સ્થાપનાજી સ્થાપવા માટે તે નવકારમત્રની

પછી બોલાય છે તેમા આચાર્ય મહારાજના ૩૬ ગુણો વર્ણવેલા છે

પ્રશ્ન ૨-આચાર્ય મહારાજના ૩ ગુણો ગણાવો

ઉત્તર—૫ ઇંદ્રિયોના વિકારને રોકનાર ૯ શિયળવ્રતની વાડોને સાચવનાર ૪ કષાયોને જીતનાર ૫ મહાવ્રતોને ધારણ કરનાર ૫ મહાન આચારોને પાલનાર ૫ સમિતિ અને ૩ ગુપ્તિને પાલના કુલ ૩૬ આવા ૩૬ ગુણો જેઓમા હોય તે આચાર્યપદને દીપાવે છે આ ગુણોના કારણે તે ભાવાચાર્ય કહેવાય છે

પ્રશ્ન ૩-પાચ ઇંદ્રિયોનુ કામ વ્યવહારિક ભાષામા સમજાવો

ઉત્તર—(૧) સ્પર્શેદ્રિય-ચામડી સ્પર્શ પા ખવાનુ કામ કરે છે (૨) રસનેદ્રિય સ્વાદ ચાખવાનુ કામ કરે છે (૩) ઘ્રાણેદ્રિય ગધ ઓળખવાનુ કામ કરે છે (૪) નેત્રેદ્રિય જોવાનુ કામ કરે છે (૫) શ્રોત્રેદ્રિય અથવા કર્ણેદ્રિય સાભળવાનુ કામ કરે છે

પ્રશ્ન ૪-પાચ મહાવ્રતોનુ સ્વરૂપ સમજાવો

ઉત્તર—(૧) પ્રાણાતિપાતવિરમણ-જીવહિંસા ન કરવી તે (૨) મૃષાવાદવિરમણ-જૂઠ્ઠુ ન બોલવુ તે (૩) અદત્તાદાન-વિરમણ-ચોરી ન કરવી તે (૪) મૈથુનવિરમણ-બ્રહ્મચર્ય પાળવુ તે (૫) પરિગ્રહવિરમણ-ધન ધાન્યાદિનો સગ્રહ ન કરવો તે

સૂક્ષ્મ જીવદયાનુ પાલન અને કચન કામિનીનો ત્યાગ એ આ મહાવ્રતોમા મુખ્ય છે તે આજની દુનિયા માટે બહુ જ મુશ્કેલ છે, કારણ કે દુનિયા તો સ્ત્રી અને ધનની પાછળ ગાડી છે દુનિયા

અર્થ જમની પૂજારી છે માટે તેનો ત્યાગ અત્યત મહત્વનો છે

પ્રશ્ન ૫-પાચ સમિતિઓના નામો તથા તેની સમજણ આપો

ઉત્તર—(૧) ઈર્યા સમિતિ-ચાલતા ચાલતા રસ્તામા જોઇને ચાલવુ

(૨) ભાષાસમિતિ-બોલવામા સંયમ રાખી યોગ્ય ને જરૂરી જ બોલવુ

(૩) એષણા સમિતિ-આહાર પાણી કે જરૂરી ચીજો દોષરહિત મેળવવી મુનિરાજ ગોચરી પાણીમા દોષ ન લાગે તેની કાળજી રાખે તે

(૪) આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ-પાત્ર પ્રમુખ ઉપયોગી ચીજોને લેતા મૂકતા પ્રમાર્જના કરવી તે (સાવધાની રાખવી)

(૫) પારિષ્ઠાપનિકા સમિતિ-ઠલ્લો, માત્રુ (ઝાડો, પેશાબ) વિગેરે નકામી ચીજો ફેંકવામા જીવયતના પાળવી તે.

પ્રશ્ન ૬-ત્રણ ગુપ્તિઓના નામ તથા સમજણ આપો

ઉત્તર—(૧) મનોગુપ્તિ-મનના અશુભ વિચારો પર કાબૂ રાખવો

(૨) વચનગુપ્તિ-બોલવા પર કાબૂ રાખવો

(૩) કાયગુપ્તિ-કાર્યપ્રસંગે શરીરનુ હલનચલન કરતા પ્રમાર્જનાપૂર્વક ઉઠવુ બેસવુ જવુ આવવુ તે

પ્રશ્ન ૭-સ્થાપના સ્થાપતી વખતે હાથ કેમ ઊંધો રખાતો હશે ?

ઉત્તર—કોઈ વસ્તુનું આરોપણ કરતા કે કોઈ વસ્તુ કોઇને આપતા આ રીતે હાથ રખાય છે તેમ અહીં ગુણોની સ્થાપના તથા ગુણોનુ આરોપણ કરવાનુ છે, કે આવા ગુણો હોય

તેને હુ ગુરુ માનીશ તેવા પવિત્ર ગુરુની સાક્ષીમા આ ક્રિયા કરુ છુ તે કારણથી ઊંધો હાથ રખાય છે

★ ★ ★

૩ શ્રી ખમાસમણ (પ્રણિપાત)સૂત્ર

અન્વયાર્થ

ઇચ્છામિ-હુ ઇચ્છુ છુ ખમાસમણો-હે ક્ષમાશ્રમણ તપસ્વી! વંદિઉં-વાંદવાને જાવણિજ્જાએ-શક્તિ અનુસાર. નિસીહિઆએ-પાપવાળા વ્યાપારોનો ત્યાગ કરીને મત્થએણ-મસ્તકવડે વંદામિ-વાંદુ છુ

સૂત્રાર્થ

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં-હે ક્ષમાશ્રમણ તપસ્વી! હું વાદવાને ઇચ્છુ છુ

જાવણિજ્જાએ નિસીહિઆએ-શક્તિ અનુસાર પાપવ્યાપારોનો ત્યાગ કરીને.

મત્થએણ વંદામિ-મસ્તકવડે વાદુ છુ

ભાવાર્થ:—બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ રૂપ પાંચે અંગના પ્રમાણથી નમન થાય તેને ખમાસમણ કહેવાય છે અને તેનુ બીજુ નામ "પંચાંગ પ્રણિપાત" સૂત્ર પણ કહેવાય છે

પરિમલ

★ દેવને કે ગુરુમહારાજને વંદન કરવા માથુ નમાવાય, તે નમ્રતા અને વિનય ગુણને બતાવનાર છે

★ જેમ સલામ કરવાનો રિવાજ છે, તથા આર્યદેશની જેમ હાથ જોડીને પ્રીતિ બતાવવાની જે પ્રણાલિકા છે તેમ શાસ્ત્રીય પદ્ધતિ 'પંચાંગ પ્રણિપાત'ની છે તેમાં વળી આ શબ્દોના ઉચ્ચારણપૂર્વક નમવું જોઈએ તેમ આ સૂત્ર શિખવાડે છે

★ મોટા માણસની સન્મુખ બોલવું હોય, કે શિષ્ટસમાજમાં સભ્યો આગળ કાંઈ બોલવું હોય તો તે વખતે ઘણાઓ ધ્રૂજે છે, ને કંપે છે કારણ કે તે બધાની આગળ તે પોતે અજ્ઞાન છે તે અજ્ઞાન તેને કંપાવે છે તેવી જ રીતે દેવવંદન કે ગુરુવંદન કરનારના કર્મો ધ્રૂજે છે તેનાથી ઘોર કર્મોનો નાશ થાય તેમાં નવાઈ નથી

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–ખમાસમણ સૂત્રનું બીજું નામ શું છે? તેનો ઉપયોગ જણાવો

ઉત્તર—ખમાસમણ સૂત્રને "પ્રણિપાત" સૂત્ર કહે છે આ સૂત્રથી દેવગુરુને પ્રણામ કરાય છે દોષથી ભરેલા એવા પોતાને આવા ગુણોનું ધામ મળવાથી હૃદય ઝૂકી જાય છે તેથી શરીરનું ઉત્તમ અંગ મસ્તક નમી પડે છે ગુણીને નમી પડવાથી પોતાની ઓછાશ પોતાને જણાઈ આવે છે અને વધુની અધિક ગુણસંપન્નતા નજર સન્મુખ આવી જાય છે આવા ગુણો મારામાં ક્યારે પેદા થાય તેવી ઝંખના પણ થાય છે

પ્રશ્ન ૨–પ્રણામ કેવી રીતે થઈ શકે? તેનું નામ શું?

ઉત્તર—બે હાથ જોડી, બે ઢીંચણ જમીન પર લગાડી અને માથું ભૂમિએ લગાડવાપૂર્વક નમાવી પ્રણામ કરાય, તેને "પંચાંગ પ્રણિપાત" કહેવાય છે આ નમસ્કારની પહેલા

ઘરના કે સંસારના બીજા સર્વે પાપવ્યાપારોનો ત્યાગ 'નિસીહિ' શબ્દથી કરવામાં આવે છે બીજા વ્યાપારોને ભૂલી જવાય તો જ મણામમાં ભાવશુદ્ધિ આવી શકે એ કારણથી મંદિર કે ઉપાશ્રયે દેવ કે ગુરુની પાસે જતા નિસીહિ કહેવાનો રિવાજ ને વિધિ છે

★ ★ ★

૪. ઇચ્છકાર અથવા ખમાસમણ સૂત્ર

(સુગુરુને સુખશાતાપૃચ્છા)

અન્વયાર્થ

ઇચ્છકાર-હું ઇચ્છું છું સુહરાઇ-સુખે રાત્રિએ અથવા સુહદેવસિ-સુખે દિવસે સુખતપ-સુખે તપમાં શરીરનિરાબાધ-શરીરે રોગ રહિતપણે સુખ સંજમ જાત્રા-સુખે સંયમયાત્રામાં નિર્વહો છોજી-પ્રવર્તો છોજી? સ્વામી-હે પૂજ્ય! શાતા છે જી?-સુખશાતા છે? ભાતપાણી-આહારપાણી લાભ દેજોજી-વહોરવા પધારી અમારું આંગણું પાવન કરોજી

સૂત્રાર્થ

ઇચ્છકાર સુહરાઇ, સુહદેવસિ-હે ગુરુમહારાજ! હું જાણવાને ઇચ્છું છું કે આપે સુખે રાત્રિ પસાર કરી? દિવસને વિષે સુખશાતા હતી?

સુખ તપ, શરીર નિરાબાધ-તપમાં સુખ વર્તે છે? શરીરે રોગ રહિતપણે વર્તો છો?

સુખસંજમ જાત્રા નિર્વહો છો જી ?—સંયમરૂપી યાત્રામાં સુખ પૂર્વક પ્રવર્તો છો જી

સ્વામી શાતા છે જી ?—હે પૂજ્ય ! આપને શાતા છે ? (એટલે કે કાંઈ અશાતા જેવું તો નથી ને ? અશાતા કે પીડાનું કોઈ કારણ હોય તો તે દૂર કરવા હું પ્રયત્ન કરી શકું

ભાતપાણીનો લાભ દેજોજી—આહાર પાણી વિગેરે કોઈપણ ચીજનો ખપ હોય તે વહોરવા પધારશોજી, કે જેથી હું કૃતાર્થ થાઉં, ને મને લાભ મળે.

ભાવાર્થ —ગુરુવંદન કર્યા બાદ આ સૂત્રથી ગુરુમહારાજને સુખશાતા પુછાય છે

પરિમલ

★ ગુરુમહારાજને વંદન કરવાની વિધિ એ સૂચવે છે કે ગુરુમહારાજ યોગ્ય છે, માટે જ તેમના ઉત્તમ ગુણોનું એ પ્રતિક સૂચવવા બહુમાન ને વિનયનું આકર્ષણ થાય છે એટલે તેઓની આજ્ઞા માથે ચડાવાય છે

★ વીતરાગ ભગવંતની આજ્ઞા પૂર્ણપણે તો ગુરુમહારાજ જ પાળી શકે છે આપણે અંશ માત્ર પણ પાળી શકતા નથી, માટે જ આપણા કરતાં તેઓ પૂજ્ય ગણાય છે

★ જેમ શિક્ષક વિના નિશાળ ચાલી શકતી નથી, તેમ ગામેગામ વિચરતા ગુરુમહારાજોનું અસ્તિત્વ ન હોય તો, ધર્મનો પંથ ચાલી શકે નહીં ઉપદેશ કોણ આપી શકે ? ત્યાગી ગુરુમહારાજો કારણ કે કંચન કામિનીના ત્યાગી હોવાથી તેમના ઉપદેશથી સચોટ અસર થાય છે

★ ગુરુમહારાજના વચન પર એટલા માટે જ વિશ્વાસ રાખવો જોઈએ કે તેઓએ આખી જિંદગી જૂઠું નહિ બોલવાની પ્રતિજ્ઞા લીધી છે

એટલે તેઓ આપણને જ ઉપદેશ આપે છે તે વીતરાગી સર્વજ્ઞાની ભગવંતે જે કહ્યું છે તે જ પ્રમાણે કહે છે પોતાનું મનમાન્યું કપોલકલ્પિત એવી રીતના નથી

★ કોઈ સગાવહાલાને આપણે જ્યારે મળીએ છીએ ત્યારે ક્ષેમકુશળ પૂછીએ છીએ કે કેમ ઘરમાં બધાં ખુશી મજામાં છે ને ? તેમ ગુરુમહારાજને દિવસમાં બે વાર દરેક શ્રાવકે સુખશાતા પૂછવી જ જોઈએ તે પૂછવાની આપણી ફરજ છે કારણ કે હવે તેમનાં સગા તેમની સુખશાતા પૂછવા ક્યાં રોજ આવવાના છે ?

★ શરીરનો રોગ વૈદ્ય કે ડૉક્ટર કાઢે છે તથા ધોબી મેલાં કપડાનો મેલ કાઢી આપે છે, તેમ ગુરુમહારાજ આપણામાં રહેલા દોષો અને વિકારોને દૂર કરે છે

★ વિમાનમાં જેમ પાયલોટ હોય છે તેમ ધર્મના માર્ગે આપણને દોરનાર ગુરુમહારાજો છે પાયલોટ શિક્ષિત હોય છે તેમ ગીતાર્થ ગુરુમહારાજ જિનની આજ્ઞાના જાણ હોય છે શિક્ષણ લીધા વિના કોઈ પાયલોટ વિમાન ઉડાડે તો નુકશાન પહોંચાડે તેમ ધર્મ ચલાવનાર ગુરુઓ ગુણ વિનાના કે જ્ઞાન વિનાના હોય તો શું થાય ?

★ વિમાનને ચલાવનાર જેમ સારો પાયલોટ મળે, તેમ (નદીકિનારે પહોંચે તેવા ગુરુ જો ન મળે તો) સન્માર્ગે બતાવનાર સાચા ગુરુનો સુયોગ થાય તો વિમાનની સફર નિર્વિઘ્ને જેમ પાર પડે તેમ આપણા ભવનો પણ બેડો પાર થઈ જાય

★ વિમાનમાં જેમ હાઈડ્રોજન વાયુ ભરવામાં આવે છે, તેમ ધર્મી આત્માઓમાં ઉત્તમ ભાવનારૂપી વાયુ ગુરુમહારાજ ભરે તો જ જિંદગી સુધારી શકાય

મગળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧—"ઇચ્છકાર સૂત્ર' શા ઉપયોગમા આવે છે ?

ઉત્તર—ગુરુમહારાજોને સુખશાતા પૂછવા આ સૂત્ર ઉચ્ચારાય છે અશાતાવેદનીયનો ઉદય થયો હોય, અથવા સયમની સાધના કરતા કોઇ વિઘ્ન દિવસને વિષે કે રાત્રિને વિષે આવ્યા હોય, તો તેને શક્તિ અનુસાર દૂર કરવા માટે આ પૂછાય છે સુપાત્રદાનની તમન્નાથી ગોચરી પાણી માટે વિનતિ કરાય છે

પ્રશ્ન ૨—આહારપાણી માટે જ શુ આ આમ ત્રણ છે ?

ઉત્તર—આહારપાણીથી બીજી વસ્તુઓ જવી કે વસ્ત્ર, પાત્ર, મકાન વિગેરે પણ સમજવા

પ્રશ્ન ૩—દેવસી અને રાઈ શબ્દ શુ સૂચવે છે ? તેનો કાળ કેટલો કહેવાય ?

ઉત્તર—દેવસી એટલે દિવસ સબધી બપોરના બાર વાગ્યાથી રાત્રિના બાર વાગતા સુધી દિવસ સબધી પૃચ્છા થાય છે રાઇ એટલે રાત્રિ સબધી રાત્રિના બાર વાગ્યાથી બપોરના બાર વાગતા સુધી રાત્રિ સબધી પૂછાય છે, આવો બધ રિવાજ છે દિવસમા બે વાર શાતા પૂછવાની વિધિ છે સધ્યાના સમયે "ભાતપાણી"નો લાભ દેવાનુ, કહેવાનો રિવાજ હોતો નથી

★ ★ ★

૫ શ્રી ઇરિયાવહી (પ્રાયશ્ચિત) સૂત્ર

અન્વયાર્થ

ઇચ્છાકારેણ ઇચ્છાએ કરી **સંદિસહ**-આજ્ઞા આપો **ભગવન્**-હે પૂજ્ય! **ઇરિયાવહિયં**-માર્ગમાં ચાલતાં લાગેલા પાપને **પડિક્કમામિ**-હું પ્રતિક્રમું છું એટલે કે પાપથી પાછો હઠું છું **ઇચ્છં**-આજ્ઞા પ્રમાણ છે **ઇચ્છામિ**-ઇચ્છું છું **પડિક્કમિઉં**-પ્રતિક્રમણ કરવા **ઇરિયાવહિયાએ**-માર્ગમાં ચાલતાં **વિરાહણાએ**-વિરાધના થવાથી **ગમણાગમણે**-જતાં આવતાં **પાણક્કમણે**-પ્રાણી કે જીવો ઉપર પગ મૂકીને ચાંપતાં **બીયક્કમણે**-બીજો પગ નીચે ચાંપતાં **હરિયક્કમણે**-લીલી વનસ્પતિ ચાંપતાં **ઓસા**-ઝાકળ **ઉત્તિંગ**-કીડીઆરું કીડીનાં દરો-રહેવાનાં સ્થાનો **પણગ**-સેવાળ લીલ ફુગ **દગ**-કાચું પાણી **મટ્ટી**-માટી **મક્કડા**-કરોળીયાનાં **સંતાણા**-જાળાં **સંકમણે**-પગથી ચાંપતાં કે દબાવતાં **જે**-જે **મે**-મેં **જીવા**-જીવો **વિરાહિયા**-વિરાધ્યા હોય **એગિંદિયા**-એક ઇન્દ્રિયવાળા જીવો **બેઇંદિયા**-બે ઇંદ્રિયોવાળા **તેઇંદિયા**-ત્રણ ઇંદ્રિયોવાળા **ચઉરિંદિયા**-ચાર ઇંદ્રિયોવાળા **પંચિંદિયા**-પાંચ ઇંદ્રિયોવાળા **અભિહયા**-લાતે માર્યાં હોય **વત્તિયા**-ધૂળવડે ઢાંક્યા હોય **લેસિયા**-જોર સાથે ઘસ્યા હોય **સંઘાઇયા**-ભેગા કર્યા હોય **સંઘટ્ટિયા**-સ્પર્શ કર્યો હોય **પરિયાવિયા**-કષ્ટ ઉપજાવ્યા હોય **કિલામિયા**-ખેદ પમાડ્યા હોય **ઉદ્દવિયા**-બીવરાવ્યા હોય કે નાસ પમાડ્યા હોય **ઠાણાઓ ઠાણં**-એક ઠેકાણેથી બીજે ઠેકાણે **સંકામિયા**-ખસેડ્યા હોય **જીવિયાઓ**-જીવિતથી **વવરોવિયા**-ચૂકવ્યા હોય **તસ્સ**-તે **મિચ્છા**-મિથ્યા થાઓ **મિ**-મારું **દુક્કડં**-પાપ અથવા દુષ્કૃત

સૂત્રાર્થ

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!–હે પૂજ્ય! ઇચ્છા કરીને મને આજ્ઞા આપો, (કે જેથી હું એમ શિષ્ય ગુરુમહારાજને પૂછે છે)

ઇરિયાવહિયં પડિક્કમામિ?–માર્ગમાં ચાલતાં જે કાંઈ પાપ લાગ્યું હોય તેનાથી હું પાછો હઠું? (તેના જવાબમાં ગુરુમહારાજ કહે કે "પડિક્કમેહ")

ઇચ્છં–આપની આજ્ઞા પ્રમાણ છે

ઇચ્છામિ પડિક્કમિઉં–હું પાપથી નિવર્તવાને ઇચ્છું છું

ઇરિયાવહિયાએ વિરાહણાએ–જવા આવવાના માર્ગમાં વિરાધના થઈ હોય,


ગમણાગમણે–જતાં કે આવતાં

પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે–કોઈ જીવને પગ નીચે કે બીજી કોઈ રીતે ચાંપવાથી, ધાન્ય બીજ ચાંપવાથી તથા લીલી વનસ્પતિ ચાંપવાથી

ઓસા, ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે–ઝાકળ તથા કીડીના દરને, પાંચ વર્ણની સેવાળ કે લીલ, કુગ અને કાચા પાણીને, માટીને, કરોળીયાની જાળને, પગથી ચાંપવાથી કે દબાઈ જતાં

જે મે જીવા વિરાહિયા–જે કોઈ જીવની મેં કોઈ પણ વિરાધના કરી હોય

એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા–એક ઇંદ્રિયવાળા–સ્પર્શેન્દ્રિયવાળા, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વનસ્પતિને બે ઇંદ્રિયવાળા શંખ અને તેઇંદ્રિયવાળા, [illegible]



જળો પોરા, અળસીઆ, કીડા વિગેરે ત્રણ ઇંદ્રિયોવાળા-સ્પર્શ, રસના ને ઘ્રાણેંદ્રિયવાળા, માકડ, કીડી, મંકોડા વિગેરે ચાર ઇંદ્રિયવાળા-સ્પર્શ, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇંદ્રિયોવાળા-વિંછી ભમરા, માખી, ડાંસ, મચ્છર, કુદા વિગેરે પાંચ ઇંદ્રિયોવાળા સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રેંદ્રિયવાળા નારકી, તિર્યંચ મનુષ્ય ને દેવતા

અભિહયા, વત્તિયા લેસિયા-સામે આવતાને હણ્યા હોય, ધૂળ વડે ઢાંક્યા હોય, ભૂમિ સાથે ઘસ્યા હોય કે મસળ્યા હોય

સંઘાઇયા સંઘટ્ટિયા-એક બીજાને ભેગા કર્યા હોય અથવા માંહોમાંહે શરીર શરીર એકઠા કર્યા હોય, થોડા સ્પર્શવડે પીડા કરી હોય

પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા-કષ્ટ કે પરિતાપ ઉપજાવ્યા હોય, થકવીને મુડદાલ જેવા કર્યા હોય અથવા ખેદ પમાડ્યો હોય, ઉપદ્રવ કર્યો કે ત્રાસ પમાડ્યો હોય

ઠાણાઓ ઠાણં સંકામિયા-એક જગ્યાથી બીજી જગ્યાએ મૂક્યા કે ખસેડ્યા હોય

જીવિયાઓ વવરોવિયા-જીવિતથી ચૂકાવ્યા હોય

તસ્સ મિચ્છામિ દુક્કડં-તે દુષ્કૃતથી લાગેલા મારા પાપો મિથ્યા થાઓ

ભાવાર્થ

આત્મશુદ્ધિ કરનારને પોતે કરેલા પાપો દૂર કરવાની સૌથી પ્રથમ આવશ્યકતા હોઇ [illegible] પાપોની આ સૂત્રમાં ક્ષમા-માફી માગવામાં આવી છે તેમજ ક્યા પ્રકારથી અને ક્યા જીવોની વિરાધના થઇ છે તેનું આ સૂત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે તેમજ [illegible] નાથી સેવાએલા આત્મા આ [illegible] સૂત્રથી શુદ્ધ થાય છે

પરિમલ

★ જૈન શાસ[illegible] કે અહિંસા કેટલી ઉંડાણ મહત્ત્વવાળી છે, તે ઇરિયાવહી સૂત્રમાંથી મળી આવે છે [illegible] આત્માને કેટલા પ્રકારોથી દુભાવી શકાય છે [illegible] સૂક્ષ્મ હિંસાથી પણ [illegible] પાપ લાગે છે, તે પણ આ સૂત્રમાંથી આપણને જાણવાનું મળે છે

★ હિંસા માત્ર પંચેન્દ્રિય જીવોની જ હોઇ શકે છે તેવું માનનારાઓને આ સૂત્ર પડકાર કરે છે કે પંચેન્દ્રિય સિવાયની એકેન્દ્રિયથી ચઉરેન્દ્રિય સુધીની દુનિયા ઘણી મોટી દુનિયા છે તે પણ હિંસા કરવા લાયક નથી જીવમાત્રનો વસવાટ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનો છે તે પણ આ સૂત્રથી સિદ્ધ થાય છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧—"ઇરિયાવહી" સૂત્ર શા માટે રચાયું છે? તેનું બીજું નામ શું છે?

ઉત્તર—જતા કે આવતા જમીન ઉપર હાલતાચાલતા આપણા આત્માથી જાણતા કે અજાણતા જે કાંઈ અપરાધો થએલ હોય તેની ક્ષમા માગવા માટે આ સૂત્ર સામાયિક આદિમાં બોલાય છે, તેને પ્રાયશ્ચિત્ત સૂત્ર પણ કહેવાય છે બાલમુનિશ્રી "અઇમુત્તાજી" ને આ સૂત્ર બોલતા બોલતા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાની વિશુદ્ધ ભાવનાથી આલોચના કરતા કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું, તેથી જીવવિરાધનાથી મલિન થએલા આત્માને પવિત્ર કરવાનું આ મહાન સૂત્ર છે

પ્રશ્ન ૨—"તસ્સ મિચ્છામિ દુક્કડં"નો અર્થ સમજાવો

ઉત્તર—મારુ તે પાપ નષ્ટ થાઓ અથવા તે પાપની હુ મા
માગુ છુ, એ તેનો સાદો અર્થ થાય છે

પ્રશ્ન ૩—દરેક ક્રિયાઓમા "ઇરિયાવહી" સૂત્ર શા માટે પ્રથ
બોલાય છે ?

ઉત્તર—રોગીને પુષ્ટિનુ ઔષધ આપવા પહેલા જેમ વૈદ્ય પ્રથ
ક્ષ્ય આપે તેમ આ માની શુદ્ધિ ઇચ્છનારને માટે પૂ
થએલા પાપોની શુદ્ધિ કરવા ઇરિયાવહી સૂત્ર પહે
બોલવાનુ વિધાન છે

★ ★ ★

૬ શ્રી તસ્સ ઉત્તરી સૂત્ર

અન્વયાર્થ

તસ્સ-તેની ઉત્તરી-ફરીથી શુદ્ધિ કરણેણ-કરવા માટ પા
ચ્છિત્ત-પ્રાયશ્ચિત કરણેણ-કરવા માટે વિસોહી-વધારે શુદ્ધિ કરવ
કરણેણ-કરવા માટ વિસલ્લી-આત્માને શલ્યરહિત કરણેણ-કર
માટે પાવાણ-પાપ કમ્માણ-કર્મોનો નિગ્ઘાયણટ્ઠાએ-નિર્મૂળ એ
નાશ કરવા માટે ઠામિ-રહુ છુ કાઉસ્સગ્ગ-કાઉસ્સગ્ગમાં

સૂત્રાર્થ

તસ્સ ઉત્તરીકરણેણ-તે લાગેલા પાપોની શુદ્ધિ કરવા મા
(ઇરિયાવહી કર્યા છતા તેટલા માત્રથી શુદ્ધ ન થએ
આત્માની વિશેષ શુદ્ધિ કરવા માટે)

પાયચ્છિત્તકરણેણ–પ્રાયશ્ચિત્ત કરવા માટે

વિસોહીકરણેણ–આત્માની વિશેષ શુદ્ધિ કરવા માટે

વિસલ્લીકરણેણ–માયાશલ્ય, નિયાણશલ્ય ને મિથ્યાત્વશલ્ય એ ત્રણ શલ્યોથી રહિત થવા માટે

પાવાણ કમ્માણ–પાપ કર્મોનો

નિગ્ઘાયણટ્ઠાએ–નાશ કરવા માટે

ઠામિ કાઉસ્સગ્ગં–કાઉસ્સગ્ગમા રહું છુ

ભાવાર્થ

પાપથી લેપાએલો આત્મા ઇરિયાવહીથી શુદ્ધ તો થાય છે, તે છતા હજી અશુદ્ધિ જે બાકી રહી હોય તેને વિશેષ પ્રકારે શુદ્ધ કરવાનુ આ સૂત્રમા જણાવવામા આવ્યુ છે

પરિમલ

★ આત્માને શુદ્ધ કરવાના ઉપાયો આ સૂત્રમાં જે બતાવ્યા છે તે ઘણા જ મહત્વનાં છે જેમ કે પ્રાયશ્ચિત લેવુ જોઇએ. આત્મા અશુદ્ધ છે તેને શુદ્ધ કરવાની જરૂર છે શલ્યો જ્યાં સુધી હોય ત્યાં સુધી ક્રિયા પ્રાય નિષ્ફળ થાય તે માટે સૌથી પહેલા ત્રણ શલ્યોને ઓળખવા જોઇએ અને તેને દૂર કરવાના પ્રયત્નો થવા જોઇએ

★ કાઉસ્સગ્ગથી શુદ્ધિ થઇ શકે છે એટલે તે કેમ કરવો તેની વિધિ

મરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–તસ્સ ઉત્તરીનો પાઠ શા માટે બોલાય છે ? શલ્ય કયા કયા છે ?

ઉત્તર—ઇરિયાવહી કરતા પણ પાપની વધુ શુદ્ધિ કરવા તથા આત્માની પવિત્રતા વિશેષ પ્રકારે કરવા માટે આ સૂત્ર બોલાય છે માયા, નિયાણુ ને મિથ્યાત્વ એ ત્રણ શલ્યો છે

પ્રશ્ન ૨–શલ્ય એટલે શુ ?

ઉત્તર—શલ્ય એટલે પગમા કાંટો વાગે ને ખૂચે તથા પેટમા ચૂક આવે ને દુખે તેવુ શલ્ય કહેવાય છે આ ત્રણ કે તેમાથી એક પણ શલ્ય હોય ત્યા સુધી શુદ્ધિ શકય નથી, માટે આત્માને શલ્ય રહિત કરવાનું અહીં સૂચન કરવામા આવ્યું છે

પ્રશ્ન ૩–માયા, નિયાણુ ને મિથ્યાત્વ એ ત્રણેય શલ્યોના અર્થ સમજાવો

ઉત્તર—(૧) નિખાલસતાના અભાવ ને કપટ કે છળપ્રપંચ કરવા તે માયાશલ્ય (૨) કરેલી ક્રિયાના બદલામા મોક્ષ ન માગતા અમુક ઈષ્ટ સાંસારિક માગણી કરવી તે નિયાણ શલ્ય જેને નિયાણું કહેવામા આવે છે (૩) કુદેવ કુગુરુ અને કુધર્મમા શ્રદ્ધા રાખવી તે મિથ્યાત્વશલ્ય કેવળજ્ઞાની ન હોય તે કુદેવ, પચ મહાવ્રતધારી ન હોય તે કુગુરુ, તથા વિષય કષાયને પોષનારો ને જીવદયા વિનાનો તે કુધર્મ, એ ત્રણેય શબ્દોની ટૂંકી વ્યાખ્યાઓ સમજાય

★ ★ ★

૭ શ્રી અન્નત્થ સૂત્ર

અન્વયાર્થ

અન્નત્થ-(આટલા આગાર સિવાય) બીજે ઠેકાણે ઊસસિએણં-ઊંચો શ્વાસ લેવાથી નીસસિએણં-નીચો શ્વાસ મૂકવાથી ખાસિએણં-ઉધરસ કે ખાંસી આવવાથી છીએણં-છીંક આવવાથી જંભાઈએણં-બગાસું આવવાથી (શરીર હાલી જાય) ઉડ્ડુએણં-ઓડકાર આવવાથી વાયનિસગ્ગેણં-વા છૂટ થવાથી ભમલીએ-ચક્કર આવવાથી પિત્તમુચ્છાએ-પિત્તના ઉછાળાના કારણે મૂર્છા આવવાથી સુહુમેહિં-સૂક્ષ્મ રીતે અંગસંચાલેહિં-શરીર હાલવાથી ખેલસંચાલેહિં-થૂંક કે કફ ગળવાથી દિટ્ઠિસંચાલેહિં-દૃષ્ટિ હાલવાથી એવમાઇએહિં-એ ઉપર જણાવેલા વિગેરે આગારેહિં-(વિવત કરેલી છૂટછાટોથી) આગારોથી અભગ્ગો-અભગ્ન (અખંડિત અખલિત સંપૂર્ણ) અવિરાહિઓ-વિરાધ્યા વિનાનો-આરાધેલો હુજ્જ-હોજો મે-મારો કાઉસ્સગ્ગો-કાઉસ્સગ્ગ (ધ્યાનની સાથે કાયાનો ઉત્સર્ગ એટલે ત્યાગ) જાવ-જ્યાં સુધી અરિહંતાણં-અરિહંત ભગવંતાણં-ભગવંતોને નમુક્કારેણં-નમસ્કાર કરી ન પારેમિ-ન પારું તાવ-ત્યાં સુધી કાયં-કાયાને ઠાણેણં-એક જગ્યાએ મોણેણં-મૌન ધારણ કરવાપૂર્વક ઝાણેણં-ધ્યાનવડે અપ્પાણં-આત્માને વોસિરામિ-વોસિરાવું છું (અમુક પ્રવૃત્તિઓથી એમને ત્યાગ કરું છું)

સૂત્રાર્થ

અન્નત્થ ઊસસિએણં નીસસિએણં-આ (આગારો) સિવાય બીજે ઠેકાણે (બીજી કોઈ પણ પ્રવૃત્તિથી કાયોત્સર્ગનો ભંગ થાય છે) (૧) ઊંચો શ્વાસ લેવાથી (૨) નીચો શ્વાસ મૂકવાથી, શરીર હાલે તો પણ

ખાસિએણ છીએણ જંભાઇએણ-(૩) ઉધરસ આવવાથી, (૪) છીંક આવવાથી, (૫) બગાસું આવવાથી

ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં-(૬) ઓડકાર કે હેડકી આવવાથી (૭) વા છૂટ થવાથી

ભમલીએ પિત્તમુચ્છાએ-(૮) ચક્કરી આવવાથી (૯) પિત્તના ઉછાળાના કારણે મૂર્ચ્છા આવવાથી કે ઉલટી (બકારી) થવાથી

સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં (૧૦) સૂક્ષ્મ રીતે શરીર-જેમ કે આંખનાં પાંપણ હાલવાથી (૧૧) સૂક્ષ્મ રીતે થૂક કે કફ ગળવાથી (૧૨) સૂક્ષ્મ રીતે નજર ફરવાથી

એવમાઇએહિં આગારેહિં-એ ઉપર જણાવેલા ૧૨ આગાર વિગેરે છોડીને હું કાઉસ્સગ્ગ કરું છું (વિગેરે શબ્દથી સર્પ, અગ્નિ જેવા ઉપદ્રવો જાણવા)

અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો-અખંડિત અને વિરાધના રહિત એટલે શુદ્ધ પરિપૂર્ણ ને આરાધનાવાળો મારો કાઉસ્સગ્ગ હોજો

જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ-જ્યાં સુધી અરિહંત ભગવંતોને નમસ્કાર કરીને ન પારું, એટલે કાઉસ્સગ્ગ પૂરો થતાં "નમો અરિહંતાણં" બોલીને ન પારું

તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ-ત્યાં સુધી કાયાને એક જ સ્થાને સ્થિર રાખવા વડે, મૌનપણે (મુખેથી એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના) અને શુભ ધ્યાનના વ્યાપાર વડે (કોરા શૂન્ય બેસી રહીને નહીં) મારા બાહ્ય આત્માને (એટલે કે પોતાની કાયાની ચંચલ વૃત્તિને) વોસિરાવું છું, એટલે કે દરેક જાતની બહારની પ્રવૃત્તિથી મારા આત્માને

રોકુ છુ અથવા મન, વચન ને કાયાની ચંચલતા છોડી સ્થિર થાઉં છુ

ભાવાર્થ

આ સૂત્રમા કાઉસ્સગ્ગના સમયમા થતી કુદરતી હાજતો (શારીરિક અને પ્રવૃત્તિઓ)ની છૂટોનુ વર્ણન કરવામા આવ્યુ છે આવી છૂટછાટને આગાર કહેવાય છે સર્પ, અગ્નિ વિગેરે ઉપદ્રવોના બીજા ચાર આગારો સાથે કુલ્લે ૧૬ આગારો છે

પરિમલ

★ એમત ચિત્તે આત્મા સાથે વાતો કરવાનો સમય તે કાઉસ્સગ્ગ, એમ તેનો સીધો સાદો ને ટૂંકો અર્થ કરીએ તો ખોટો નથી

★ મન વચન ને કાયા એ ત્રણે યોગો મનુષ્યોના હંમેશાં ચાલુ જ હોય છે ઉંઘમા પણ તે ત્રણેય કામ કરે છે તેને કેમ રોકવા તે શિખવા માટે કાઉસ્સગ્ગ નુ વિધાન છે

★ કાયા ઉપરનો કેટલો મમત્વભાવ છૂટ્યો છે તેનુ માપ કાઢવા કાઉસ્સગ્ગ છે માલિકની રજા વિના તેના ઘરમાં જવાતુ નથી, તેમ અરિહંત ભગવંતને નમસ્કાર કર્યા વગર કાઉસ્સગ્ગ પારી શકાય નહિ

★ ભગવાન શ્રી મહાવીરદેવ જેવા તીર્થંકર ભગવંતો પણ ઘણાં લાંબા વખત સુધી કાઉસ્સગ્ગ કરતા હતા તેમના અનુકરણરૂપે પણ આપણે વારંવાર કાઉસ્સગ્ગ કેમ ન કરવા? કાઉસ્સગ્ગ એક જાતનુ શારીરિક તપ છે

★ શરીરની અંગે અને મોહ ઘટાડવા કાયાને સ્થિર કરી અને વચ
મનને કાબૂમાં લાવવા એમાં સ્થિરતા કરી આત્માની દબાએલ
શક્તિઓને જાગૃત કરવા કાઉસગ્ગ એ અનુત્તમ સાધન છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧—અન્નત્થસૂત્ર શા માટે બોલાય છે ?

ઉત્તર—કાઉસ્સગ્ગ કરતા છીંક, બગાસુ, ઉધરસ કે ઓડકાર વિગે
અશક્ય પરિહારરૂપ દોષો શરીરથી થઈ જવાનો સંભવ છે
તે, રોકી શકાય તેવા નથી તે માટેની છૂટછાટોના આગાર
તેમાં આપવામાં આવેલા છે તેથી આ સૂત્ર ઘણી ક્રિયાઓ
કરતી વખતે બોલાય છે આ આગાર સૂત્ર જો ન બોલાય
કે બોલવાનું વિધાન ન જ હોય, તો શારીરિક પૂર્ણ તાકા
વિનાના આજના મનુષ્યોનો મોટો કાઉસ્સગ્ગ તો કદ
સર્વશુદ્ધ ગણાય કે થાય જ નહીં

પ્રશ્ન ૨—કાઉસ્સગ્ગ એટલે શું ? એક નવકારમંત્રના કાઉસ્સગ્ગમાં
શો લાભ થાય ?

ઉત્તર—કાઉસ્સગ્ગ એટલે અમુક સમય માટે આત્મધ્યાનમાં રહ
કાયાને વોસિરાવવી તે ૬૮ અક્ષરના આ નવકા
મહામંત્રની ૮ સંપદાઓ છે અને ૯ પદો છે પદ
શ્વાસોશ્વાસાત્મક હોય છે આવો એક નવકારનો કાઉ
સ્સગ્ગ જે શુદ્ધ રીતિએ કરે તે ભાગ્યશાળી પુણ્યા
૧૯,૬૩,૨૬૭ પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય બાંધે છે
આ પ્રમાણે નવકારના કાઉસ્સગ્ગનું ભાવફળ પ્રગટ કહેલુ

છે એ જ પ્રમાણે વધારે મોટા કાઉસ્સગ્ગોનું ફળ પણ ગણી શકાય ।

પ્રશ્ન ૩-કાઉસ્સગ્ગમાં દૃષ્ટિ કેવી રીતે રાખવી ?

ઉત્તર—કાઉસ્સગ્ગમાં દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ પર રાખવાની હોય છે અગર, સ્થાપનાજી કે પ્રભુપ્રતિમાજી સન્મુખ દૃષ્ટિ રાખવી આજુબાજુ દૃષ્ટિ રાખવાથી કાઉસ્સગ્ગ શુદ્ધ થઈ શકતો નથી, ને ચિત્ત પણ સ્થિર રહી શકતું નથી નવકારના કાઉસ્સગ્ગમાં નવપદજીનું અને લોગસ્સના કાઉસ્સગ્ગમાં ૨૪ તીર્થંકર ભગવંતોનું સ્મરણ કરવું સારું છે

પ્રશ્ન ૪-અન્નત્થ સૂત્રમાં ગણાવેલા ૧૨ આગારો ઉપરાંતના બીજા વધારાના ચાર આગારો કયાં લેવાના હોય છે ?

ઉત્તર—(૧) દીવાનું અજવાળું કે પ્રકાશ પડતાં ઓઢવા વસ્ત્ર લેવું, અથવા અગ્નિ લાગતાં (૨) ઉંદર, બિલાડી આદી આવતાં (૩) ચોર કે રાજાના ભયથી (૪) સર્પના ભયથી અથવા ભીંત પડતી હોય તો આઘાપાછા થવું એ પ્રમાણે બધા મળી ૧૨+૪=૧૬ આગારો શાસ્ત્રમાં જણાવ્યા છે

પ્રશ્ન ૫-કાઉસ્સગ્ગમાં વર્જવાના (ત્યાગ કરવાના) દોષો ગણાવો

ઉત્તર—(૧) કાઉસ્સગ્ગમાં પગ ઊંચો રાખે કે વાંકો રાખે (૨) શરીર હલાવ્યા કરે (૩) થાંભલા વિગેરેનો ટેકો લેવો (૪) ભીંત આદિ પર માથું લગાડી ટેકો લેવો. (૫) પગના અંગુઠા ને પાની ભેગી રાખે (૬) બહુ છૂટા પગ રાખે (૭) ગોપવેલ અંગ પર હાથ ફેરવ્યા કરે. (૮) બે હાથ સ્નેહરણ કે ચરવળો પર રાખે (૯) અતિ શરમીંદાની જેમ માથું નીચું રાખે (૧૦) વિધિ ઉપરાંત લાગા

વધારે વસ્ત્ર રાખે (૧૧) મચ્છર વિગેરેના ભયથી કે લજ્જાથી વસ્ત્રો ઓઢે (૧૨) ઠંડીના કારણે આખુ અંગ ઢાંકે (૧૩) સંખ્યા ગણવા આંગળી કે પાંપણ હલાવ્યા કરે અથવા નવકારવાળી ગણે (૧૪) માંકડાની જેમ આંખના ડોળા ફેરવ્યા કરે (૧૫) કપડા ગોપવી રાખે (૧૬) માથુ હલાવ્યા કરે (૧૭) હું હું જેવા ઉચ્ચારો કરે (૧૮) ખડખડાટ કર્યા કરે (૧૯) વાંદરાની જેમ અવ્યવસ્થિત બની આમતેમ જોયા કરે, કે હોઠ ફફડાવ્યા કરે

★ ★ ★

(૮) શ્રી લોગસ્સ (નામસ્તવ) સૂત્ર

અન્વયાર્થ

લોગસ્સ-લોકને વિષે ઉજ્જોઅગરે-ઉદ્યોત કરનારા ધમ્મ-ધર્મરૂપ તિત્થયરે-(તારે તે તીર્થ) તીર્થના સ્થાપનારા જિણે-અંતરના રાગદ્વેષરૂપી શત્રુઓને જીતનારા અરિહંતે-૪ ઘાતી કર્મોને હણનારા અરિહંતોની કિત્તઇસ્સં-સ્તુતિ (કીર્તના) કરીશ ચઉવીસંપિ-ચોવીસ (જે આ અવસર્પિણીમાં ૨૪ તીર્થપતિઓ આ ભરતક્ષેત્રમાં થઈ ગયા તે) કેવલી-કેવળજ્ઞાની ઉસભ-(૧) ઋષભદેવને, અજિઅં-(૨) અજિતનાથને ચ-અને (બધે આ અર્થ જાણવો) વંદે-વાંદુ છું (બધે આ શબ્દનો આ અર્થ સમજવો) સંભવ-(૩) સંભવનાથને અભિનંદણં-(૪) અભિનંદનસ્વામીને સુમઇં-(૫) સુમતિનાથને પઉમપ્પહં-(૬) પદ્મપ્રભજિનને સુપાસં-(૭) સુપાર્શ્વનાથને જિણં-રાગદ્વેષને જિતનારા કેવળીને (બધે આ અર્થ સમજવો) ચંદપ્પહં-(૮) ચંદ્રપ્રભસ્વામીને સુવિહિં-(૯) સુવિધિનાથને પુપ્ફદંતં-જે પુષ્પ

ભગવાન તરીકે પણ ઓળખાતા હતા સીઅલ-(૧૦) શીતળનાથને સિજ્જંસ-(૧૧) શ્રેયાંસનાથને વાસુપુજ્જ-(૧૨) વાસુપૂજ્યસ્વામીને વિમલ-(૧૩) વિમલનાથને અણંત-(૧૪) અનંતનાથને ધમ્મ-(૧૫) ધર્મનાથને સંતિ-(૧૬) શાંતિનાથને વંદામિ-હું વંદન કરું છું કુંથુ-(૧૭) કુંથુનાથને. અર-(૧૮) અરનાથને મલ્લિ-(૧૯) મલ્લિનાથને મુણિસુવ્વય-(૨૦) મુનિસુવ્રતસ્વામીને નમિ-(૨૧) નમિનાથને રિટ્ઠનેમિં-(૨૨) (અરિષ્ટનેમિ) નેમિનાથજીને પાસ-(૨૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુને તહ-તથા વદ્ધમાણં-(૨૪) (મહાવીર) વર્ધમાનસ્વામીજીને (વાંદુ છું) એવં-એવી રીતે મએ-મેં અભિથુઆ-સ્તવ્યા (સ્તુતિ કરી) વિહુય-દૂર કર્યા છે રયમલા-(કર્મ) રજ અને (કર્મ) મેલ જેમણે એવા પહીણ-ક્ષય કર્યાં છે જર-જરા (ઘડપણ) અને મરણા-મરણ (જેમણે એવા) ચઉવીસંપિ-ચોવીસેય જિણવરા-સામાન્ય કેવળીઓમાં ઉત્તમ તિત્થયરા-તીર્થંકરો મે-મારા ઉપર પસીયંતુ-પ્રસન્ન થાઓ કિત્તિય-સ્તુતિ કરાયેલા વંદિય-વંદન કરાયેલા મહિયા-પૂજાયેલા જે એ-જે આ લોગસ્સ-લોકમાં ઉત્તમા-ઉત્તમ સિદ્ધા-સિદ્ધ થયા છે આરુગ્ગ-આરોગ્ય માટેના બોહિલાભં-(બોધિ એટલે સમકિત) સમ્યગ્દર્શનનો લાભ સમાહિ-સમાધિ વરં-શ્રેષ્ઠ ઉત્તમં-ઉત્તમ દિંતુ-આપો ચંદેસુ-ચંદ્રોથી નિમ્મલયરા-વધુ નિર્મળ આઇચ્ચેસુ-સૂર્યો કરતા પણ અહિય-વધારે પયાસયરા-પ્રકાશ કરનારા સાગરવર-મોટામાં મોટા જે સ્વયંભૂરમણ સમુદ્ર તેના જેવા ગંભીરા-ગંભીર. સિદ્ધા-સિદ્ધ ભગવાનો સિદ્ધિં-મોક્ષ મમ-મને દીસંતુ-આપો

સૂત્રાર્થ

લોગસ્સ ઉજ્જોઅગરે-લોકને વિષે ઉદ્યોત કરનારા.

ધમ્મતિત્થયરે જિણે-ધર્મરૂપ તીર્થ (સાધુ, સાધ્વી, શ્રાવક અને

શ્રાવિકારૂપી ચતુર્વિધ શ્રી સંઘ)ના સ્થાપનારા તથા રાગ ને દ્વેષ એ બે મહાશત્રુના જીતનાર

અરિહંતે કિત્તઇસ્સ-અરિહંત ભગવંતોની સ્તુતિ, કીર્તન કરીશ

ચઉવીસંપિ કેવલી-જે ચોવીશે કેવળજ્ઞાની છતા તેઓની (૧)

ઉસભમજિઅં ચ વંદે-શ્રી ઋષભદેવ અને શ્રી અજિતનાથ પ્રભુઓને વાંદુ છું

સંભવમભિણંદણં ચ સુમઇં ચ-શ્રી સંભવનાથ, શ્રી અભિનંદન સ્વામીજી અને શ્રી સુમતિનાથ ભગવાનને

પઉમપ્પહં સુપાસં-શ્રી પદ્મપ્રભજિનને અને શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને

જિણં ચ ચંદપ્પહં વંદે-અને રાગદ્વેષને જિતનાર એવા શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરને હું નમસ્કાર કરું છું (૨)

સુવિહિં ચ પુપ્ફદંતં-શ્રી સુવિધિનાથ અથવા જેમનું બીજું નામ શ્રી પુષ્પદંત પ્રભુ છે તેમને

સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ-શ્રી શીતળનાથ, શ્રી શ્રેયાંસ નાથ અને શ્રી વાસુપૂજ્યસ્વામીને

વિમલમણંતં ચ જિણં-શ્રી વિમળનાથ, શ્રી અનંતનાથ ભગવાનને તથા રાગદ્વેષ વિગેરે અંતર શત્રુઓને જિતનાર એવા

ધમ્મં સંતિં ચ વંદામિ-શ્રી ધર્મનાથજીને તથા શ્રી શાંતિનાથ ભગવંતને વંદન કરું છું (૩)

કુંથું અરં ચ મલ્લિં-શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ અને શ્રી મલ્લિનાથ જિનેશ્વરને

વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ-શ્રી મુનિસુવ્રતસ્વામીજીને તથા રાગ-દ્વેષને હણનાર શ્રી નમિનાથજી પ્રભુને હું વાંદુ છું

વંદામિ રિટ્ઠનેમિં–શ્રી નેમિનાથ પ્રભુ(શ્રી અરિષ્ટનેમિ)ને નમસ્કાર કરું છું

પાસં તહ વદ્ધમાણં ચ–ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીને તથા શ્રી મહાવીરસ્વામી(વર્ધમાનસ્વામી)ને નમન કરું છું (૪)

એવં મએ અભિથુઆ–એવી રીતે (તે ભગવંતોને) મેં સ્તવ્યા

વિહુયરયમલા પહીણજરમરણા–જેમણે કર્મરૂપી રજ અને મલ ટાળ્યા છે એવા તથા વૃદ્ધાવસ્થાના અને મરણના દુઃખો જેમના નાશ પામ્યા છે એવા

ચઉવીસંપિ જિણવરા–ચોવીશે જિનેશ્વર ભગવંતો

તિત્થયરા મે પસીયંતુ–તે તીર્થંકર ભગવાનો મારા ઉપર પ્રસન્ન થાઓ (૫)

કિત્તિય વંદિય મહિયા–જેઓ (દેવો ને દેવેન્દ્રોથી પણ) વચનથી સ્તુતિ કરાએલા છે, કાયથી વંદન કરાએલા છે અને જેઓ દેવ અને માનવસમાજથી પૂજાએલા છે

જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા–જેઓ આ લોકમાં ઉત્તમ સાબિત થયા છે

આરુગ્ગ બોહિલાભં–તેઓ આરોગ્યપૂર્વક (શુદ્ધ દેવ, ગુરુ ધર્મની શ્રદ્ધારૂપ) સમકિતની પ્રાપ્તિ

સમાહિવરમુત્તમં દિંતુ–તેમ જ ઉત્તમ અને શ્રેષ્ઠ એવી સમતારૂપી સમાધિને આપો (૬)

ચંદેસુ નિમ્મલયરા–ચંદ્રોથી પણ ઘણા જ નિર્મળતાવાળા

આઇચ્ચેસુ અહિયં પયાસયરા–સૂર્યો કરતા પણ વધારે (જ્ઞાન) પ્રકાશ આપનારા

સાગરવરગંભીરા–સ્વયંભૂરમણ મહાસમુદ્રના જેવા ગંભીર

સિદ્ધા સિદ્ધિ મમ [સંતુ-એવા] સિદ્ધ ભગવતો ! મને મોક્ષ આપો (૭)

ભાવાર્થ

આ સૂત્રનું બીજું નામ 'નામસ્તવ' છે તેમા ભારતભૂમિમા થએલા ૨૪ તીર્થંકર ભગવંતોની નામપૂર્વક સ્તુતિ કરવામા આવી છે આ ચોવીશમા ૧૬મા, ૧૭મા ને ૧૮મા એ ત્રણે પ્રભુઓ ચક્રવર્તિની અને તીર્થંકર પદની એ બે ઋદ્ધિઓ પામ્યા હતા આ લોગસ્સનો કાઉસ્સગ્ગ ૨૫ શ્વાસોશ્વાસનો છે તેથી ચંદેસુ નિમ્મલયરા સુધી સામાન્ય રીતે કરાય છે

પરિમલ

★ કાયોત્સર્ગમા પાચ પરમેષ્ઠિ કે ૨૪ તીર્થંકરોનુ સ્મરણ કરવાનુ હોય છે કારણ કે તેમનુ નામપૂર્વક સ્મરણ પવિત્ર બનાવે છે તેથી કાઉસ્સગ્ગમા નવકાર કે લોગસ્સ ગણવામાં આવે છે

★ તીર્થંકર ભગવાન પાસે જઇને શુ શુ મગાય તે થોડુ થોડુ લોગસ્સમા પણ શિખવાડવામા આવ્યુ છે કે મારા પર પ્રસન્ન થાઓ મને વર્મ કરવા આરોગ્ય આપો સમકિત અને સમાધિ આપો કારણ મને મોક્ષ પણ આપો

★ મોક્ષ ન મળે ત્યાં સુધી આપણને સમાધિની પણ જરૂર છે ધર્મની આરાધના માટે આરોગ્યના પણ જરૂર છે તેમ આ ૨૪ ઉત્તમ પુરુષોની સ્તુતિ પણ જરૂર છે એમ આ સૂત્રમાંથી આપણને જાણવા મળે છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–લોગસ્સ સૂત્રનું બીજું નામ શું? તેમાં શું આવે છે?

ઉત્તર—લોગસ્સનું બીજું નામ 'નામસ્તવ' છે તેમાં ૨૪ તીર્થંકર ભગવંતોને વંદના કરવામાં આવી છે ચોવીશ પ્રભુજીના નામો તેમાં હોવાથી તેને 'નામસ્તવ' કહે છે

પ્રશ્ન ૨–એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કેટલા શ્વાસોશ્વાસ પ્રમાણ ગણવો?

ઉત્તર—કાઉસ્સગ્ગનું પ્રમાણ જ્યારે ૨૫ શ્વાસોશ્વાસનું હોય છે ત્યારે ચંદેસુ નિમ્મલયરા સુધી પચીશ પદો ગણાય છે ૧ પદ બરોબર ૧ શ્વાસોશ્વાસ

પ્રશ્ન ૩–પુપ્ફદંત, અરિટ્ઠનેમિ અને વર્ધમાન એ કયા પ્રભુજીના નામો છે?

ઉત્તર—પુપ્ફદંત શ્રી સુવિધિનાથજીનું, અરિટ્ઠનેમિ શ્રી નેમિનાથ પ્રભુનું અને વર્ધમાન શ્રી મહાવીરનું બીજું નામ છે

* * *

૯ શ્રી કરેમિ ભંતે (સામાયિક) સૂત્ર

અન્વયાર્થ

કરેમિ–હું કરું છું ભંતે–હે ભગવાન! સામાઇયં–સામાયિક સાવજ્જં–(સાવદ્ય) પાપવાળા જોગં–વ્યાપારો જોગ પચ્ચક્ખામિ ત્યાગ કરું છું જાવ–જ્યાંસુધી નિયમં–નિયમો પજ્જુવાસામિ–હું સેવું (પર્યુપાસના કરું) છું દુવિહં–બે પ્રકારે તિવિહેણં–ત્રણ પ્રકારે

મણેણ-મનથી વાયાએ-વચનથી (અને) કાયેણ-કાયાવડે ન કરેમિ કરૂ નહીં ન કારવેમિ-બીજા પાસે કરાવુ નહીં તસ્સ-તે (પૂર્વના યોગોના પાપોથી) ભંતે-હે ભગવન્! પડિક્કમામિ-હુ પાછો ફરુ (નિવર્તુ) છુ નિંદામિ-(તે પાપયોગોને) હુ આત્મસાક્ષીએ નિંદુ છુ ગરિહામિ-ગુરુમહારાજની સાક્ષીએ વિશેષ નિંદુ છુ અને અપ્પાણ-પાપથી લેપાયેલા મારા આત્માને વોસિરામિ-હુ વોસિરાવુ છુ

સૂત્રાર્થ

કરેમિ ભંતે! સામાઇયં-હે ભગવાન! હુ સામાયિક કરુ છુ

સાવજ્જં જોગં પચ્ચક્ખામિ-સાવદ્ય પાપવાળા વ્યાપારોના પચ્ચક્ખાણ કરુ છુ

જાવ નિયમં પજ્જુવાસામિ-જ્યા સુધી હુ આ નિયમને સેવુ છુ ત્યા સુધી

દુવિહં તિવિહેણં-(કરણ, કરાવણરૂપી) બે પ્રકારના યોગોવડે (મન, વચન ને કાયારૂપી) ત્રણ પ્રકારના યોગોવડે

મણેણ, વાયાએ, કાએણ-મનથી, વચનથી અને કાયાથી

ન કરેમિ, ન કારવેમિ-(સાવદ્ય યોગોને) ન કરુ અને બીજા પાસે ન કરાવુ (મન વડે કરુ કે કરાવુ નહિ, વચનથી કરુ નહિ કે કરાવુ નહિ અને કાયાથી કરુ નહિ ને કરાવુ પણ નહિ)

તસ્સ ભંતે! પડિક્કમામિ-હે ભગવંત! તે પાપોથી હુ પાછો હઠુ છુ

નિંદામિ ગરિહામિ-આત્મસાક્ષીએ નિંદુ છુ, ગુરુમહારાજની સાક્ષીએ વિશેષ પ્રકારે નિંદુ છુ,

અપ્પાણં વોસિરામિ-અને મારા આત્માને પાપથી વોસિરાવુ છુ (એટલે ત્યાગ કરુ છુ સાવદ્ય યોગોની વાસનાઓનો ત્યાગ કરી સમતારૂપી આસ્વાદનો અનુભવ કરુ છુ)

ભાવાર્થ

આ સૂત્રનુ બીજુ નામ સામાયિક લેવાનુ સૂત્ર છે આ સૂત્ર [illegible] ગાગીનુ સારભૂત સૂત્ર ગણાય છે કારણ કે સર્વ મંત્રોનો સાર "સમતા" છે આ સૂત્ર સામાયિક લેતી વખતે બોલાય છે આ સૂત્રમા ભિન્નભિન્ન રીતે છએ આવશ્યક સમાયેલા છે જૈન ધર્મના ક્રિયા આચારોને પ્રતિપાદન કરનારુ મૂળભૂત સૂત્ર છે

પરિમલ

★ દેવતાઓ સામાયિક કરી શકતા નથી માટે મનુષ્યના ભાગ્યમા સામાયિક હોય તો તેથી મનુષ્યને (જો સામાયિક કરે તો) ભાગ્યશાળી માનવો પડે છે

★ અહિંસા પરમો ધર્મ —જે આપણે કહીએ છીએ તે સંપૂર્ણ રીત સામાયિકમા જ પાળી શકાય છે હિંસા ન કરવી તે અહિંસા કહેવાય. તેવી તેની વ્યાખ્યા કરીએ ને તેથી પણ આગળ વધીને વર્ણવીએ, તો કહેવાય કે "પ્રાણીમાત્રની **હિંસા નહીં કરવાની પ્રતિજ્ઞા લેવી** તે સાચી અને શુદ્ધ ઊંડી **અહિંસા છે**" તેવી પ્રતિજ્ઞા લેવાનુ કરેમિ ભંતે સૂત્ર શિખવાડે છે

★ કરેમિ ભંતે એ અહિંસાનુ મૂળભૂત સૂત્ર છે

★ મન વચન અને કાયા એ ત્રણેને વશ કરવા "કરેમિ ભંતે સૂત્ર એક **વશીકરણ સૂત્ર** છે

★ વિચારશૂન્ય બની એક ઠેકાણે બેસી રહેવુ તેને સામાયિક કહી શકાય નહિ સામાયિકમા ક્રોધ દ્વેષ, ગર્વાદિને દબાવે સમગ્ર જીવાત્માઓ સાથે સમભાવ રાખે "કરેમિ ભંતે"ની પ્રતિજ્ઞા લ્યે અને આધિવ્યાધિને ભૂલી જાય તો તે સામાયિક ઉત્તમ ફળને આપનાર બને છે

★ મન, વચન અને કાયાને સ્થિર બનાવવા તથા સમત્વયોગની ધારણા કરવા જે પ્રયાસ થાય તેનું નામ સામાયિક છે જો તે ૩૨ દોષોથી મુક્ત હોય તો જ તેને સાચું સામાયિક લખી શકાય. ગૃહસ્થ સાધકો માટે તો તે એક ઉત્તમ સાધના છે મનની ચંચળ વૃત્તિ સામાયિકના અભ્યાસથી ધીમે ધીમે વશ થતી જાય છે તે તેથી સાધકો માર્ગ સરળ બનતો જાય છે

★ જેટલી વખત સામાયિક કરે તેટલી વખત સંસારનો ત્યાગ કર્યો કહેવાય એટલે થોડે અંશે તેને ત્યાગવૃત્તિ પર રાગ થયો તે એમ કહી શકાય જેમ ગામ છોડે તો ૫ ગામ જવાય તેમ રાગ ના છોડવાથી સામાયિકમાં વીતરાગી પચ્ચખાણનો સમય મળી રહે છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–ત્રણ જોગ ને બે કરણ શા માટે?

ઉત્તર—મન, વચન ને કાયાના ત્રણ યોગોથી ન કરવું ને ન કરાવવું તે પૂજ્ય મુનિરાજોને સામાયિકના પચ્ચક્ખાણમાં ત્રણ જોગ ને ત્રણ કરણ હોય છે, પણ શ્રાવકવર્ગનું ધીરેલી રકમનું વ્યાજ પૌષધ કે ઉપધાનમાં ભેગું કરાતું તેથી એવા કારણોથી સાવદ્યની અનુમતિ છૂટી શકતી નથી

પ્રશ્ન ૨–સામાયિક ઉત્તમ શા માટે લેખાય છે?

ઉત્તર—પૈસા ખરચ્યા વિના ધર્મ કરવો હોય, તો તેવાઓ માટે સામાયિક બહુ ઉત્તમ છે પુણિયા શ્રાવકનું સામાયિક ભગવાન શ્રી મહાવીરદેવે વખાણ્યું, કારણ કે તેવું નિર્મળતાભર્યું સામાયિક શ્રેણિક મહારાજા પણ કરી શક્યા નહીં

પ્રશ્ન ૩-કરેમિ ભંતે સૂત્રમાં મહત્ત્વની કઈ કઈ વસ્તુઓ જાણવા લાયક છે ?

ઉત્તર—તેમાં નીચેની વિગતો ખાસ ધ્યાન ખેંચનારી છે (૧) સાવદ્ય યોગના પચ્ચક્ખાણ કરવાનું તેમાં આવે છે (૨) બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી એક જ ઠેકાણે સમતાપૂર્વક બેસવાનું કહે છે (૩) પોતાની સાથે બીજા દ્વારા પણ પાપ કરાવવાનું બંધ કરાવે છે (૪) પૂર્વકૃત અતીત કાળના પાપકર્મોને નિંદીને પશ્ચાત્તાપ કરવાનું પણ શિખવાડે છે (૫) વિનયપૂર્વક સામાયિકમાં ધર્મધ્યાન ને શુક્લધ્યાનમાં રહી સમતા રાખવાનો પણ તેમાંથી ઉપદેશ મળે છે

★ ★ ★

(૧૦) સામાઈયવયજુત્તો સૂત્ર

અન્વયાર્થ

સામાઇય-સામાયિક વય-વ્રત જુત્તો-યુક્ત, સહિત જાવ-યાવત, જ્યાં સુધી મણે-મન હોઈ-હોય નિયમ-નિયમવડે સંજુત્તો-સહિત જોડાએલ પ્રતિજ્ઞાબદ્ધ છિન્નઈ-છેદે છે અસુહ-અશુભ કમ્મ-કર્મને સામાઈય-સામાયિક જત્તિઆ-જેટલી વારા-વાર સામાઇઅમ્મિ-સામાયિકને વિષે ઉ-તુ વળી કએ-કરતી વખતે. સમણો-શ્રમણ સાધુ ઈવ-જેવો સાવઓ-શ્રાવક હવઇ-હોય છે થાય છે જમ્હા-જે કારણથી એએણ-એ કારણેણ-કારણથી બહુસો-ઘણીવાર સામાઇય-સામાયિક કુજ્જા-કરવું જોઇએ

સુત્રાર્થ

સામાઇયવયજુત્તો-સામાયિક વ્રતને ધારણ કરનાર શ્રાવક

જાવ મણે હોઇ નિયમસંજુત્તો-જ્યાં સુધી મન નિયમ
સહિત હોય એટલે કે કરેમિ ભંતે સૂત્રની પ્રતિજ્ઞામાં પ્રતિ
બદ્ધ હોય ત્યાં સુધી

છિન્નઇ અસુહં કમ્મં-પોતાના પૂર્વે કરેલા અશુભ કર્મોને છેદે છે
(એટલે કે સામાયિક કર્મનાશ માટેનો વ્યાપાર છે)

સામાઇય જત્તિઆ વારા-જેટલીવાર સામાયિક કરે તેટલીવાર (

સામાઇયંમિ ઉ કએ-વળી સામાયિક કરતી વખત (એટલે જ્યા
શ્રાવક સામાયિકમાં હોય ત્યાર)

સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા-શ્રાવક સાધુ જેવો જ બને છે
(અને જે કારણથી આવી ઉત્તમતા પ્રાપ્ત કરે છે)

એએણ કારણેણં-તે કારણથી

બહુસો સામાઇયં કુજ્જા-ઘણી ઘણી વાર સામાયિક કરવા જોઈએ

સામાયિક વિધિએ લીધુ, વિધિએ પાર્યું વિધિ કરતા
કોઇ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયા
કરી મિચ્છામિ દુક્કડં

૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના એમ ૩૨ દોષમા
જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હું મન, વચન, કાયાએ ક
મિચ્છામિ દુક્કડં

ભાવાર્થ

આ સૂત્ર સામાયિક પારતી વખતે બોલાય છે તેમાં સામાયિકના
દોષોનો ત્યાગ કરવાપૂર્વક સામાયિક વારંવાર કરવા બતાવ્યુ છે સામાયિક ક

વખતે શ્રાવક સાધુ જેવો ગણાય છે વળી આ સૂત્ર બોલતી વખતે જમણો હાથ કટાસણા અથવા ચરવળા ઉપર સ્થાપન કરવામાં આવે છે તે સામાયિકની પ્રતિજ્ઞાનું પૂર્ણતાસૂચક છે આ સૂત્રની બેઉ ગાથા ૧૪ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજવિરચિત શ્રી આવશ્યકનિર્યુક્તિની છે

પરિમલ

★ સામાયિકનું વ્રત પૂર્ણ થાય ત્યારે ખુશી થવાનું નથી કારણ કે, સમતા અને શાંતિ જે સામાયિકમાં હતી તે વ્રત વિનાના રાગ દ્વેષ સ્વાર્થ અને ચિંતાથી ભરેલા ક્લેશમય સંસારમાં ક્યાંથી સંભવી શકે? એટલે સામાયિક પારવું પડે ત્યારે ફરી ફરી અને વારંવાર સામાયિક કરવાની મહત્ત્વાકાંક્ષા રાખવા માટે આ સૂત્રમાં બતાવેલ છે

★ સ્થાપના સ્થાપતાં સ્થાપનાજીમાં ગુરુ આરોપણ કરવાનું હોઈ, નવકાર પંચિંદિય બોલતી વખતે ઊંધો હાથ રાખી દાન આપતાં હાથ રખાય તેવી રીતે ગુરુ સ્થાપન કરાય છે સામાયિક પૂર્ણ થયા બાદ સવળો હાથ રાખી, જાણે સામે કાંઈ માગીએ અને હાથ ધરીએ તેવી રીતે નવકાર બોલી તે ગુરુ પાછા ખેંચી લઈ સ્થાપેલી સ્થાપનાને વિસર્જન કરવામાં આવે છે

★ છએ જીવનિકાયની હિંસાથી શ્રાવક સામાયિકમાં સાધુમહારાજની જેમ મુક્ત બને છે સાધુમહારાજની જેમ સત્ય અને હિતકારક બોલવું, શિયળની વાડો સાચવવી, ચોરી નહીં કરવી પૈસા રાખવા નહીં આવી ઘણી સરખામણી સામાયિકવ્રતમાં મળતી હોવાથી સાધુ જેવો શ્રાવક કેમ ન કહેવાય? ધન્ય છે! સામાયિકવ્રતના પ્રરૂપકને!

★ જેમ ભેંસ ખીલે બંધાય તેમ સામાયિકની સમતામાં મન બંધાઈ પરોવાયેલું રહે એટલે બીજી અનેક ચિંતાઓથી મુક્ત થવાના

કાગળો અને શુભ ભાવમા વચન ગયા માટે પણ શેખ ગણવામા આવે તેના અશુભ કર્મો ચૂકવવા કેમ ન થાય ?

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–સામાયિક પારતા કયુ સૂત્ર બોલાય છે ?

Cત્ત — 'સામાઇયવયજુત્તો' આ સૂત્ર બોલતી વખતે જમણો હાથ ચરવળા અથવા કટાસણા પર સ્થપાય છે જે અવળો હાથ રખાય છે, તે સ્થાપેલા ગુરુને પાછા ખેચી લેવાનુ સૂચવે છે, એટલે તે સ્થાપના વિસર્જન કરવાની ક્રિયાવિધિની સૂત્રના સમાન છે સામાયિક પારતી વખતે સામાઇય વયજુત્તો તેથી બોલાય છે

પ્રશ્ન ૨–સામાયિકમા કયા કયા દોષો તજવાના છે ?

ઉત્તર—મનના ૧૦ વચનના ૧૦ અને કાયાના ૧૨ એ બત્રીશ દોષો વિનાનુ શુદ્ધ સામાયિક થવુ જોઇએ

પ્રશ્ન ૩–મનના ૧૦, વચનના ૧૦ અને કાયાના ૧૨ દોષો ગણાવો

Cત્ત—(૧)શત્રુને દેખી દ્વેષ કરે, (૨)અવિવેક ચિંતવે, (૩)અર્થ ન વિચારે, (૪) મનમા ઉદ્વેગ ધરે, (૫)યશકીર્તિ વાછે, (૬)વિનય ન કરે, (૭)ભય ચિતવે, (૮)વ્યાપાર ચિતવે, (૯)ફળ માટે સદેહ રાખે, (૧૦)ફળની ઇચ્છા રાખી ધર્મ કરે આ દશ દોષો મનના છે વચનના દશ દોષ નીચે પ્રમાણે છે (૧)ખરાબ વચન બોલે, (૨)હૂકારા તુકારા કરે, (૩)સાવદ્ય આદેશ કરે, (૪)લવારા કરે, (૫)કલહ કરે, (૬)

આને જાઓ કહે, (૭)ગાળો દે, (૮)બાળકો રમાડે, (૯) વિકથા કરે, (૧૦) સામી ક્રે કાયાના બાર દોષો નીચે મુજબ છે (૧) આસન ચપળ રાખે, (૨) ચારે બાજુ જુએ, (૩)સાવદ્ય કામ કરે, (૪) આળસ મરડે, (૫) અવિનયે બોલે, (૬) ઓઠું લઈ બેસે, (૭) મેલ ઉતારે, (૮) ખણજ ખણે, (૯)પગ પર પગ ચઢાવે, (૧૦) અંગ ઉઘાડા કરે, (૧૧) અંગ ઢાંકે, (૧૨) નિદ્રા લે

૧૧ શ્રી જગચિંતામણિ(ચૈત્યવંદન)સૂત્ર

અન્વયાર્થ

ઇચ્છાકારેણ-ઇચ્છાએ કરીને સંદિસહ-આજ્ઞા આપો ભગવન્-હે ભગવંત! ચૈત્યવંદન-જિનવંદના કરું? ઇચ્છં-(ગુરુમહારાજ અથવા વડિલ જવાબ આપે કે કરો) ઇચ્છું! જેવી આજ્ઞા

જગચિંતામણિ-વિશ્વમાં ભવ્ય જીવોને માટે ઈચ્છિત આપનાર ચિંતામણિ રત્ન સમાન જગનાહ-ત્રણ ભુવનના નાથ જગગુરુ-દુનિયા માત્રના ગુરુ (હિતોપદેશ આપી સત્ય માર્ગ દર્શાવનાર) જગરક્ખણ-વિશ્વનું રક્ષણ કરનાર જગબંધવ-વિશ્વના પ્રાણી માત્રના બંધુ સમાન જગસત્થવાહ-સર્વે લોકના જીવો માટે સાર્થવાહ સમાન જગભાવવિઅક્ખણ-વિશ્વમાં રહેલા ચરાચર પદાર્થોના ભાવ જાણવામાં વિચક્ષણ અટ્ઠાવયસંઠવિઅરૂવ-અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન થયા છે રૂપ એટલે બિંબ, (પ્રતિમા મૂર્તિ) જેમના એવા કમ્મટ્ઠવિણાસણ-આઠ કર્મોનો નાશ કરનાર ચઉવીસંપિ-ચોવીસે ૨૪ જિણવરા-તીર્થંકર ભગવંતો જયંતુ-જયવંતા વર્તો અપ્પડિહય

સાસણ-કોઇથી નહી હણાયેલું અખંડિત એટલે શાશ્વતું છે શાસન જેઓનું એવા

કમ્મભૂમિહિં-૫ ભરતભૂમિ ૫ ઐરવતભૂમિઓ ને ૫ મહાવિદેહ એમ ૧૫ કર્મભૂમિમાં પઢમ-પહેલા (વજ્રઋષભનારાચ નામના) સંઘયણિ-(અસ્થિની રચના વિશેષ) સંઘયણવાળા ઉક્કોસય-ઉત્કૃષ્ટપણે સત્તરિસય-એકસો સિત્તેર ૧૭૦ જિણવરાણ-જિનવરો વિહરંતા-વિચરતા લબ્ભઇ-મળી શકે છે તેઓની નવકોડિહિં-૯ નવ ક્રોડ કેવલીણ-કેવલજ્ઞાનીઓની સંખ્યા હોય, તથા કોડિસહસ્સ નવ-૯ નવ હજાર ક્રોડ સાહુ-સાધુઓ ગમ્મઇ-જાણવા સંપઇ-વર્તમાન કાલે-કાલમાં જિણવરવીસ-૨૦ વીસ જિનેશ્વર (સીમંધરસ્વામી વિગેરે) તે સર્વના મુણિ બિહું કોડિહિં-બે ક્રોડ મુનિવરો વરનાણ-ઉત્તમ કેવલજ્ઞાનવાળા છે સમણહ-ત્યાગી શ્રમણ સાધુ મહાત્માઓ-કોડિસહસ્સ દુઅ-બે હજાર ક્રોડને થુણિજ્જઇ-સ્તવીએ, સ્તુતિ કરાય છે નિચ્ચવિહાણિ-નિત્ય સવારે।

જયઉ-જયવંતા વર્તો સામિય-હે સ્વામી (હે ભગવાન!) રિસહ-શ્રી ઋષભદેવસ્વામી સત્તુંજિ-મહાતીર્થ શ્રી શત્રુંજયગિરિરાજ ઉપર (પાલીતાણામાં) ઉજ્જિંતિ-શ્રી ગિરનારજી મહાતીર્થ ઉપર (જુનાગઢમાં) પહુ-પ્રભુ નેમિજિણ-શ્રી નેમિનાથ ભગવાન વીર-શ્રી મહાવીરસ્વામીજી સચ્ચઉરિ-સત્યપુર (સાચોર નગરમાં) મંડણ-શોભાવનાર ભરુઅચ્છહિં-ભરુચ નગરમાં મુણિસુવ્વય-શ્રી મુનિસુવ્રતસ્વામી મુહરિ પાસ-મુહરી પાર્શ્વનાથ ભગવાન (ટીંટોઇ ગામમાં) દુહ-દુઃખ અને દુરિય-દુરિતોના (પાપકર્મોના) ખંડણ-નાશ કરનાર અવર-બીજા વિદેહિં-મહાવિદેહ ક્ષેત્રોમાં તિત્થયરા-તીર્થંકર ભગવંતો ચિહું દિસિ-પૂર્વ આદિ ચારે દિશાઓમાં વિદિસિ-ઈશાન આદિ ચારે વિદિશા-ખૂણાઓમાં જિંકેવિ-જે કોઇ પણ તીઅ-અતીત(ભૂત)કાલ અણાગય-અનાગત

(ભવિ સ)ન્ત સંપઇઅ-વર્તમાન કાળમાં (થએલા થવાના કે થઇ ગ
હોય તે) વંદે-વાંદુ છુ જિણસવ્વેવિ-સર્વ જિનેશ્વરોને

સત્તાણવઇ-(૯૭) સત્તાણુ. સહસ્સા-હજાર લક્ખા છપ્પન-છપ્પન (૫૬) લાખ. અટ્ઠકોડિઓ-આઠ ક્રોડ બત્તીસય-(૩૨) બત્રીસમાં બાસિયાઇ-બ્યાસી. તિઅલોએ દેવ, મનુષ્ય ને પાતાળ એ ત્રણ લોક વિષે આવેલા ચેઇએ-ચૈત્યોને વંદે-વાંદુ છુ પન્નરસ-(૧૫) પંદર કોડિ-ક્રોડ સયાઇ-સો કોડિસયાલ-બેતાલીસ (૪૨) ક્રોડ લક્ખ-લાખ અડવન્ના-(૫૮) અઠ્ઠાવન છત્તીસ-(૩૬) સહસ્સ-હજાર અસિઇ-(૮૦) એંશી સાસય-શાશ્વત બિંબાઇં-પ્રતિમાઓને પણમામિ-નમસ્કાર નમસ્કાર પ્રણામ કરું છુ

સૂત્રાર્થ

જગચિંતામણિ! જગનાહ!—ત્રણે ભુવનના જીવોના સુખી થવાના મનોવાંછિત પૂરવાને ચિંતામણિરત્ન સમાન હે ત્રણે ભુવનના સ્વામી!

જગગુરૂ! જગરક્ખણ!—પંચેંદ્રિય જીવોને ઉપદેશ આપી તારના હે ગુરુદેવ! તથા અભયદાનના મહાન ચમત્કારિક સૂત્રવડે છએ કાયના જીવોનું રક્ષણ કરનારા!

જગબંધવ! જગસત્થવાહ!—હે વિશ્વબંધુ! (વેર ઝેરને દૂર કરી વિશ્વબંધુત્વનો મહામૂલો ને આદર્શ ઉપદેશ આપનારા) મોક્ષાભિલાષી દુનિયાને મોક્ષે લઈ જવા માટેના હે સાર્થવાહ! (મુક્તિપુરી જનાર સંઘના અધિપતિ સંઘવી)

જગભાવવિઅક્ખણ!—ષડ્દ્રવ્ય તથા જીવાદિક નવ તત્ત્વોના રહસ્યોને દર્શાવવાને વિષે વિચક્ષણ એટલે ચતુર અને મહાજ્ઞાની!

અટ્ઠાવય સંઠવિઅ રૂવ-અષ્ટાપદ મહાતીર્થની ઉપર ભરત મહારાજાએ સ્થાપન કર્યા છે બિંબો (મૂર્તિ) જેમના

કમ્મટ્ઠ વિણાસણ-જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોનો નાશ કીધો છે (ને મુક્તિ મેળવી છે) જેમણે

ચઉવીસંપિ જિણવર-એવા ચોવીશે જિનેશ્વર ભગવંતો

જયંતુ અપ્પડિહયસાસણ-જયવંતા વર્તો, તથા કોઈથી કદી નાશ નહીં થાય તેવું શાશ્વતું જૈન શાસન પણ જયવંતું વર્તો (૧)

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમસંઘયણિ-અસિ, મસિ ને કૃષિ એ ત્રણ કર્મથી જ્યાં આજીવિકા ચલાવાય એવા કર્મભૂમિના પંદર ક્ષેત્રોને વિષે પહેલા વજ્રઋષભનારાચ સંઘયણના ધણી એવા

ઉક્કોસય સત્તરિસય-ઉત્કૃષ્ટપણે એકસો સિત્તેર (વધારેમાં વધારે)

જિણવરાણ વિહરંત લબ્ભઇ-તીર્થંકર ભગવંતો વિચરતા મળી શકે છે

નવકોડિહિં કેવલીણ-તેમનો કેવળજ્ઞાનીઓનો પરિવાર કુલ્લે નવ ક્રોડનો હોય છે

કોડિ સહસ્સ નવ સાહુ ગમ્મઇ-અને સામાન્ય સાધુમહારાજો તે બધા ૧૭૦ ભગવાનોના નવ હજાર ક્રોડ હોય છે

સંપઇ જિણવર વીસ, મુણિ-સંપ્રતિ એટલે વર્તમાનકાળમાં શ્રી સીમંધરસ્વામી પ્રમુખ ૨૦ તીર્થંકર ભગવાનો પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં વિચરે છે તથા મહામુનિઓ

બિહુ કોડિહિં વરનાણ-બે ક્રોડની સંખ્યામાં કેવલજ્ઞાનને ધારણ કરનારા હોય છે

સમણાહ કોડિ સહસ્સદુઅ-બે હજાર ક્રોડ સામાન્ય સાધુમુનિરાજો સર્વે મળીને વિચરે છે તે સર્વને

થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ-હમેશને માટે મગળ પ્રભાતે સ્તવવામા આવે છે (૨)

જયઉ સામિય ! જયઉ સામિય ! રિસહ સત્તુજિ-તીર્થાધિરાજ શ્રી શત્રુજય ગિરિરાજ ઉપર ભગવાન શ્રી ઋષભદેવસ્વામી જયવત હો

ઉજ્જિતિ પહુ નેમિજિણ-તથા શ્રી ગિરનારજી મહાતીર્થ ઉપર શ્રી નેમિનાથ પ્રભુ (જયવતા વર્તો)

જયઉ વીર સચ્ચઉરિમડણ-સ ચપુરી (સાચોર નગર)ના આભૂષણ-રૂપ ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન જયવતા વર્તો

ભરુઅચ્ચહિં મુણિસુવ્વય-(ભૃગુકચ્છ) ભરુચ નગરમા દેવાધિદેવ શ્રી મુનિસુવ્રતસ્વામી પ્રભુ

મુહરીપાસ દુહદુરિઅખડણ-(ટીટોઇ ગામમા) શ્રી મુહરી પાર્શ્વનાથ ભગવાન જે ભક્તવર્ગના દુ ખ અને દુરિતનો નાશ કરનાર છે (તે તથા)

અવર વિદેહિ તિત્થયરા-બીજા પાચે મહાવિદેહ ક્ષેત્રોને વિષે જે જે તીર્થ કર ભગવતો છે તે તથા

ચિહુ દિસિ વિદિસિ જિંકેવિ-ચારે દિશામા કે ચારે વિદિશાઓમા જે કોઇ ભગવતો

તીઆણાગયસપ અ-ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલ સ બ ધી

વ દુ જિણ સવ્વેવિ-તે સર્વ તીર્થ કર દેવોને હું વાદુ છુ (૩)

સત્તાણ વઈ સહસ્સા-સત્તાણું હજાર

ઉત્તર—અસિ (હથિયારો), મસિ-શાહી (લખવાના સાધનો) અને કૃષિ (ખેતી)રૂપી ત્રણ કર્મથી ત્રિવિધ વ્યાપારની જ્યાં પેટ માટે કમાણી કે મજૂરી કરી વ્યવહાર ચાલતો હોય તે કર્મભૂમિ કહેવાય છે

પ્રશ્ન ૫-કર્મભૂમિના ક્ષેત્રોના નામ આપો, અને તે કયાં આવેલાં છે?

ઉત્તર—ભરત, ઐરાવત ને મહાવિદેહ એ ત્રણ નામના પાંચ પાંચ ક્ષેત્રો છે જંબૂદ્વીપમાં ૩, ધાતકી ખંડમાં અને પુષ્કરાર્ધ-દ્વીપમાં સર્વે મળી ૧૫ થાય છે

પ્રશ્ન ૬-જગચિંતામણિની પાંચ ગાથાઓનું ટૂંક વર્ણન કરો

ઉત્તર—પહેલી ગાથા સવૈયામાં છે, અને પાછળની વસ્તુ છંદમાં રચાએલી છે પહેલી ગાથાથી અષ્ટાપદ પર્વત પરના ચોવીશે તીર્થંકરોને વંદના કરેલ છે બીજી ગાથાથી ઉત્કૃષ્ટ કાળમાં વિચરતા ૧૭૦ તથા હાલ વિચરતા ૨૦ તીર્થંકરોને વંદન કરેલ છે ત્રીજી ગાથાથી પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ ત્રણે કાળના તીર્થંકરોને વંદન કરાએલ છે અને ચોથી તથા પાંચમી ગાથાથી ત્રણ લોકના ચૈત્યો તથા શાશ્વતી પ્રતિમાઓને વંદન થએલ છે

પ્રશ્ન ૭-અષ્ટાપદ તીર્થ કયાં છે? શું તે બહુ જ ઊંચો છે?

ઉત્તર—શ્રી અષ્ટાપદ તીર્થ હિમાલયમાં ઢંકાઈ ગએલ છે તે ઘણો જ ઊંચો છે તેના આઠ પગથિયાં છે દેવો ત્યાં સેવાભક્તિ કરે છે કારણ ત્યાં માણસો જઈ શકતા નથી

પ્રશ્ન ૮-અષ્ટાપદ તીર્થ ઉપર શ્રી ગૌતમસ્વામીજી ભગવાન જાત્રા માટે ગયા ને આપણે કેમ જઈ શકતા નથી?

ઉત્તર—શ્રી ગૌતમસ્વામીજી ભગવાન અનંત લબ્ધિને ધારણ કરનારા હતા તેઓશ્રીએ અષ્ટાપદ તીર્થ પર જતા સૂર્યના કિરણો પકડીને કિરણોના આલંબનથી આત્માની અનંતી શક્તિઓ કે લબ્ધિઓનો ઉપયોગ કરીને જાત્રા કરી હતી આપણી પાસે તેવી શક્તિઓ પ્રગટ નહીં હોવાથી આપણે જઈ શકતા નથી

પ્રશ્ન ૯–મૂર્તિને વંદન કરવથી લાભ થાય ?

ઉત્તર—હા ઘણો ઘણો લાભ થાય આપણે ચેતન હોવાથી પાષાણને વંદન થાય નહીં, એવુ કહેવાયજ નહીં દુનિયામા રૂપિયો કે સોની નોટ કયા જડ નથી ? દવા પીવાથી શરીરમાથી રોગ દૂર થાય છે, તેમ આ મૂર્તિને નમન, દર્શન, વંદન, ભક્તિ કરવાથી દુર્ગતિ દૂર થાય છે ઘરેણા, મકાન, ઝવેરાત, સોનું, ચાદી દરેકની કિંમત હોય છે, તો આ વીતરાગ પ્રભુની મૂર્તિ તો આપણને વીતરાગી બનવાનું શિખવે છે તેની કિંમત આંકવી જ જોઈએ, માટે જ જિનેશ્વર ભગવંતની પ્રતિમાજી ન હોય, તો મુક્તિની કે વીતરાગતાની ઝાંખી કોણ કરાવે ? માટે કલ્યાણ કરાવનારી વીતરાગી દેવાધિદેવ જિનેશ્વર ભગવંતની મૂર્તિ તારનારી છે રાગીની મૂર્તિ હોઈ શકે જ નહીં વીતરાગપણુ બતાવતી હોવાથી તેને પૂજી શકાય છે

શાસનની આદિ અથવા શરૂઆત કરનાર છે તે તિત્થયરાણં-તીર્થ કરોને સયં-પોતાની મેળે સંબુદ્ધાણં-બોધ પામેલા પુરિસ-પુરુષોને વિષે ઉત્તમાણં-ઉત્તમ સીહાણં-પુરુષોમાં સિંહ સમાન નર-પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરિઆણં-પુંડરીક નામના ઉત્તમ કમળ જેવા ગંધહત્થીણં-હાથીની જાતિઓમાં જેમ ગંધહસ્તિ ઉત્તમ મનાય છે તેમ પુરુષ જાતિમાં ગંધહસ્તિ જેવા ઉત્તમ જેઓ છે તેમને લોગુત્તમાણં-લોકમાં ઉત્તમ નાહાણં-લોકના નાથ હિઆણં-લોકનું હિત કરનાર (ભવિજીવોનું કલ્યાણ કરનારા) પઈવાણં-વિશ્વમાં પ્રદીપ-દીવા સમાન પજ્જોઅગરાણં-ભવિ લોકમાં પ્રદ્યોત-જ્ઞાનપ્રકાશ કરાવનાર અભય-ભયરહિતપણું દયાણં-આપનાર ચક્ખુ દયાણં-વિવેકચક્ષુ આપનાર મગ્ગ દયાણં-મુક્તિમાર્ગને બતાવનાર સરણ દયાણં-શરણું આપનાર બોહિ દયાણં-બોધિ સમક્તિને આપનાર ધમ્મ દયાણં-ધર્મની પ્રાપ્તિ કરાવનાર ધમ્મ દેસિઆણં-જે ધર્મનો ઉપદેશ દેનાર છે ધમ્મ નાયગાણં-ધર્મના જે વ્યાપક-નાયક છે ધમ્મ સારહીણં-ધર્મરૂપી રથના ચલાવનાર જે સારથી છે વર-ઉત્તમ ધર્મરૂપ ચાઉરંત-ચાર ગતિનો અંત કરનાર ચક્કવટ્ટીણં-ધર્મચક્રવર્તી અપ્પડિહય-કોઈથી હણી પણ નહીં શકી શકાય એવા પ્રકાશવાળા. નાણ-ઉત્તમ જ્ઞાન અને દંસણ-દર્શનને ધરાણં-ધારણ કરનાર વિઅટ્ટ-નષ્ટ થયું છે છઉમાણં-છદ્મસ્થપણું જેમનું એવા (કેવળજ્ઞાન પૂર્વેની અજ્ઞાન દશાને છદ્મસ્થ અવસ્થા કહેવાય છે) જિણાણં રાગદ્વેષરૂપી અંતરશત્રુઓને જિતનાર જાવયાણં-બીજાઓને રાગદ્વેષથી જીતાવનાર તિન્નાણં-પોતે સંસારસમુદ્રથી તરેલા તથા તારયાણં-તે સંસારથી બીજાઓને તારનાર બુદ્ધાણં-પોતે બોધ પામેલા તથા બોહયાણં-અન્ય ભવિજીવોને બોધ કરાવનાર મુત્તાણં-જ્ઞાની અઘાતી કર્મોથી મુક્ત થયેલા તથા મોઅગાણં-તે કર્મપિંજરમાંથી બીજા લઘુકર્મી આત્માઓને છોડાવનાર સવ્વન્નૂણં-જે સર્વજ્ઞ છે (કેવળ જ્ઞાનથી જાણનારા) તથા સવ્વદરિસીણં-(કેવળદર્શન નામનો ગુણ

પ્રાપ્ત થવાથી) સર્વ જાણનાર તે પ્રભુને તથા જેઓ સિવ-ઉપદ્રવ રહિત અયલ-અચલ, સ્થિર અરૂઅ-રોગરહિત અણત-જેનો અંત નથી અક્ખય-અક્ષય અવ્વાબાહ-બાધા-પીડારહિત અપુણરાવિત્તિ-જ્યાંથી ફરી પાછા ફરવાનુ નથી એવી સિદ્ધિગઇ-સિદ્ધ-મોક્ષગતિના નામધેય-નામવાળા ઠાણ-સ્થાનને સંપત્તાણ-પામેલા એવા નમો જિણાણ-જિનેશ્વર ભગવંતોને હુ નમસ્કાર કરુ છુ જિઅભયાણં-સર્વ ભયો જીત્યા છે જેમણે જે અ-અને જે અઈઆ-સિદ્ધા-સિદ્ધ થએલા છે તથા જે જે ભવિસ્સંતિ અણાગએ કાલે-અનાગત-ભાવિકાલે સંપઇઅ-તથા સંપ્રતિ કાલમાં દમણાં પણ જે વટ્ટમાણા-મહાવિદેહમા વર્તે છે સવ્વે તે સર્વે તિવિહેણ-ત્રણ પ્રકારે મન વચન ને કાયાથી વંદામિ-હું વાંદુ છું

સૂત્રાર્થ

નમુત્થુણ અરિહંતાણં ભગવંતાણં-નમસ્કાર કરું છું (કોને ? તે આગળ કહે છે) અરિહંત ભગવંતોને (૧)

આઈગરાણં, તિત્થયરાણં, સયસંબુદ્ધાણં-શાસન સ્થાપવાદ્વારા ધર્મની આદિ કરનારા જે તીર્થંકરનામકર્મવાળા છે તથા જે પોતે પોતાની મેળે બોધ પામેલા છે (૨)

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં-પુરુષોમાં જે ઉત્તમ અને મહાન થયા છે તથા પુરુષોમા જે સિંહસમાન છે.

પુરિસવરપુંડરિયાણં, પુરિસવરગંધહત્થીણં-પુરુષજાતિમા ઉત્તમ પુંડરીક કમળ જેવા, હાથીઓમા જેમ ગંધહસ્તિ સર્વોત્તમ ગણાય છે, તેમ પુરુષોને વિષે જે ઉત્તમ ગંધહસ્તિ જેવા છે (૩)

લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં-લોકમા જે ઉત્તમ તરીકે સુપ્રસિદ્ધ થયા છે તથા અનાથ અને અશરણ

જે માથા ઉપર નાથ અથવા માલિક છે જીવમાત્રનું હિત ઈચ્છનારા ને હિત કરનારા છે

લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં-લોકને વિષે પ્રદીપસમાન અને ભવિજીવોને ઉપદેશ આપી જ્ઞાનનો પ્રકાશ તથા ઉદ્યોત પાથરનારા (૪)

અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં-છએ કાયના સર્વ જીવોને અભયદાન આપનારા, વિવેક અને જ્ઞાનરૂપી ચક્ષુના આપનારા, મુક્તિમાર્ગના બતાવનારા

સરણદયાણં, બોહિદયાણં-ભવભ્રમણથી કંટાળેલાઓને શરણ આપનારા, સમકિતની (શુદ્ધ દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા) પ્રાપ્તિ કરાવનારા (૫)

ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં-દેશવિરતિ અને સર્વ વિરતિરૂપ બે રીતનો ધર્મ બતાવનારા સમવસરણમાં બેસીને ધર્મનો ઉપદેશ દેનારા, તથા ધર્મના મહાન નાયક,

ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં-ધર્મરૂપી રથને હાંકનારા એવા મહાન જે સારથિ છે, ચાર ગતિના જન્મ મરણના સમસ્ત દુઃખોનો અંત કરાવનારા, તથા ધર્મરૂપ ચક્રના ધરનારા જે ધર્મચક્રવર્તી છે (૬)

અપ્પડિહયવરનાણ દંસણધરાણં-કોઈથી હણાય કે રોકાય નહીં તેવા સર્વોચ્ચ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધરનારા (ધારણ કરનારા)

વિઅટ્ટછઉમાણં-અજ્ઞાનવાળું છદ્મસ્થપણું જેમનું હવે વ્યાવૃત્ત નિવર્તન અથવા નષ્ટ થયું છે (૭)

જિણાણં જાવયાણં-રાગ ને દ્વેષરૂપી કર્મશત્રુને જીતનારા તથા જીતાવનારા

તિન્નાણં તારયાણં-સંસારસમુદ્રથી પોતે તરેલા છે, તથા અન્ય ઘણુકર્મી આત્માઓને બૂઝવી તારનારા બન્યા છે

બુદ્ધાણં બોહયાણં-પોતે બોધ પામેલા છે, તથા બીજા અસંખ્ય આત્માઓને બોધ કરાવનારા છે

મુત્તાણં મોઅગાણં-પોતે કર્મોના બંધનથી મુક્ત થએલા છે અને બીજાઓને તેનાથી મુક્ત કરી મુક્તિએ પહોંચાડનારા છે (૮)

સવ્વન્નૂણં સવ્વદરિસીણં-કેવળજ્ઞાનથી સર્વ ભાવોને જાણનાર તથા અનંત દર્શનનો ગુણ પ્રગટ થવાથી સર્વ દેખનારા છે તેઓને, તથા જેઓ,

સિવમયલમરુઅમણંતમક્ખય-ઉપદ્રવ વિનાના, સ્થિર, જ્યાં રોગ માત્ર નથી તેવા, જેનો અંત નથી તેવા, જેનો ક્ષય થવાનો નથી તેવા

મવ્વાબાહમપુણરાવિત્તિ-સર્વ પ્રકારની પીડાઓથી રહિત તથા જે મુક્તિએ ગયા પછી જ્યાંથી પાછા આવીને જન્મવાનું નથી તેવા

સિદ્ધિગઇ નામધેય-મોક્ષગતિ છે નામ જેનું

ઠાણં સંપત્તાણં-એવા શ્રેષ્ઠ સ્થાનને જે પામ્યા છે

નમો જિણાણં જિઅભયાણં-જેણે સર્વ ભયોને જીત્યા છે એવા રાગ-દ્વેષને જીતનારા જિનેશ્વર ભગવંતોને મારા ભાવપૂર્વક નમસ્કાર થાઓ (૯)

જે અ અઈઆ સિદ્ધા-જે ભૂતકાળને વિષે સિદ્ધ થયા હોય

જે અ ભવિસ્સંતિણાગએ કાલે-જે ભવિષ્યકાળને વિષે સિદ્ધ થશે

સંપઇ અ વટ્ટમાણા-અને વર્તમાનકાળને વિષે વિચરતા જ તીર્થંકર ભગવંતો છે

સવ્વે તિવિહેણ વંદામિ-તે સર્વને મનથી વચનથી અને
કાયાથી હું વાંદુ છું (૧૦)

ભાવાર્થ

ઉદ્દમહાજ આ સૂત્રના રચનારા છે. ઉવસગ્ગમાં તીર્થંકર ભગવાનની
સ્તુતિ કરે છે તેથી આ સૂત્ર ઘણું જ પ્રખ્યાત થયું છે આ સૂત્રમાં
જિનેશ્વર ભગવાનના વાસ્તવિક ગુણોને રૂપમાં અને તેના અલંકારિક શબ્દોમ
ગુંથવામાં આવ્યા છે આ શબ્દો બોલતા બોલતા જ્યારે અર્થના વિચાર કરી
છીએ ત્યારે તે સમાધી ભાવોલ્લાસ વધે છે જિનમંદિર જઇએ ત્યારે ત્ય
ચૈત્યવંદનની પછી ત્યાંથી પગ ઊંચો કરીને, હાથ જોડીને વિનયપૂર્વક આ સૂ
બોલવાનું વિધાન છે

પરિમલ

★ આજે ભરત ભરીએ તો ગાણસાનાં નામ આત પગ સુધી રહે છે
કોઇક નેતાઓ ના મહારાજા કુમારપાળ શિવાજી જેવા ઇતિહાસ
પાના પર ચડે તો સામો વખત થાઇ છે તેમ આ સૂત્રમાં જેટલા
ગુણો ગણાવ્યા છે તેવા ગુણવાળા તીર્થંકર ભગવાનના ગુણ નામ
ત્રણ ચોવીશી સુધી રહે છે એ તેઓના

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–નમુત્થુણંના રચનાર કોણ છે? અને તે ક્યારે રચેલ છે?

ઉત્તર—ઇંદ્રમહારાજ તીર્થંકર ભગવંતનું જન્મ કલ્યાણક ઉજવવા પ્રભુજીને લઈ મેરુશિખર પર જાય છે, ત્યાં કળશાભિષેક કરી પ્રભુની ભક્તિપૂર્વક જે સ્તુતિ કરે છે, તે સ્તુતિ આ સૂત્રમાં છે. નમુત્થુણંના રચનાર ઇંદ્રમહારાજ છે, એમ પણ મનાય છે. આ સૂત્રમાં પ્રથમ ૩૫ વિશેષણો દ્વારા સ્તુતિ કરવામાં આવી છે.

પ્રશ્ન ૨–નમુત્થુણંનું બીજું નામ શું?

ઉત્તર—શક્રસ્તવ અથવા ઇન્દ્રસ્તુતિ.

પ્રશ્ન ૩–આ સૂત્રમાં ભગવાનના આટલા બધા વિશેષણો કેમ?

ઉત્તર—આટલા બધા વિશેષણોથી ગુણ ગાવાનું એ કારણ સમજે છે કે–દુનિયામાં થોડી બુદ્ધિવાળાને જેમ જેમ વધારે ઓળખ અપાય તેમ તેમ શ્રદ્ધા પૂર્ણ જાગે. સૂત્રમાં કહ્યા તેનાથી પણ હજી બીજા ઘણા ગુણો શ્રી વીતરાગમાં હોય છે, પણ ખાસ ખાસ મુખ્યત્વે ધ્યાન ખેંચનારા ગુણોનો આમાં ઠીક ઠીક સંગ્રહ થએલો જણાય છે.

★ ★ ★

૧૪ જાવંતિ ચેઇઆઇ સૂત્ર

અન્વયાર્થ

જાવંતિ–જેટલાં ચેઇઆઇ–ચૈત્યો છે ઉડ્ઢે–ઊર્ધ્વલોકમાં અ–અને અહે–અધોલોકમાં તિરિઅલોએ–તિર્છાલોકમાં સવ્વાઇ–સર્વે

તાઈ-તે વ દે-હુ વ દ ના કરુ છુ ઈહ-અહી સતો-રહેતો છતા (રહ્યો) તત્થ તા ગતાઈ-રહેના(ચૈત્યો)ને

સૂત્રાર્થ

જાવન્તિ ચેઈઆઈ-જેટલા જેટલા ચૈત્યો

ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ-ઊર્ધ્વ લોકમા, અધોલોકમા,
  તિર્છાલોકમા એમ ત્રણે લોકમા રહેલા છે

સ વ્વાઈ તાઈ વ ન્દે-તે સર્વેને હુ વ દન કરુ છુ

ઈહ સતો તત્થ સતાઈ-અહી હુ આ સ્થળે રહ્યો છુ, છતા ત્યાના
  ચૈત્યમાનની ભાવનાનો લાભ મેળવવાના હેતુથી સર્વે
  ચૈત્યોને સમક્ષિગત યાદ કરીને હુ વ દના કરુ છુ

ભાવાર્થ

ત્રણ ભુવનમા રહેલા ચૈત્યોને આ સૂત્રમા વ દના કરવામા આવલ છે

પરિમલ

★ શુભ કાર્યોમા જેટલી જેટલી અનુમોદના કરીએ તેટલો તે
  પુણ્યબંધ થાય છે અહી સ્થાનોની અનુમોદના કરીએ તો
  લાભ થાય છે વગર અનુમતિએ પણ પાપો લેવા લાગે છે એ
  જ્ઞાનીઓનુ કથન છે જેમ પાણીને નીચે ઢાળ હોય ત્યાથી પડ
  વાર લાગતી નથી અથવા નીચે ઢળવાનો આપોઆપ તે સ્વ
  કારે છે પણ પાણીને ઉચે ચઢાવવુ હોય તો મશીન ગોઠવવુ
  છે માટે આવી સારા કામોની અનુમોદનાની જરૂર રહે છે તે ન્ય
  આ ચૈત્યોને વ ન કરાય છે

: મહાસંબંધીઓને યાદ કરવાનુ સહેજે મન થાય
  તેમ સમકિતની સાંકળ દેવગુરુધર્મની સાથે જો

કરવે છ એટલે જિનમંદિરમાં જઈએ ત્યારે આ બધા દૂરદૂરના ચૈત્યો, કે જિનેશ્વર ભગવંતોની પ્રતિમાજીઓ સાથે એકચિત્ત કરીને વાર્તાનાપ કરવાનુ એટલે કે નમન કરવાનુ મન થાય છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧—"જાવંતિ ચેઇઆઈ" નો અર્થ વિસ્તારથી સમજાવો

ઉત્તર—ત્રણે ય લોકમાના ભૂત, વર્તમાન ને ભવિષ્યકાલના ચૈત્યોને અને જિનપ્રતિમાજીઓને આમા વંદના કરેલી છે અહીં રહ્યા રહ્યા પણ તે તે તીર્થોની કે ત્યાના અલૌકિક બિંબોની સ્મરણ દ્વારા તેમા વંદના કરી છે રોજ તીર્થસ્થાનોમા જવુ શકય નથી, તે કારણથી અહીં રહીને આ રીતે જાત્રાનો લાભ લઈ શકાય છે, પણ શકય જાત્રાઓમા સંતોષ રહેતો નથી, એટલે ત્યાં જાતે જઈને જ લાભ લેવા જવાનુ કુદરતી મન થાય છે

પ્રશ્ન ૨—ઊર્ધ્વલોક ને અધોલોક આપણે જોયા નથી, તો આ ચૈત્યો શ્રદ્ધાથી જ માનવાના કે શુ ?

ઉત્તર—આ ચૈત્યો ભલે દૂર હોય તેથી શુ ? અત્યારે "મે અમેરિકા જોયું નથી માટે હુ નહી માનુ" એમ જો કોઈ ભીલ કે ગામડાનો વતની કહે, તો તેથી "તે દેશ નથી" એમ થોડુ માની લેવાય ? આ ઊર્ધ્વલોક અને અધોલોક તેના બતાવનારા જ્ઞાનીઓએ દેખેલા છે કોઈ અનુભવી જાણકાર કાઈ કહે તો અત્યારે પણ આપણે કયા માનતા નથી ?

૧૫ શ્રી જાવંત કે વિ સાહૂ સૂત્ર

અન્વયાર્થ

જાવંત-જે (મહાવ્રતધારી) કે વિ-કોઈ પણ સાહૂ-સાધુ મહારાજો તે ભરહ-ભરતક્ષેત્રોને વિષે એરવય-એરવત ક્ષેત્રોને વિષે મહાવિદેહે-મહાવિદેહ ક્ષેત્રોને વિષે સવ્વેસિં-સર્વ સાધુમહારાજોને તેસિં-તે પણઓ-નમું છું તિવિહેણ-મન, વચન ને કાયાથી તિદંડ-ત્રણ દંડથી (મન દંડ, વચન દંડ, કાય દંડ) વિરયાણં-વિરામ પામેલા તે પૂજ્યોને

સૂત્રાર્થ

જાવંત કે વિ સાહૂ-જે કોઈ પણ મહાવ્રતધારી સાધુમહારાજો વિચરે છે

ભરહેરવયમહાવિદેહે અ-પ ભરત, ૫ એરવત અને ૫ મહાવિદેહ ક્ષેત્રોમાં (એ ૧૫ કર્મભૂમિઓમાં)

સવ્વેસિં તેસિં પણઓ-તે સર્વ સાધુમહારાજોને નમ્યો છું - હું વાંદું છું

તિવિહેણ તિદંડવિરયાણં-ત્રિકરણપૂર્વક મન, વચન ને કાયાથી ત્રણ દંડથી વિરામ પામેલા સાધુમહારાજોને મારા વંદન હો

ભાવાર્થ

અઢી દ્વીપરૂપ મનુષ્યક્ષેત્રમાં માત્ર ૧૫ કર્મભૂમિમાં જ મુક્તિની આરાધના (સાધના) થાય છે એટલે ત્યાં ચારિત્રશીલ મુનિવરો હોય છે તે મુનિવરોને યાદ કરીને આ સૂત્રથી નમસ્કાર કરવામાં આવેલ છે

પરિમલ

આ સૂત્ર બોલતાની પાસે દેરાસરમાં બોલવાનું વિધાન છે. તેમાં એ કારણ મનાય છે કે—જે મુનિવરોની આ સૂત્ર દ્વારા અહીં વંદના કરવામાં આવે છે તેમાં કેવળજ્ઞાનીઓનો તેમ મહાન શ્રુતધરોનો પણ સમાવેશ થાય છે, અને સામાન્ય આરાધક મુનિઓ પણ પાય ... દ્રષ્ટિઓમાં તો છે જ, એટલે અહીં વંદન થાય તે યોગ્ય જ ગણાય

પંદર ક્ષેત્રોના મુનિવરોને વંદન કર્યું તેમાં કેવળજ્ઞાનીઓ પણ આવી જાય છે મહાન શ્રુતધર ૧૪ પૂર્વીઓ પણ આવી જાય છે તેમ જ બીજા સઘળી મુનિવરો પણ આવે છે તદુપરાંત પૂજ્ય સાધ્વીજી મહારાજોનો પણ તે વંદનામાં સમાવેશ થાય છે

મરણ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧—જાવંત કે વિ સાહૂ સૂત્ર શા માટે રચાયું? ત્રણ દ... કયા ને કોના?

ઉત્તર—પંદર કર્મભૂમિના એટલે અઢી દ્વીપના સર્વ સાધુમહા... -જોને વંદના કરવા માટે આ સૂત્ર રચાએલ છે મન વચન ને કાયાના અશુભ વ્યાપારરૂપી ત્રણ દંડથી વિરા... પામેલા ગુણવાનોને આ સૂત્રમાં નમસ્કાર કરવામાં આવે... છે નિવિહેણ વંદન કરનાર માટે છે, અને ત્રિદંડવિરત શબ્દ મુનિવરો માટે છે

પ્રશ્ન ૨—ત્રણ દંડનો વિરામ એટલે શું?

ઉત્તર—વાત એવી છે કે-જીવો "મનથી ઘણું બૂરું ચિંતવાય ... તેથી પાપ લાગે છે.' તેમ ...

વચનથી પણ વેરઝેર ઘણા બાધાઇને પાપો થાય છે કાયાથી પાપ થાય તે પણ રોકાતા નથી એટલે અહીં બતાવ્યું છે કે-મુનિવરો ઉપરના પાપદડથી અલિપ્ત એવી જિંદગી જીવી રહ્યા હોય છે, તેથી તેવું દંડ વિના જીવવામાં મહત્ત્વ સમાએલું છે

★ ★ ★

૧૬ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર

અન્વયાર્થ

નમો-નમસ્કાર (કરું છું) અર્હત્-અરિહંત સિદ્ધ-સિદ્ધ આચાર્ય-આચાર્ય ઉપાધ્યાય-ઉપાધ્યાય સર્વસાધુભ્ય-સર્વ સાધુ મહાત્માઓને

સૂત્રાર્થ

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય-અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, આચાર્ય મહારાજો, ઉપાધ્યાયજી મહારાજો અને સર્વ સાધુ મહારાજોને (એ પાંચે પરમેષ્ઠિઓને) હું નમસ્કાર કરું છું

ભાવાર્થ

નવકાર મહામંત્રનું સંસ્કૃત ભાષામાં આ સૂત્ર સંક્ષેપરૂપ છે ૧૪ પૂર્વનો સાર નવકાર છે તેનો સાર આ નાના સૂત્રમાં આવી જાય છે

પરિમલ

★ નવકાર મહામંત્ર સર્વ મંગલિકોનું મૂળ છે, શ્રી જૈનશાસનનો સાર છે, ૧૨ અંગ અને ૧૪ પૂર્વોનો ઉદ્ધાર છે સદૈવ શાશ્વત એવા

એ મહામંત્ર છે સર્વ મંત્રોમાં એ રત્ન છે સર્વ મનોરથોને પૂર્ણ કરે છે તેનો ચમત્કાર અજબ છે એના મહિમા સારરૂપ સંસ્કૃત ભાષામાં શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજે પૂર્વોમાંથી ઉધ્ધૃત કરી આ સૂત્ર બનાવેલ છે એમ કહેવાય છે

★ નવકારનો સાર 'નમોર્હત્' છે તેનો પણ સાર અસિઆઉસામાં સમાય છે તેનો સાર ૐકારમાં આવી જાય છે માટે પળે પળે ૐકારનું ધ્યાન કરવું જોઈએ

★ દુનિયામાં આ પાંચ પરમેષ્ઠિઓ જ સાર છે એ જૈન શાસનનું મૂળ છે એમ આ સૂત્રથી સ્પષ્ટ થાય છે

★ મુક્તિના સાધક આ પાંચ પરમેષ્ઠિઓ સિવાય દુનિયામાં કોઈ નમસ્કાર કરવા યોગ્ય નથી એમ આ સંક્ષેપસૂત્ર શિખવે છે તે સિવાય દુનિયામાં બધું ખોટું છે અને મુક્તિના સાધના વિના બીજા બધા વ્યાપારો (કોઈ પણ જાતની પ્રવૃત્તિઓ થાય તે) સંસાર વધારનારા છે એમ આ સૂત્રમાંથી આડકતરી રીતે શિખવા મળે છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૨—નમોઽર્હત્ સૂ. કોનું રચેલું છે? તે વિષે શું જાણો છો?

ઉત્તર—નવકાર મહામંત્રનો સંસ્કૃત ભાષામાં સંક્ષેપ કરી આ સૂત્રમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરેલ છે તેના રચનાર દૃષ્ટિવાદમાંથી ઉદ્ધાર કરનાર સમ્રાટ્ વિક્રમના પ્રતિબોધક શ્રી સિદ્ધસેન દિવાકર [illegible]

પ્રશ્ન ૨—નમોઽર્હત્ સ્ત્રીઓને બોલવાની કેમ મનાઈ છે?

ઉત્તર—તે સૂત્ર દષ્ટિવાદમાંથી ઉદ્ધૃત કરેલ હોઈ તેની મનાઈ સભવે છે એવો નિયમ છે કે દષ્ટિવાદના સૂત્રો સ્ત્રી જાતિ બોલી શકે નહીં, તથી સ્ત્રીઓને તે બોલવાની મનાઈ છે

★ ★ ★

૧૭ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

અન્વયાર્થ

ઉવસગ્ગ-(બીજાના) ઉપસર્ગો સંકટો કે ઉપદ્રવો હર-નાશ કરનાર પાસ-પાર્શ્વનામનો યક્ષ (કે જે શ્રી પાર્શ્વનાથ ભગવાનનો સેવક છે) પાસ-તે શ્રી પાર્શ્વનાથ ભગવાનને વંદામિ-હું વંદુ છું કમ્મઘણ-કર્મના સમૂહથી મુક્ક-(જે પ્રભુ) મુકાએલા છે વિસહર-વિષ ધારણ કરનાર સાપના વિસ-ઝેરનો નિન્નાસ-જેના પ્રભાવથી નાશ થાય છે મંગલ-અને મંગળ (તથા) કલ્લાણ-(સુખની વૃદ્ધિ કરનાર) કલ્યાણનું જે આવાસ-ઘર વિસહરફુલિંગમંત-વિષધર સ્ફુલિંગ નામના મંત્રને કંઠે-કંઠે વિ-હૃદયમાં ધારેઇ-ધારણ કરે એટલે જપે જપે તે સ્મરણ કરે જો-જે સયા-સદા મણુઓ-મનુષ્ય તસ્સ-તે મનુષ્યના ગહ-ગ્રહો મંગળ શનિ જેવા નડતા હોય તે રોગ-રોગ મારી-મરકી દુટ્ઠ-દુષ્ટ જરા-જ્વર-તાવ જંતિ-પામે છે ઉવસામ-ઉપશાંત (નાશ) ચિટ્ઠઉ-રહો દૂરે-દૂર મંતો-એ મંત્રનો પ્રભાવ તો તુજ્ઝ-(પરંતુ) તમને પણામો-ભાવપૂર્વક કરેલ પ્રણામ માત્ર વિ-પણ બહુફલો-ઘણાં ઘણાં ફળ આપનારો હોઇ-થાય છે નર-(પછી ભલે તે) મનુષ્ય હોય કે તિરિએસુ-તિર્યંચગતિમાં પણ હોય (મનુષ્ય કે તિર્યંચમાં ગયા હોય તો પણ) જીવા-જીવો પાવંતિ-પામતા ન-નથી દુક્ખ-દુઃખ દોગચ્ચ-દુર્ગતિ કે દરિદ્રતા (એટલે કે સારા સ્થાનને પામે છે) તુહ-તમારા

સમ્મત્તે-કિંમતી સમ્યક્ત્વ રત્નને લદ્ધે-પામીને (જો જે સમકિત) ચિંતામણિ-રત્નચિંતામણિ સમાન કપ્પપાયવ-અથવા કલ્પ (પાદપ) વૃક્ષથી પણ અબ્ભહિએ-અભ્યધિક અધિક કિંમતના છે તે મળવા થી પાવંતિ-પામે છે અવિગ્ઘેણ-વિઘ્નરહિતપણે એટલે શીઘ્ર (વિઘ્ન આવે તો દૂર થાય) જીવા-ભક્તિવાન જીવો અયરામરં-અજર-અમર જેટલે જ્યાં જરા અને મરણ નથી તેવા મોક્ષના સર્વ સ્થાન-સ્થાનને ઈઅ-એ પ્રમાણે સંથુઓ-મે સ્તવના કરી મહાયસ-ત્રણે ભુવનમાં વિસ્તૃત ફેલાયો છે યશ જેનો એવા હે યશસ્વી પ્રભુ! ભત્તિ-ભક્તિના બ્ભર-સમૂહે કરી નિબ્ભરેણ-સંપૂર્ણ ભરેલા હિયએણ-હૃદયથી હૈયા વડે તા-તે કારણથી દેવ-હે દેવ! દિજ્જ-મને આપો બોહિ-(સમકિત રત્ન) બોધિને ભવેભવે-આ ભવ પરભવ ને ભવોભવને વિષે પાસ-હે પાર્શ્વનાથ ભગવાન! જિનચંદ-સામાન્ય કેવળીઓ રૂપી તારાઓમાં ચંદ્રની જેમ શોભતા એવા

સૂત્રાર્થ

ઉવસગ્ગહર પાસ-ભક્તજનો પર આવતા અનેક સંકટોને હરનાર પાર્શ્વ નામનો યક્ષ જે પ્રભુનો સેવક છે

પાસં વંદામિ કમ્મઘણમુક્કં-તે કર્મથી મુક્ત થએલા શ્રી પાર્શ્વનાથ ભગવાનને હું વાંદુ છુ

વિસહરવિસનિન્નાસં-(મિથ્યાત્વરૂપ) સાપના ઝેરનો જે નાશ કરનાર છે, તથા

મંગલકલ્લાણ આવાસં-મંગલ અને કલ્યાણના ઘર સમાન જે ભગવાન છે (૧)

વિસહરફુલિંગમંતં-'વિષધરસ્ફુલિંગ' નામનો મંત્ર જે શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામગર્ભિત ચમત્કારવાળો છે, તે મંત્રને

કંઠે ધારે) જો સદા મનુષ્યો-જે માણસ હૃદયમા સદા ધારણ કર
છે એટલે જે તેનું નિત્ય સ્મરણ કરનાર હોય ૮)

તસ્સ ગહરોગમારી-તેને કોઈ મંગલ કે શનિ જેવા ગ્રહ નડતા
હોય કે તે દ્વારા તેને નુકશાન થતુ હોય બીજા કોઈ રોગ
અથવા મરકી થયા હોય તો

દુઠ્ઠ જરા જંતિ ઉવસામ-અથવા દુષ્ટ પ્રકારના જ્વર (અવધિનો,
એકાંતરિયો જેવા) પણ એ મંત્રના સ્મરણથી શમી જાય છે (२)

ચિટ્ઠઉ દૂરે મંતો-એ મંત્રનો પ્રભાવ તો અજબ છે, (કારણ મંત્રો
અને ઔષધિઓનો ચમત્કાર અગમ્ય હોય છે) એટલે તે
મંત્ર ચમત્કાર તો દૂર રહો (અનેક મંત્રોના આરાધનથી
પ્રભાવ તો ફેલાય જ, પણ વગર મુશ્કેલીએ, વગર આરાધને,
માત્ર નામસ્મરણ કે પ્રણામ જે કરે તે કહે છે)

તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ-પરંતુ હે અશરણના શરણ!
અનાથના નાથ! ને અનંત પ્રભાવવાળા હે પ્રભુ! તમને
એક પ્રણામ કરીએ તે પણ ઘણા ઘણા ફલ આપનાર બને
છે (બહુફલ એટલે સૌભાગ્ય, આરોગ્ય, ધન, ધાન્ય, સ્ત્રી,
પુત્ર, વૈભવ, ચક્રવર્તિ અને ઇંદ્રાદિકની પણ ઋદ્ધિ સુધીની
પ્રાપ્તિ)

નરતિરિએસુ વિ જીવા-મનુષ્યમાં અને તિર્યંચગતિને વિષે
રહેલા જીવો (આ ભાવ પ્રણામના પ્રતાપે સુખનો અનુભવ
કરનાર બને છે એટલે કે તે ગમે ત્યાં પણ, નર કે તિર્યંચમા
ગયા હોય ત્યાં)

પાવંતિ ન દુક્ખ દોગચ્ચં-દુઃખ અને દારિદ્રને પામતા નથી (३)

તુહ સમ્મત્તે લદ્ધે-તમારું દેવ, ગુરુ, ધર્મમાં અચળ શ્રદ્ધારૂપ
સમ્યક્ત્વદર્શન પામ્યા પછી,

ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ-(તે સમ્યક્ત્વદર્શન કેવુ છે, તે કહે છે) મનોવાછિત પૂરણ કરનાર ચિતામણિરત્ન કે કલ્પવૃક્ષ-(અથવા કલ્પવેલ)થી પણ જે અભ્યધિક કામિત પૂરણ કરે (તેવુ સમકિત)

પાવંતિ અવિગ્ઘેણ-(ઇષ્ટ મોક્ષની પ્રાપ્તિમા) કોઇ પણ અંતરાય, મુશ્કેલી કે વિઘ્ન આવ્યા વગર પામે છે

જીવા અયરામરં ઠાણં-જીવો અજરામર, જ્યા જરા અને મરણ નથી તેવા (મોક્ષ)સ્થાનને પામે છે (૪)

ઇઅ સંથુઓ મહાયસ! હે મહાન યશસ્વી પાર્શ્વપ્રભુ! એ પ્રકારે મે સ્તુતિ કરી

ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ-ભક્તિના સમૂહપૂર્વક એવા પૂર્ણ ભરેલા હૈયાથી (અત્યંત ભાવભક્તિથી)

તા દેવ! દિજ્જ બોહિં-તે કારણથી હે દેવાધિદેવ! મને સમકિત આપો (સમકિતથી મોક્ષ મળે છે, તે માટે હું સમકિતની જ અહીં માગણી કરુ છુ)

ભવે ભવે પાસ જિણચંદ!-કેવળીઓમા ચંદ્રમા સમાન હે પાર્શ્વપ્રભુ! ભવો ભવને વિષે (શ્રેય કરનાર અને વિઘ્ન હરનારા એવા હે મંત્રાધિપતિ, ધરણેંદ્ર પદ્માવતિ પૂજિત, પરમ કારુણિક, શ્રી પાર્શ્વનાથ ભગવાન! આ જન્મમા અને જન્મો જન્મમા આ ભક્તિના પ્રભાવથી મને સમકિત આપો) (૫)

ભાવાર્થ

આ સૂત્રમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો મહિમા વર્ણવ્યો છે સંકટમા આ સ્તોત્ર ૨૭ વખત ભણવાથી ઘણા લાભો થાય છે મહાપ્રભાવિત આ સ્તોત્ર છે કહેવાય છે કે-આ સૂત્રમા પહેલા સાત ગાથાઓ હતી, પણ તેના રચયિતા

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજે પોતે જ કેટલાક કારણોસર પાછળથી બે ગાથાઓને સંહરી લીધી છે સમકિત ઉપર આ સૂત્રમાં ઘણો જ ભાર મૂક્યો છે

પરિમલ

★ જીવોને દુઃખ દારિદ્ર સંકટ કે આપત્તિઓ ઇષ્ટ નથી, એટલે આ પ્રણામ અને મંત્રનું સ્મરણ ઉપાયે કરવાનું આ સૂત્રમાં ગર્ભિત વિધાન છે

★ સમકિત મળે' એનો અર્થ એ કે-મુક્તિ તરફના પ્રયાણની દિશા નક્કી થઈ ધીમે ધીમે સુયોગો મળતાં જાય ને તે આત્મા પોતાના મહામહેનતે મેળવેલા સમકિતને નિર્મળ રાખવા સારા સંયોગો માટે શોધ કરતો રહે, એટલે ધીમું પણ સ્થિર ચિત્ત પ્રયાણ કરતાં કરતાં મુક્તિની નિકટ જતો જાય અને મુક્તિને પણ પામે એ ભાવાર્થ બતાવવા ચોથી ગાથામાં સમકિતથી મુક્તિનો "કાર્ય કારણભાવ" બતાવવામાં આવેલ છે

★ શ્રીપાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાજીઓ જ્યાં જ્યાં હોય છે ત્યાં ત્યાં ચમત્કાર ઘણો સંભળાય છે એ પ્રભુજીના ઘણાં શિષ્યો જે ભગવાન ઉપર અમાપ શ્રદ્ધા અને અમિત પૂજ્યભાવ રાખતા હતા, તેમાંથી જે જે દેવગતિમાં ગયા ને દેવ થયા છે, તેઓ પાર્શ્વપ્રભુના ભક્તવર્ગને આંતરિક ઘણી જ સહાય કરે છે એટલે કે કષ્ટમાંથી મુક્ત કરે કામિત પૂર્ણ કરે અને ધર્મ કરવાની અનુકૂળતા કરી આપે છે એટલે કેટલાક આ સ્તોત્રની નવકારની જેમ ઉવસગ્ગહરંની માળા પણ ગણે છે

★ સમકિતની પ્રાપ્તિ ને તે મળ્યા પછી તેને નિર્મળ રાખવા ઉપર આ સૂત્રમાં ઘણો જ ભાર મૂક્યો છે એટલે કે કોઈને સમકિત પમાડવું તેમાં બહુ જ પુણ્યનો લાભ થાય છે એમ સ્પષ્ટ

જણાય આવે છે મૂર્તિના દર્શનથી સમકિત પમાય છે માટે ઘણા પ્રતિમાજીઓ ભગવે છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧-"ઉવસગ્ગહર" શબ્દનો ગુજરાતી અર્થ શો?

ઉત્તર—ઉવસગ્ગહર એટલે ઉપસર્ગ-વિઘ્ન, હર એટલે હરનાર મટાડનાર, કોઈ પણ વિઘ્નનો નાશ કરનાર

પ્રશ્ન ૨-ઉવસગ્ગહર સ્તોત્ર કયા સંજોગોમા રચાયુ? તેના રચનાર કોણ હતા?

ઉત્તર—ઉજ્જયિણી નગરીમા ભોજ રાજાની સભામા વરાહમિહિર નામનો એક વિદ્વાન બ્રાહ્મણ હતો તે મરીને વ્યંતર થયો તેણે દ્વેષભાવથી જૈન સંઘમા મરકી વિગેરે ઉપદ્રવો ફેલાવ્યા ત્યારે શ્રી સંઘની વિનંતિથી ઉપદ્રવ નિવારણાર્થે ચૌ૦ પૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામી મહારાજે આ સ્તોત્ર રચ્યુ, ને તેનાથી મંત્રેલુ જળ છાંટવાથી રોગનો નાશ થયો અને સર્વત્ર શાંતિ થઈ ગઈ આ સ્તોત્રની રચના પ્રાકૃત ભાષામા થઈ છે

* * *

૧૮ શ્રી જય વીયરાય (પ્રાર્થના) સૂત્ર

અન્વયાર્થ

જય-જય પામો **વીયરાય!** હે વીતરાગ જગગુરુ-હે ત્રણ ભુવનને માર્ગદર્શન આપનાર વિશ્વના ગુરુદેવ હોઉ-હો, મજો,

આપો મમ-મને તુહ-તમારા પભાવઓ-પ્રભાવથી ભયવં-હે ભગવાન! ભવનિવ્વેઓ-અસાર એવા સંસાર પરથી નિર્વેદ એટલે વૈરાગ્ય ઉદાસીનભાવ અથવા કંટાળો મગ્ગાણુસારિયા-માર્ગાનુસારીપણું ઇટ્ઠફલ-મોક્ષના વાંછિત ફળની સિદ્ધિ-પ્રાપ્તિ લોગવિરુદ્ધચ્ચાઓ-લોકમાં જે જે નિંદા કરતા હોય તેવા કામોનો ત્યાગ ગુરુજણપૂઆ-ગુરુ મહારાજોની તથા વડીલ જનોની પૂજા-વિનયાદિ પાળી બહુમાન સાચવવું પરત્થકરણં ચ-અને પરાર્થ એટલે પરોપકાર કરવાનો મહાન ગુણ સુહગુરુજોગો-સારા ચારિત્રવાન ગુરુમહારાજોનો સુયોગ તવ્વયણ-તેમના વચનો (ગુરુમહારાજ પણ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ કહેતા જ નથી માટે) સેવણા-સંપૂર્ણપણે પાલન કરવાની તત્પરતા આભવમ-રહુ ત્યાં સુધી આખી જિંદગી અખંડા-અખંડ રીતે (આજ્ઞાનો થોડો પણ વિરોધ કે ભંગ કર્યા વિના) વારિજ્જઇ-નિષેધ કરવામાં આવ્યો છે જઇવિ-જો કે નિયાણબંધણં-નિયાણું (તપ પૂજા કે બીજી કોઈ ધર્મક્રિયાના બદલામાં માગણી થતી હોય તેવી ઇચ્છા કરી તેને નિયાણું કહે છે) તુહ-તમારા સમયે સિદ્ધાંતમાં આગમગ્રંથોમાં તહવિ-તો પણ મમ-મને હુજ્જ-મારે હોજો સેવા-આજ્ઞાપાલન પૂજા ભક્તિ ભવે ભવે-આ ભવ પરભવ કે ભવો ભવને વિષે તુમ્હ-તમારા ચલણાણં-ચરણોની (સેવા) દુક્ખખઓ (મને દુઃખ ગમતું નથી માટે) દુઃખોનો અંત અથવા ક્ષય કમ્મક્ખઓ-જે કર્મો ચાર ગતિમાં રખડાવે છે તે કર્મોનો સર્વથા ક્ષય અથવા નાશ સમાહિ-મરણં-અને સમાધિમરણ (જેથી દુર્ગતિનાં દુઃખો સહવા ન પડે) બોહિલાભો-સમકિતની પ્રાપ્તિ અ-અને સંપજ્જઉ-પ્રાપ્ત થાઓ મહ-મને એઅં-આ તુહ-તમને નાહ-હે નાથ! પણામકરણેણં-આ ભાવપૂર્વકના પ્રણામ કરવાથી સર્વમંગલ-સર્વે મંગલોનું માંગલ્ય-શ્રેષ્ઠ મંગલ સર્વકલ્યાણ-સર્વ કલ્યાણોનું કારણ-મૂળ કારણ પ્રધાનં-પ્રધાન શ્રેષ્ઠ સર્વધર્માણં-સર્વધર્મોમાં જૈનં-શ્રી જિનેશ્વર તીર્થંકર પ્રભુનું જયતિ-જયવંતું વર્તે છે શાસનં-શ્રી ચતુર્વિધ સંઘ

શાસન (દેવ ગુરુ ને ધર્મની આરાધના જ્યાં ત્રણેયમાં થાય તે જૈન શાસન કહેવાય છે)

સૂત્રાર્થ

જય વીયરાય ! જગગુરુ !-હે વીતરાગ ! વિશ્વમાં પરમ એક જ હિતબુદ્ધિ રાખી, ઉપદેશ દઈને તારનારા હે ત્રણ લોકના ગુરુ ! તમારો જય હો

હોઉ મમ તુહ પભાવઓ ભયવં !-હે ભગવાન ! સાચી ભક્તિથી જે આ તમારી પ્રાર્થના કરું છું, તેના ફળરૂપે તમારા અચિંત્ય પ્રભાવથી મને નીચે જણાવેલા ગુણો પ્રાપ્ત થાઓ

ભવનિવ્વેઓ મગ્ગા-(૧) ભયંકર એવા જન્મ મરણના દુઃખોથી ભરેલા આ અસાર સંસાર ઉપરથી વૈરાગ્ય

ણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ-(૨) માર્ગાનુસારીપણું (૩) મોક્ષે જવાની મારી જે તીવ્ર મનોકામના છે તે ઇષ્ટફળની સિદ્ધિ (૧)

લોગવિરુદ્ધચ્ચાઓ-(૪) જે જે કાર્યો લોકમાં નિંદ્ય ને નિષિદ્ધ હોય તેવા લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ (ઇતર લોકમાં પણ જે કાર્યો નિંદાપાત્ર હોય તેનો ત્યાગ)

ગુરુજણપૂઆ પરત્થકરણં ચ-(૫) પૂજનીય જનોની પૂજા, ભક્તિ, આદરભાવ, વિનય, બહુમાન વિગેરે અને (૬) પોતાના સ્વાર્થનો પણ ત્યાગ કરીને બીજા કોઈનો પણ ઉપકાર કરવાનો ગુણ

સુહગુરુજોગો તવ્વયણ-(૭) મહાવ્રતધારી, નિઃસ્પૃહી ને નિઃસ્વાર્થી એવા પવિત્ર ઉપકારી ગુરુમહારાજોનો સુયોગ (૮) તથા જિનાજ્ઞાથી જે વિરુદ્ધ ઉપદેશ આપનારા જ નથી તેવા પરમ પવિત્ર ગુરુઓના વચનનું પૂર્ણ પાલન કરવાની ભાવના

સેવણા આભવમખંડા-આખી જિંદગી પર્યંત અખંડિત પણે (એક નાની પણ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યા વગર) નેવ ૬૬ (૨)

વારિજ્જઇ જઇ વિ નિયાણ-જો કે નિદાન એટલે નિયાણ બાંધવાનો નિષેધ કરવામાં આવ્યો છે

બંધણ વીયરાય! તુહ સમયે-હે વીતરાગ દેવ! તમારા જ આગમ ગ્રંથોમાં અને સિદ્ધાંતોમાં

તહવિ મમ હુજ્જ સેવા-(૯) તે છતાં હું એટલી તો માગણી આજે જરૂર જરૂર કરું છું (ભલે તેને નિયાણુ પણ કહેવાતું હોય, તો પણ આટલું માગ્યા વિના રહી શકતો નથી કે મને નવા મળે!

ભવે ભવે તુમ્હ ચલણાણ-જન્મો જન્મને વિષે તમારા જેવા વીતરાગ દેવાધિદેવોના ચરણોની સેવા મળો (૩)

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ-(૧૦) દુઃખોનો ક્ષય થાઓ, તથા (૧૧) કર્મનો સર્વથા નાશ થાઓ

સમાહિમરણ ચ બોહિલાભો અ-(૧૨) મરણ વખતે નશ્વર વસ્તુઓ પર મોહ મમત્વ ન રહે ને સમતા રહે તેવી સમાધિ અને વળી (૧૩) સમ્યક્ત્વનો લાભ (સમકિત મળે અથવા તે નિર્મળ રહે તેવા સંયોગો પણ મળો)

સંપજ્જઉ મહ એઅ-ઉપર જણાવ્યા તેવા ગુણો મને પ્રાપ્ત થાઓ

તુહ નાહ! પણામકરણેણ-હે નાથ! તમને આ ભાવપૂર્વક જે પ્રણામ કરીને પ્રાર્થના કરી રહ્યો છું, તેના ફળ અથવા પરિણામરૂપે (૪)

સર્વમંગલમાંગલ્ય-સર્વ મંગળોમાં જે જિનશાસન શ્રેષ્ઠ મંગલ છે

સર્વકલ્યાણકારણ—કલ્યાણભૂત સુખ આપનારી [illegible]
ચીજો છે, તે સર્વે કલ્યાણસાધક ચીજોમા જે [illegible]
મહાન, મુખ્ય ને પ્રથમ કારણ છ

પ્રધાન સર્વધર્માણાં—સર્વે ધર્મોમા જે જિનધર્મ [illegible]
મુખ્ય છે

જૈન જયતિ શાસન—તેથી જિનેશ્વર ભગવાનનુ [illegible]
ચૈત્ય ને શ્રી સઘરૂપ શાસન વિજયવત [illegible]

ભાવાર્થ

આ પ્રાર્થના સૂત્રમા દેવાધિદેવ વીતરાગ ભગવાન [illegible] કરવાની જણાવેલ છે તેમા પ્રભુમૂર્તિને નમસ્કાર [illegible] જોઈએ, તે આ સૂત્રમા બતાવવામા આવ્યુ [illegible] બા, હાથ ઊંચા કરી, કપાળ આગળ બે હાથ [illegible] વિધિ છે ચૈત્યવદનમા જિનસ્તુતિ થાય છે, [illegible] ભગવતના આદર્શ ગુણો ગવાય છે અને [illegible] માગણી [illegible] કરાય છ

પરિમન

★ રાગી પાસે તો રાગી માણસ શુ શુ [illegible] તો દુનિયામાં ઘણુ જોવા જાણવા ને સાભળવામા [illegible] છે પણ વીતરાગી પાસે શુ મગાય તે આ [illegible] સૂત્રમાંથી જાણવા મળે છે

★ વીતરાગ કોણ ? કેવા ? વીતરાગ શુ આપે ? તેની પાસે શુ મગાય ? મોક્ષ શુ છે ? વીતરાગ આ થી શુ મળે છે ? તે પ્રભાવ, આ [illegible] થી મળે છ

★ તુચ્છ માણસ તરફ માગણી કરે ને તે પણ ઘણા માગવા પામે પરંતુ મોટા મહાન્ ને જ્ઞાની ભગવંતો સામે મોટી માગણી થઈ જાય અને તે મોટી ઇચ્છાઓ કેવી હોય તે આ સૂત્રમાંથી આપણને શિખવા મળે છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–જય વીયરાય સૂત્ર ક્યારે બોલાય ? તેનો ભાવાર્થ કહો

ઉત્તર–ચૈત્યવંદન કરતી વખતે સ્તવન બોલી રહ્યા પછી તે બોલાય છે આ સૂત્રમાં શ્રી તીર્થંકરદેવની ભવોભવને વિષે સેવા તથા બીજું ઘણું ઘણું માગવામાં આવ્યું છે

પ્રશ્ન ૨–જય વીયરાય સૂત્ર બોલતી વખતે કેવી રીતે બેસવુ ?

ઉત્તર–ચૈત્યવંદન કરતા ડાબો ઢીંચણ ઊંચો કરાય છે જય વીયરાય બોલતા મુક્તાશુક્તિ મુદ્રા મુજબ હાથ રાખવા, એટલે બન્ને હાથ જોડી લલાટે રાખવા, કોણીઓ કમળના દોડાની જેમ સીધી રાખવી, તથા અડધુ સૂત્ર બોલાયા પછી "આભવમખંડા" બોલતા હાથ નાસિકા સુધી નીચા લેવાની પ્રથા જોવામાં આવે છે

પ્રશ્ન ૩–નિયાણું એટલે શું ? તે બાંધવાની કેમ મનાઈ છે ?

ઉત્તર–નિયાણું એટલે કરેલા શુભ કાર્યોનું ફલ પ્રભુ પાસે નિર્ણીત સ્વરૂપ પૌદ્‌ગલિક ઇચ્છાઓ દ્વારા માગી લેવું તે શાસ્ત્રોમાં તેને માટે મનાઈ છે, કારણ કે તેનો અર્થ એ થાય છે કે–આવી મોક્ષે પણ પહોંચાડી શકે તેવી ઊંચી ક્રિયાઓને આટલા ફલ માટે વેચી ગણાય છતાં જય વીયરાયમાં માગણીદ્વારા જિનેશ્વર ભગવંતોની ભવોભવની જે સેવા

ઇચ્છી છે, તેમા ક્રિયા વેચવાનો ઇરાદો નથી, પણ તે તે ક્રિયા ખીલવવાનો જ શુભ આશય છે

પ્રશ્ન ૪-ભવનુ ઉદાસીનપણુ અને માર્ગાનુસારીપણુ એટલે શુ ?

ઉત્તર—સસાર પ થી મોહ ઓછો કરવો તે ભવનુ ઉદાસીનપણુ કહેવાય અને ધર્મના રસ્તે આગળ ચાલવુ તે માર્ગાનુસારીપણુ કહેવાય

૧૯ શ્રી અરિહંતચેઇઆણં (ચૈત્યસ્તવ) સૂત્ર

અન્વયાર્થ

અરિહંતચે આણ-સર્વજ્ઞ તીર્થંકર ભગવાનોને જ ચૈત્ય કે મંદિરમા બિરાજમાન હોય છે તે મંદિરો, જિનાલયો કે દેરાસરોમા પ્રતિષ્ઠિત પાષાણાદિની મૂર્તિ જેમા સ્થાપિત હોય, તેવા મંદિરો પણ પૂજન વંદન વિગેરે યોગ્ય જ છે તે અરિહંત ભગવંતોની સમક્ષ કરેમિ-હુ કરુ છુ કાઉસ્સગ્ગ-કાયોત્સર્ગ (કાયાનો મોહ ઉતારીને સમતાપૂર્વક ધ્યાનમાં રહીશ) વંદણવત્તિઆએ-વંદન કરવા માટે પૂઅણવત્તિઆએ-સેવા, પૂજન, ભક્તિ કરવા માટે સક્કારવત્તિઆએ-સત્કાર કરવા માટે સમ્માણવત્તિઆએ-સ્તુતિ કે સ્તવના કરી હૃદયથી સન્માન કરવા માટે બોહિલાભવત્તિઆએ-શુદ્ધ દેવ, ગુરુ ને ધર્મ ઉપરની શ્રદ્ધા રૂપી બોધિબીજની પ્રાપ્તિ માટે નિરુવસગ્ગવત્તિઆએ-સઘળા અને વિઘ્નોને દૂર કરી ઉપસર્ગરહિત રીતે આરાધના કરવા માટે અથવા ઉપદ્રવ વિનાની મુક્તિ માટે

સદ્ધાએ-પ્રતિપળે વધુ ને વધુ વધતી, મેહાએ-વધારે ને વધારે વિકાસ પામતી બુદ્ધિએ કરીને, ધિઈએ-ધૃતિ એટલે વધતી હિંમત કે સ્થિર ચિંતન અથવા કુશળતા અને સદનશીલતાપૂર્વકના ધૈર્ય ગુણ સાથે, ધારણાએ-ધારણાએ કરીને, અણુપ્પેહાએ-અરિહંત ભગવંતના ગુણોના તાજા સ્મરણ સાથે વધતી જતી તાત્વિક વિચારણાએ યુક્ત બનીને, વડ્ઢમાણીએ-વૃદ્ધિ પામતી એવી ભાવનાથી ઠામિ-હું કરું છું કાઉસ્સગ્ગ-કાઉસ્સગ્ગ (નિરુવસગ્ગવત્તિઆએ સુધી 'કરેમિ કાઉસ્સગ્ગ' નો સંબંધ છે અને 'ઠામિ કાઉસ્સગ્ગ' શબ્દનો સદ્ધાએ શબ્દથી સંબંધ છે)

સૂત્રાર્થ

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં-શ્રી અરિહંત ભગવાનના ચૈત્યોની અર્થાત્ જિનપ્રતિમાઓની સમક્ષ શુભ ધ્યાનપૂર્વક (કાઉસ્સગ્ગ) કાયોત્સર્ગ કરું છું (તે તે ક્રિયાઓથી જે જે ફળની પ્રાપ્તિ થાય છે, તે લાભની પ્રાપ્તિ આ કાયોત્સર્ગથી મેળવવા માટે હું કાઉસ્સગ્ગ કરું છું, વંદન, પૂજન, સત્કાર વિગેરેથી થતા બધા લાભો કાઉસ્સગ્ગથી પણ મળી શકે છે) (૧)

વંદણવત્તિઆએ પૂઅણવત્તિઆએ-વંદન માટે, પૂજનાર્થે,

સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ-સત્કાર અને સન્માન નિમિત્તે જે ફળ મળે, તે ફળ આ કાઉસ્સગ્ગથી પણ મેળવવાના હેતુથી

બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ-સમકિત મળે કે તેમાં સ્થિર થવાય તે માટે, નિરુપદ્રવ બની, ધર્મારાધન થાય તે માટે, અથવા ઉપદ્રવ વિનાનું સંપૂર્ણ સુખનું સ્થાન જે મોક્ષ તેને મેળવવા માટે (૨)

સદ્ધાએ મેહાએ, વિઆએ,–વધારે ને વધારે શ્રદ્ધાથી, નિર્મળ બુદ્ધિથી અને ધૃતિથી અર્થાત્ ધીરજવડે એટલે કે ચિત્તને ડામાડોળ કર્યા વિના સ્થિર સ્થિર ચિત્તે.

ધારણાએ, અણુપ્પેહાએ વઢ્ઢમાણીએ– ધારણાપૂર્વક અને વારવાર ઊંડી વિચારણાથી ("વઢ્ઢમાણીએ" શબ્દ શ્રદ્ધાદિ પાચેની સાથે સબધ ધરાવે છે) પ્રતિપળ વધતી ભાવનાપૂર્વક

ઠામિ કાઉસ્સગ્ગ–કાયાનો ઉત્સર્ગ કરુ છુ, એટલે કાઉસ્સગ્ગ ધ્યાનમા સ્થિર થાઉ છુ

ભાવાર્થ

આ સૂત્રમા અરિહત ભગવાનની પ્રતિમાઓને, વદન પૂજન સત્કાર અને સન્માન કરવાનો અવસર મળે છે વદનાદિદ્વારા સમ્યક્ત્વ અને મોક્ષ પ્રાપ્ત થાય એ ઉદ્દેશથી હુ કાયોત્સર્ગ કરુ છુ તેવીજ રીતે વધુ ને વધુ ભાવનાવાળી શ્રદ્ધા બુદ્ધિ, ધીરજ, ધારણા અને વિચારણા–મથનપૂર્વક કાઉસ્સગ્ગ કરુ છુ એ પાચેયની વૃદ્ધિ માટે હુ એક સ્થાને કાયાને સ્થિર કરીને મૌન અને ધ્યાન સહિત આ ચૈત્યસ્તવ સૂત્રદ્વારા કાઉસ્સગ્ગ ધ્યાનમા સ્થિર થાઉ છુ

પરિમલ

★ મુગટ કે અલકારાદિથી જિનમૂર્તિ વગેરેનો સત્કાર કરવો એ પણ શાસ્ત્રસિદ્ધ છે તે માટે આ સૂત્રનું પ્રમાણ આપી શકાય છે

★ સમોસરણમા ભગવાન દેશના આપે તે ભાવ તીર્થંકર કહેવાય, ત્યારે ચૈત્યમાં જે અરિહત ભગવાનની પ્રતિમા છે, તે સ્થાપના જિન કહેવાય છે એ સ્થાપિત જિનના પૂજન સત્કાર આદિ આ સૂત્રના આધારે થાય છે એટલે એનાથી મૂર્તિ ને મૂર્તિની પૂજા સિદ્ધ થાય છે

★ શ્રી જિનેશ્વર ભગવતની મૂર્તિ પાસે જવાથી સમક્તિ નિર્મળ
છે, મૂર્તિ પાસે કાઉસગ્ગ થઈ શકે છે મૂર્તિ પૂજન
જોઈએ સ્થાપિત મૂર્તિ પાસે વંદના કરવાથી કર્મ
તથા પ્રાણ[illegible] જેમ આ પાષાણ[illegible] જનાવથી
પ્રાણપ્રતિષ્ઠા કરાય [illegible] કરી તે પૂજ્ય ગણી પ્રાણ[illegible]
આટલા ગોધો આ સૂત્રમાંથી આપણા [illegible] મળે

મનન પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–અરિહંતચેઈઆણં સૂત્રનું બીજું નામ શું ? તે
બોલાય ?

ઉત્તર—તેનું બીજું નામ 'ચૈત્યસ્તવ' છે ચૈત્યવંદન
જય વીયરાય સૂત્ર કહ્યા પછી, ને કાઉસ્સગ્ગની પહે
બોલાય છે

પ્રશ્ન ૨–ચૈત્યવંદનના કાઉસ્સગ્ગનું પ્રમાણ કેટલું ?

ઉત્તર—એક નવકારનો કાઉસ્સગ્ગ તેમાં કરાય છે

પ્રશ્ન ૩–કાઉસ્સગ્ગને અંતે શું બોલાય ?

ઉત્તર—અરિહંત ભગવાનને નમસ્કાર કરવા "નમો અરિ
બોલી, "નમોઽર્હત્' સ્તુતિ કહ્યા પછી,
બોલવી ચૈત્યવંદન વખતે આ "અરિહંત ચેઈઆ
ઊભા થઈને બોલાય છે

★ ★ ★

૨૦ શ્રી કલ્લાણકંદ (સ્તુતિ)સૂત્ર

અન્વયાર્થ

કલ્લાણકંદં-સમગ્ર કલ્યાણોનું જે મૂળ છે (એટલે કે જે કલ્યાણ મનુષ્યોને ઇષ્ટ છે તે કલ્યાણરૂપી વૃક્ષનું જે મૂળ, આનાથી ઉત્પન્ન થાય, મૂળ સમાન છે) પઢમં-પહેલા જિણિંદં-(જિન એટલે સામાન્ય કેવળી તેમાં ઇંદ્ર જેવા) શ્રી ઋષભદેવ(ભગવાન)જિનેન્દ્રને સંતિં-સોળમા શ્રી શાંતિનાથ ભગવાનને, તઓ-તેમ જ પછી નેમિજિણં-બાવીશમા શ્રી નેમિનાથ જિનેન્દ્રને મુણિંદં-પ્રતિમાધારી મુનિઓમાં ઇંદ્રસમાન પાસં-પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથ ભગવંતો પયાસં-ત્રણ ભુવનને વિષે જ્ઞાનપ્રકાશના કરનારા। સુગુણિક્કઠાણં-ઉત્તમોત્તમ ગુણોના એક જ સ્થાનરૂપ અથવા અનંત ગુણોના ભંડાર જે ત્રેવીશમા ભગવાન પ્રગટ ચમત્કારી છે તેમને ભત્તીઇ-ભક્તિથી વંદે-વંદના કરું છું સિરિવદ્ધમાણં-ચોવીશમા શ્રી વર્ધમાનસ્વામીને

અપાર-જેનો પાર નથી એટલે છેડો કે અંત નથી સંસારસમુદ્-એવા મહાન સંસાર સમુદ્રના (નો) પારં-પારને જે પામેલા પત્તા-પામેલા (સર્વ જિનો) સિવં-મોક્ષને દિંતુ-આપો સુઇક્કસારં-(સુ-સારી અથવા સુઇ-શુચિ પવિત્ર) સર્વ પવિત્ર વસ્તુઓમાં એક જ સારભૂત (મોક્ષ) સવ્વે-સર્વ જિણિંદા-જિનેશ્વર ભગવંતો સુર-દેવોના વિંદ-સમૂહ તેનાથી પણ વંદા-પૂજાએલા છે વંદાએલા એટલે દેવોના પણ પૂજ્ય કલ્લાણ-કલ્યાણરૂપી વલ્લીણ-વેલડીના વિસાલકંદા-વિશાળ મૂળરૂપ।

નિવ્વાણમગ્ગે-નિર્વાણ એટલે મોક્ષ તેનો માર્ગ (મુક્તિનો માર્ગ તીર્થંકરદેવો સિવાય કોઈ બતાવી શકતું જ નથી તે જિનરૂપિત મુક્તિપથમાં) વર-શ્રેષ્ઠ જાણકપ્પં-ઉત્તમ યાન (વહાણ કે ગાડી વાહન) સમાન છે. પણાસિય-નાશ કર્યો છે જેણે –

સવ્વા કુવાઈ-કુવાદી એકાંતવાદી કદાગ્રહી દુરાગ્રહી મિથ્યાવાદી કે કદાગ્રહીઓના દપ્પ-દર્પ ગર્વ મય-સિદ્ધાંતો મનને જિણાણ-વીતરાગ જિનેશ્વર ભગવાનના સરણ-આધાર લેવા લાયક આધારભૂત શરણરૂપ બુહાણ-પંડિતોના તત્ત્વ જાણનારાઓ નમામિ-નમસ્કાર કરું છું નિચ્ચ-હંમેશા તિજગપ્પહાણે-ત્રણ લોકમાં પ્રધાન એવાને નમું

કુંદ-મોગરાનું ફૂલ મચકુંદ અથવા ડોલર ઇંદુ-ચંદ્રમા ગોક્ખીર-ગાયનું દૂધ તુસાર-હિમ બરફ તે બધાના જેવા શ્વેત વન્ના-(શરીરના) વર્ણવાળી સરોજ-સરોવરમાં ઊગેલું કમળ, હત્થા-હાથમાં કમલે-કમળના પુષ્પ ઉપર નિસન્ના-બેઠેલી વાએસિરિ-વાગેશ્વરી સરસ્વતીદેવી વાગ-વાણીની ઈશ્વરી-માલિક સ્વામી પુત્થય-પુસ્તકોનો વગ્ગ-વર્ગ, સમૂહ હત્થા-જેના બીજા હાથમાં છે સુહાય-સુખને માટે અથવા શ્રી સુખ આપનારી થાઓ સા-તે દેવી અમ્હ-અમો અથવા-સદા, હંમેશા નિરંતર પસત્થા-પ્રશસ્ત ઉત્તમ

સૂત્રાર્થ

કલ્લાણકંદં પઢમં જિણિંદં—કલ્યાણના મૂળરૂપ (જ્યાંથી ભક્તવર્ગના સુખરૂપી વૃક્ષનું સિંચન થાય છે, તે) પ્રથમ જિનેંદ્ર શ્રી ઋષભદેવ ભગવાનને

સંતિં તઓ નેમિજિણં મુણિંદં—ત્યાર પછી શ્રી શાન્તિનાથ પ્રભુને, તથા જેમ દેવસભામાં દેવેંદ્ર શોભે, તેમ મુનિઓની સભામાં ઈંદ્ર સમાન શ્રી નેમિનાથ સ્વામી શોભે છે, તેમને

પાસં પયાસં સુગુણિક્કઠાણં—જ્ઞાનરૂપી પ્રકાશને ફેલાવનારા અને અનંત અને પવિત્ર સદ્ગુણોના એક જ મુખ્ય સ્થાનરૂપ પ્રગટપ્રભાવી પુરિસાદાની શ્રી પાર્શ્વનાથ ભગવાનને

ભત્તીઈ વંદે સિરિવદ્ધમાણં—ભક્તિપૂર્વક હું ચરમતીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામી(મહાવીરસ્વામી)ને વંદન કરું છું (૧)

અપારસસારસમુદ્દપાર—જે ભવ પ પનારૂપ સસારનો સામાન્ય મનુષ્ય પાર કે અતને પામી શકતો નથી, તેવા પણ મહા સમુદ્રના પારને

પત્તા સિવ દિતુ સુ ક્સાર—પામેલા (અનત શક્તિવાળા તે જિનેશ્વરો અમને) પવિત્ર સારી વસ્તુઓમા સપૂર્ણ સારરૂપ એવા મોક્ષને આપો

સ વે જિણિદા સુ વિદનદા—સર્વ જિનેદ્રો જે દેવગણના પણ પૂજ્ય છે, તેઓ, (અમને મોક્ષ આપો)

કલાણ્ કંદ ... —કલ્યાણને પ્રસ વનાર વેલડીઓના જે ભગવતો વિશાળ મૂળ અને કદભૂત છે (૨)

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પ—(વીતરાગકથિત સમ્યગ જ્ઞાનનો મહિમા આ ગાથામા વર્ણવાય છે) જગલમા માર્ગ ન પડ્યો હોય તેવે સ્થળે, સાયકલ, ગાડુ, ગાડી, મોટર, રથ કે રેલ્વે ચાલી શકે નહી, પણ ચાલુ નિયત બાધેલો રસ્તો હોય તો તેના પર એ વાહનો ચાલી શકે છે, તેમ મોક્ષનો માર્ગ શ્રી તીર્થંકર ભગવતોએ બતાવેલો છે એટલે તેના પર તે જ્ઞાનરૂપી રથમા બેસીને જનાર સડસડાટ ચાલી શકે છે અથવા સસારસમુદ્રને તરવા જેમ વહાણ કે સ્ટીમર હોય, તેવુ મોક્ષે જવા માટે એ પ્રભુનુ જ્ઞાન સાધનભૂત છે) સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રવાળા મુક્તિપથ પર ચાલવા માટે ઉત્તમ રથ સમાન જે જ્ઞાન છે તે જ્ઞાન કે જિનસિદ્ધાતને

પણાસિયાસેસકુવાઇદપ્પ—સમસ્ત કદાગ્રહીઓના ઘમડને જે સ્યાદ્વાદમતના જ્ઞાને ભાગીને ભુક્કો કરી નાખ્યો છે

મય જિણાણ સરણ બુહાણ—જે જિનેશ્વર ભગવાનોનો મત-સિદ્ધાત અથવા તેમના આગમગ્રથે

તત્ત્વદેશિન ધારણ કરના। વિદ્વાનો અને પંડિતોને પણ આશ્રયભૂત ને શરણભૂત છે, તે અનેકાંતવાદને

નમામિ નિત્યં તિજગત્પધાન-વિશ્વવિખ્યાત આ આગમ જ્ઞાનને હું રુપથી ભાવથી નમન કરુ છું (૩)

કુંદિંદુગાક્ખીરતુસાર વન્ના-મોગરાના ફૂલ, ચંદ્રમા ગાયનું દૂધ અને હિમ, તે બધાયના જેવો ઉજ્વળ વર્ણ જે દેવીનો છે

સરોજહત્થા કમલે નિસન્ના-જે દેવી એક હાથમા કમળને ધારણ કરે છે, કમલ ઉપર બેસવાવાળી છે, એટલે કમલ તેનુ આસન છે

વાએસિરી પુત્થયવગ્ગહત્થા-વાગેશ્વરી દેવી જેને સરસ્વતીદેવી પણ કહે છે (વાગ એટલે વાણી તેને આપનારી સરસ્વતી કહેવાય છે) તે દેવી બીજા હાથમા પુસ્તકના સમૂહને ધારણ કરી રહી છે

સુહાય સા અમ્હ સયા પસથ્થા-તે વાગ્વાદિની ઉત્તમ તથા ઉદાર મહાદેવી અમને સદાને માટે સુખ આપનાર બનો એટલે અમારા ધર્માનુસારી વાણીવિલાસને વિસ્તારવામા કુશળતા આપવા સાથે વિઘ્નો દૂર કરીને સુખ સમૃદ્ધિને બનો! (૪)

ભાવાર્થ

આ ચાર ગાથાની થોય કહેવાય છે તેમા ક્રમ એવા ગોઠવાયેલો હોય છે કે પહેલી ગાથામા મુખ્ય એક ભગવાનની અથવા પાંચ ભગવાનની સ્તુતિ હોય છે બીજી ગાથામા સર્વ જિનેશ્વર ભગવંતોની સ્તુતિ કરાયેલી હોય છે ત્રીજીમા જ્ઞાનગુણનુ વર્ણન આવે છે એટલે જ્ઞાનનો મહિમા ગાતી તે ગાથા હોય છે ચોથી શાસનદેવ કે શાસનરક્ષક દેવીની હોય છે આ ચાર થોયોથી દેવવંદન

થાય છે પક્ખી, ચોમાસી કે સાંવત્સરિક પ્રતિક્રમણોના આગલના દિવસે માસિક પ્રતિક્રમણ થાય છે તે દિવસે આ ૮ થોય કહેવાનો પરંપરાગત રિવાજ છે

પરિમલ

★ આજે જેમ બોમ્બે આગ્રા રોડ ભારતમાં વિખ્યાત છે તેમ આપણા આર્યસંસ્કૃતિવાળા ભારત દેશમાં જે મોક્ષ માર્ગ છે તે આગ્રા રોડ જેવો છે રોડ એટલે રસ્તો પથ અથવા માર્ગ તે નિષ્કંટક હોવો જોઈએ. દુન્યવી મોહક લાલચો આ મોક્ષમાર્ગના વિરોધી તત્ત્વો છે તે આ સૂત્રની ત્રીજી ગાથામાંથી જાણવા મળે છે

★ જો આ મોક્ષમાર્ગ ભારતમાં ન હોય, તો હિંસક દુનિયાના રિવાજો અહીં પણ પવનના મોજાઓની જેમ ફરી વળે. અહિંસાના સૂર આ આર્ય સંસ્કારોના પ્રતાપે અહીં સભર છે એ અહિંસાનો માર્ગ અવરુદ્ધ થાય નહીં માટે પંડિતોને અને વિદ્વાનોને પણ જિનેશ્વર ભગવંતનું શરણ ગમી જાય તેવું અને માનવું પડે તેવું છે તેમ ત્રીજી ગાથામાંથી જાણી શકાય છે

★ ચોથી થોયમાં શાસનરક્ષક દેવને કે દેવીને નમસ્કાર કરવામાં આવતો નથી, પણ તે દેવ કે દેવીની પાસે ધર્મનું આરાધન કરતાં કોઈ વિઘ્ન આવે તે દૂર કરી સહાયક બનવાનું જ તેમાં ઇચ્છાય છે

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧—કલ્યાણકંદ સૂત્રમાં કયા કયા તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે?

ઉત્તર—શ્રી ઋષભદેવ સ્વામી, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી

પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામી એ પાચ તીર્થંકરોની સ્તુતિ પહેલી ગાથામા કરેલી છે

પ્રશ્ન ૨-થોય એટલે શુ ? તે કેટલી ગાથાની બનેલી હોય ?

ઉત્તર—થોય એટલે સ્તુતિ-પ્રાર્થના ચાર ગાથા ભેગી મળવાથી એક થોય-જોડો કહેવાય છે તે ભગવાનની પાસે દેવવંદનમા બોલાય છે

* * *

૨૧ શ્રી સંસારદાવાનલ સ્તુતિ
(શ્રી મહાવીરસ્વામી ભગવાનની સ્તુતિ)

અન્વયાર્થ

સંસાર-જન્મ મરણ રૂપ ભવભ્રમણ છે તે **દાવાનલ**-દાવાનળ સમાન મહાન અગ્નિનું ભયંકર સ્વરૂપ તે, વાગ્નિ **દાહ**-તાપને બુઝાવવામાં (ઓલવવામાં) **નીર**-પાણી સમાન (શ્રી વીરપ્રભુને) **સંમોહ**-મહા મોહરૂપી **ધૂલી**-ધૂળને **હરણે**-દૂર કરવામાં **સમીર**-પવન સમાન (શ્રી વીર વિભુને) **માયા**-કપટ પ્રપંચજાળરૂપી **રસા**-પૃથ્વીને **દારણ**-ખોદવામાં **સાર**-અણીદાર, ધારવાળુ, તીક્ષ્ણ **સીર**-હળ સમાન (શ્રી વીર જિનેશ્વરને) **નમામિ**-નમુ છુ **વીર**-શ્રી મહાવીરસ્વામી ભગવાનને **ગિરિસાર**-મેરુપર્વત જેવા **ધીર**-ધીર એવા (શ્રી વીર ભગવાનને)

ભાવ-ભાવપૂર્વક **અવનામ**-નમસ્કાર કરનાર, **સુર**-વૈમાનિક દેવોના **દાનવ**-ભુવનપતિ આદિ દાનવોના અને **માનવ**-મનુષ્યોના

ાવાવનાસુરદાનવમાનવેન–ભાવપૂર્વક નમન કરનાર દેવ દાનવ અને મનુષ્યના સ્વામીઓના

ૂનાવિનોનક્રમનાનવિમાનિતાનિ–મુગટોમાં રહેલા ચંચન કમ ળોની પંક્તિવડે (જે ભગવતોના ચરણકમલમાં નમવાથી) સુશોભિત બનેલ છે

ંપ્રરિતાભિનતલાકસમીહિતાનિ–તથા ભક્તિભાવનાથી મસ્તક નમાવી વંદન કરનાર નરનારી વર્ગની મનોકામનાઓને હમેશા પૂર્ણ કરનાર એવા જિનચરણોને (શાશ્વતા સુખોની ઈચ્છાઓ માત્ર આ જિનેશ્વરો જ પૂર્ણ કરી શકે છે)

મ નમામિ જિનરાજ પદાનિ તાનિ–તે પ્રસિદ્ધ જિનેશ્વર ભગવંતોના ચરણકમળોને હું અત્યંત ભાવથી નમસ્કાર કરુ છુ (૨)

ાગાધ સુપદપદ્વીનીરપૂરાભિરામ–જેમ દરિયામાં ભરતી વખતે પૂર પ્રવાહથી જલની રેલમછેલ થાય છે ને જોનારના નયનોમાં તેથી આનંદોત્સાહ પ્રવર્તે છે, તેમ આ દ્વાદશાંગીનો અભ્યાસ કરતી વખતે મુનિરાજોને તેની અંદર રહેલી વિવિધ અલંકારોથી ભરેલી જ્ઞાનવર્ધક ને બોધદાયક યુક્તિઓવાળી, નગ્ન સત્યનુ શોધન કરાવતી ને અગાધ અવગાહન કરાવતી, ઉત્તમોત્તમ પદોની આગમોમાં મનોહર રચના દેખી આનંદની ઊર્મિઓ તત્ત્વમંથન કરવા પ્રેરે છે તથા ગંભીર ને અવગાહન ન થઈ શકે તેવા અગાધ જ્ઞાનને

જીવાહિંસાવિરલલહરીસંગમાગાહદેહ–જીવમાત્ર ઉપરની દયારૂપ વહેતા તરંગોથી જે નિરંતર ભરપૂર દેખાય છે, ને તે કારણથી તે અહિંસાના વિસ્તારવાળો આગમ મહાસાગર એક મહાન કાયરૂપ બનેલ છે, તે જ્ઞાનને

સારે-સુશોભિત નન્દ્યા। ઉત્તમ પ્રકારનુ કનન-રે-કમળ
હાથમા હોય તે તારુ-દેદીપ્યમા। ઉદ્-ઠામા પગુરે॥ હાથે
અભિરામ-મનોહર છે ચરણ જેનું નાલિન પેઠ-ના શાલિપ
ગમની વાણીો (આગમો લીતગત્રુ અ સામાત્ પ્રતિબિંબ
સમૂહ જેો દેહે-દેહરૂપ તે ભવનિન્દુતન-માયરૂપ નગદા (
સ્તુતિના કર્તા મહાત્માની ગીર્ગિભ સૂરીશ્વ જી મહારાજે ૧૪૪
ગ્રથ તરીકે આ છે તી ચોથા ગાથા ગાલી, તેમા આ "ભવનિરહ
વગ્યથી અકિત થ તેમની કૃતિ। નણ નતાવ છ) હદ્દિ-આપ
ન-મને હેનિ-હ દેશ! સાર-વદાન ગાઢ।

સૂત્રાર્થ

સસાર દાવાનલદાહનીર-સસારરૂપી અનતા દુ ખોવી બરલા
અને જન્મમરણના ભ્રમણથી ભયાનક એવા દાવાનલ
અગ્નિને ઓલવવામાં સમતાના ઓધરૂપી જળ છાંટીને શાંતિ
આપનાર (જેમ કોઈ ઠેકાણે આગ લાગે અને તે અગ્નિને
બુઝાવવા બંબાઓ દ્વારા પાણી છંટાવી આગને ઠંડી
પાડવામા આવે તેમ) પાણી સમાન શ્રી વીર પ્રભુ છે, તેમન
સમોહધૂલીહરણે સમીર-કષાયોથી વિષયોમા આસક્ત બનાવનાર
મોહરૂપી જે ધૂળ છે તેને ઉડાડીને જંગલમા ફેંકી દેવામા
પવન સમાન એ પ્રભુ છે, તેમને

માયારસાદારણસારસીર-આ સંસારમા ભ્રમણ કરાવનાર જે
માયા છે, તે રૂપી પૃથ્વીને ખોદવા માટે તીક્ષ્ણ હળ સમાન
એ પ્રભુને

નમામિ વીર, ગિરિસારધીર-અને મેરુપર્વત જેવા અડગ, સ્થિર
તથા ધીરજવાળા એવા ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીજી
પ્રભુને હું નમસ્કાર કરુ છું. (૧)

ભાવાનનામમ્ નનમાનરેન-ભાવપૂર્વક નમન કરનાર દેવ દાનવ અને મનુષ્યના સ્વામીઓના

ચૂલાવિલોલ-મનાવલિભાવિતાનિ-મુગટોમાં રહેલા ચપળ મણીઓની પંક્તિવડે (જે ભગવંતોના ચરણકમલમાં નમવાથી) સુશોભિત બનેલ છે

સંપૂરિતાભિનતલોકસમીહિતાનિ-તથા ભક્તિભાવનાથી મસ્તક નમાવી વંદન કરનારા નરનારી વર્ગની મનોકામનાઓને હંમેશા પૂર્ણ કરનાર એવા જિનચરણોને (શાશ્વતા સુખોની ઇચ્છાઓ માત્ર આ જિનેશ્વરો જ પૂર્ણ કરી શકે છે)

કામં નમામિ જિનરાજ પદાનિ તાનિ-તે પ્રસિદ્ધ જિનેશ્વર ભગવંતોના ચરણકમલોને હું અત્યંત ભાવથી નમસ્કાર કરું છું (૨)

બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામં-જેમ દરિયામાં ભરતી વખતે પૂર પ્રવાહથી જલની રેલમછેલ થાય છે ને જોનારના નયનોમાં તેથી આનંદોલ્લાસ પ્રવર્તે છે, તેમ આ દ્વાદશાંગીનો અભ્યાસ કરતી વખતે મુનિ જીવોને તેની અંદર રહેલી વિવિધ અલંકારોથી ભરેલી જ્ઞાનવર્ધક ને બોધદાયક યુક્તિઓવાળી, તત્ત્વ સત્યનું શોધન કરાવતી ને અગાધ અવગાહન કરાવતી, ઉત્તમોત્તમ પદોની આગમોમાં મનોહર રચના દેખી આનંદની ઊર્મિઓ તરંગમય બનાવ કરવા પ્રેરે છે તથા ગંભીર ને અવગાહન ન થઈ શકે તેવા અગાધ જ્ઞાનને

જીવાહિંસાવિરલલહરીસંગમાગાહદેહં-જીવમાત્ર ઉપરની દયારૂપ વહેતા તરંગોથી જે નિરંતર ભરપૂર દેખાય છે, ને તે કારણથી તે અહિંસાના વિસ્તારવાળો આ આગમ મહાસાગર એક મહાન કાયરૂપ બનેલ છે, તે જ્ઞાનને

ચૂનાગેન ગુરુગમમતિ સત્રુવ દુરુપાર—એટલે તે મહાજ્ઞાન અને વિચારોનો સાગર ચીર ભર્યો છે, અને ચૂલિકાઓ કે જ્ઞાન મહાસાગરના તટ સમાન છે, મોટા આલાવાઓ એ ઊંડા સાગરને તજિયે રહેલા મહામૂલા રત્નો સમાન છે તે બધી વસ્તુઓથી વ્યાપ્ત અને ભરેલો છે, અને જે સાગરનો પાર પામવો ઘણો જ કઠીન છે એવા

સાર વીરાગમજલનિધિ સાદર સાધુ સેવે—શ્રી મહાવીરપ્રભુના શાસનના પ્રધાન અંગ સમાન એવા આગમરૂપ મહાસમુદ્રની આદરપૂર્વક ન ભલી રીતે હું સેવા, પૂજા તથા ભક્તિ કરું છું (૩)

આમૂલાલોલધૂલીબહુલપરિમલાલીઢલોલાલિમાલા—મૂળ સુધી ડોલતા ન ચલતા એવા પુષ્પાની (રજ) પરાગમાની અતિશય સુગંધીથી આકર્ષાઇને તેમા મગ્ન થએલા એવા ભમરાઓની શ્રેણિ એટલે હારમાળાના

ઝંકારારાવસારામલદલકમલાગારભૂમિનિવાસે!—ગૂંજનના ઝણઝણાટવાળા શબ્દોવડે શ્રેષ્ઠ ને શોભતા સ્વચ્છ પાંદડાવાળા કમળ પર બેઠેલી એવી ભુવનના મધ્ય ભાગની ભૂમિમા નિવાસ કરવાવાળી હે શ્રુતદેવી!

છાયાસંભારસારે! વરકમલકરે! તારહારાભિરામે!—કાન્તિ અને લાવણ્યના પુંજવડે સુંદર દેહવી શોભતી, હાથમા ઉત્તમ કમળને ધારણ કરવાવાળી, સ્વચ્છ ને દેદિપ્યમાન હારવડે મનોહર અંગવાળી તથા

વાણી સંદોહદેહે! ભવવિરહવરં દેહિ મે દેવિ! સારમ્—બાર અંગરૂપ વાણી એ જ જેનુ મહાકાય શરીર છે, એવી હે શ્રુતદેવી! સર્વોત્તમ એવુ, જન્મમરણરૂપ સંસારનો વિરહ

થાય તેવા મોક્ષનું મને વરદાન આપો અથવા આ સ્તુતિના કર્તા મહાન ઉપકારી આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વર મહારાજે "ભવવિરહ" શબ્દથી અહીં પોતાનું નામ સૂચન કર્યું છે, એટલે રચનાર કવિને ઉત્તમ મોક્ષ આપો

ભાવાર્થ

દરેક તેના ચાર ગાથાઓ આવે છે તેમ આ સૂત્રની સ્તુતિમા પણ છે આ સ્તુતિ મોટે ભાગે આઠમના સાંજના પ્રતિક્રમણ વખતે તેમ જ ચૌદશના પક્ખિ પ્રતિક્રમણના સજ્ઝાયના ઠેકાણે અને સ્ત્રીઓમા સાંજના દેવસીરાઇ પ્રતિક્રમણમાં છ આવશ્યક પૂરા થયા બાદ સામુદાયિક બોલાય છે પરમોપકારી આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આ સ્તુતિના રચયિતા છે પૂર્વોનુ જ્ઞાન લગભગ નષ્ટ થતુ હતુ તે સમયે આ મહાપુરુષ આચાર્ય ભગવંત થયા હોવાનુ મનાય છે એટલે તેઓ પહેલા જ્ઞાતિએ બ્રાહ્મણ હતા અને મોટી ઉમરે દીક્ષા લીધી હતી એટલે પંદર સૈકા પહેલાની આ વાત ગણાય કહેવાય છે કે તેઓશ્રીએ પોતાના બે શિષ્યોની બૌદ્ધોએ કરેલી દેહાતશિક્ષા બદલ ૧૪૪૪ બૌદ્ધોનો નાશ કરવા ધારેલુ હતુ પરંતુ તેમના પર દયા લાવીને આ રૌદ્ર દુર્ધ્યાન બદલ પ્રાયશ્ચિતમા ૧૪૪૪ ગ્રંથો બનાવવાનુ નક્કી થયુ તેમા ૧૪૪૦ ગ્રંથો તો બનાવ્યા હતા છેવટે શરીર લથડ્યુ આ સ્તુતિની ત્રણ ગાથા અને આમૂલાનુ પ્રથમપદ પણ બનાવ્યા છેવટે કાળ કરી સ્વર્ગે ગયા એટલે શ્રુતદેવીની સહાયથી શ્રી સંઘે ઝંકારાવાળી ગાથા બનાવી સંસારદાવા સૂત્ર પૂર્ણ કર્યું તેમ ૧૪૪૪ ગ્રંથોની ગણત્રી પણ પૂરી થઇ તેથી શ્રી સંઘ મોટા પ્રતિક્રમણોમા દરેક વખતે ઝંકારાવાળી ગાથાથી પૂર્ણ થતા સુધી ઉચ્ચ સ્વરે સામુદાયિક બોલે છે

પરિમલ

★ જૈન દર્શનની ગુણગ્રાહિ ઘણી માન્યતાઓનુ આ સ્તુતિમા દિગ્દર્શન થએલુ જણાય છે જેવા કે (૧) જન્મ મરણરૂપ સંસાર

એક મહાન દાવાનળના બળતા અગ્નિના તાપની ઉપમાવાળા છે (૨) ભગવાન મહાવીર પ્રભુ તેને બુઝાવવા માટે પાણી સમાન છે આ ઉપમા સંપૂર્ણ સંગત છે (૩) શ્રી જિનેશ્વર ભગવંતો સંસારી એથી નિર્મળ હોવા છતા ભક્ત જનના કામિત પૂરે છે તે પણ બીજી ગાથામા બતાવ્યું છે આ એક મહત્વની વાત છે એટલે જ દુઃખી જીવોના આત્મા જો વીતરાગતાને પામે તો જરૂર તેના સંકટો દૂર થઈ શકે માટે જે પોતાને દુઃખી માનતો હોય તેણે આ દેવાધિદેવની ભગવંતોના શરણ લેવું જ જોઈએ (૪) પ્રભુએ કથન કરેલી વાણી એક અગાધ અને મહાન સમુદ્રસ્વરૂપ છે એની ઉપમાઓ બધી જ ત્રીજી ગાથામા સમજાવી છે તે ઘટનાઓ મહાન વિચારણાઓ માટે છે સમુદ્રની જેમ નાના તરંગો કેવા સમુદ્રના મોતીની જેમ નાના મોટા કેવા જ્ઞાનના લાભ કેવા કેવા વિષયોનું જ્ઞાન વિવિધ વસ્તુઓનું જ્ઞાન આ ગાથામાથી મળી શકે છે (૫) દ્વાદશાંગીરૂપ વાણીનો સમૂહ એ જ મહાન કાયા જેની છે તે **શ્રુતદેવી,** સરસ્વતી દેવી અથવા શારદા દેવી સમજી લેવી એ પ્રમાણે વર્ણન કરવાથી અહીં સમ્યગ જ્ઞાનના વિકાસનું વર્ણન સુંદર રીતે જાણવા મળે છે

★ સંસાર દાવા સ્તુતિની ત્રીજી ગાથામાં એક મહાન સૂચન કરાયેલું છે કે દુનિયામાં બીજા લોકો સાગરપૂજા વગેરે વાર્ષિક દિવસો ઉજવે કરે છે ત્યારે જિનશાસનમા સાચા જ્ઞાન મહાસાગરની સેવા પૂજા ને ભક્તિનું વિધાન કરવામા આવ્યું છે કે આગમજલનિધિની હું સેવા ભક્તિ કરું છું

સરળ પ્રશ્નોત્તરી

પ્રશ્ન ૧–સંસારદાવા સૂત્ર કોનું રચેલું છે?

ઉત્તર—૧૪૪૪ ગ્રંથોના રચયિતા મહાન ઉપકારી આચાર્ય ભગવત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું રચેલું આ સૂત્ર છે તે સંસ્કૃત તથા પ્રાકૃત એમ બન્ને ભાષાના એક સરખા રૂપથી રચાએલ છે એટલે સમ સંસ્કૃત પ્રાકૃત રચના કહેવાય છે આ સ્તુતિમાં એક મહત્ત્વ એ છે કે, તેમાં એક પણ જોડાક્ષર નથી આવી કૃતિ-કવિતા બહુ ક્વચિત્ જ મળે છે

પ્રશ્ન ૨–"સંસારદાવા" નો ટૂંકો ભાવાર્થ કહો

ઉત્તર—તેની પહેલી ગાથામાં પ્રભુશ્રી મહાવીરદેવની સ્તુતિ છે, બાકીની ત્રણ ગાથાઓમાં અનુક્રમે સર્વજિન, જિનાગમ અને શાસનદેવીની સ્તુતિઓ છે

પ્રશ્ન ૩–સંસારદાવા સૂત્ર ક્યારે બોલાય?

ઉત્તર—આઠમીને દિવસે પ્રતિક્રમણમાં થોય તરીકે આ સ્તુતિ બોલાય છે પાક્ષિક વિગેરે મોટા પ્રતિક્રમણોમાં સજ્ઝાય તરીકે તે બોલાય છે સ્ત્રીઓ પ્રતિક્રમણમાં "નમોઽસ્તુ"ના બદલે પણ આ સૂત્ર બોલે છે



વિભાગ બીજો

(૧) ૫ ૦ તીર્થોના નામ	(૪) દેવપાન
(૨) સોળ સતીઓના નામ	(૫) ભગવાન શ્રી મહાવીર પ્રભુનુ આદર્શ ચરિત્ર
(૩) ચોવીશ તીર્થંકરોના લંછન સહિત નામ	(૬) ચાર પરીક્ષાઓના પ્રારંભિક પ્રશ્નપત્રો

(૧) પંદર તીર્થોના નામ


(૧) શ્રી શત્રુંજય ગિરિરાજ (૨) શ્રી ગિરનારજી (૩) શ્રી આબુજી (૪) શ્રી સમેતશિખરજી (૫) શ્રી પાવાપુરીજી (૬) શ્રી શંખેશ્વરજી (૭) શ્રી તારંગાજી (૮) શ્રી કદંબગિરિજી (૯) શ્રી તળાજા (૧૦) શ્રી અંતરીક્ષપાર્શ્વનાથજી (૧૧) શ્રી રાણકપુરજી (૧૨) શ્રી કુલપાકજી (૧૩) શ્રી ભાંડુપજી (૧૪) શ્રી માંડવગઢ (૧૫) શ્રી કેશરીયાજી તદુપરાંત શ્રી જઘડીઆજી જેસલમેર વિગેરે બીજા કેટલાક તીર્થ લઈ શકાય છે

(૨) સોળ સતીઓના નામ

(૧) બ્રાહ્મી (૨) સુંદરી (૩) ચંદનબાળાજી (૪) રાજિમતીજી (૫) દ્રૌપદી (૬) કૌશલ્યા (૭) મૃગાવતીજી (૮) સુલસા (૯) સીતાજી (૧૦) સુભદ્રા (૧૧) શિવા (૧૨) કુંતા (૧૩) શીલવતી (૧૪) દમયંતી (૧૫) પ્રભાવતી અથવા પુષ્પચૂલા (૧૬) પદ્માવતી

...થી વિભૂષિત હતો. સ્ત્રીઓના દુ:ખોના ભાગીદાર બનતો, ...ઓને માટે જેના ભંડાર ખુલ્લા હતા, આવેલો પાછો જાય ...ડું એવી જેને ત્યાં નીતિ હતી, સમ્યગ્દૃષ્ટિ અને સંસ્કારી ...ન જીવવાના જેને કોડ હતા, એના કરુણાભાવિત જિનદત્ત ...ને ત્યાં એક ક્ષત્રિયવંશી અને કૃતજ્ઞ દેવપાલ નામે નોકર રહેતો ... શેઠના પરિચયથી તે જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ થયો હતો ...ગુરુઓના સમાગમથી તે જૈન ધર્મના રહસ્યનો જાણ થયો ...ધિ વિધિના સધળાય ધર્મના જૈન ધર્મ ચઢિયાતો અને સંપૂર્ણ ... એવો સમકિતનો રંગ એના લોહીના બિંદુએ બિંદુએ ફરી વળ્યો ...ડ્રો ધર્મ વિનાનું જીવન એને મન અકારું અને અદ્ભુત ...ગતું હતું "જીવનને જીવતા શિખડાવનાર જે કોઈ પણ કળા ...ય તો તે ધર્મકળા જ છે", એમ એના મનના સચોટ વસી ગયું ...તુ ધર્મની એને મન શ્વાસોશ્વાસ કરતા પણ અધિક કિંમત ...ી. આજના સભ્ય અને સંસ્કારી ગણાતા સસારીની અસભ્યતા ...મનામા ન હતી, કે જેથી એ ધર્મને કે ધર્મના અર્થી જનોને ...ી કે દ્વેષી માને ! આવું જીવન દેવપાલનું હતું સાચે ઉત્તમ ...નોના સંસર્ગથી જીવો શું નથી પામી શકતા ? કહેવું જોઈએ કે ...ઈ કલ્યાણકામી આત્માઓ સઘળુ પામી શકે છે

... વર્ષાઋતુનો દિવસ હતો વાદળાઓથી આકાશ છવાઈ ગયું હતું મેઘ સિંહની જેવી ગર્જ... ...વીજળી આકાશમાં થોડે થોડે અંતરે ઝબકારા ...હતો. પાણીના પૂર ખળખળ ...સમુદ્રને મળવાને જાણે ઉત્સુક ...ધ્વન થઈ રહ્યું હતું ...વિહ્વળ બનાવે ...વેલો હતો ...



ભરતક્ષેત્રનું અચલપુર તે ખરેખર 'અચલ' હતું તે નામ ભાવસૂચક હતું સુખ-સમૃદ્ધિ રાજ-મહાલયો, વૈભવ-વિલાસો અને લક્ષ્મીની છોળો ત્યા ઉછળી રહી હતી અનેક ઉદાર ગુણ સપન્ન ધનકુબેરોનો જ્યા વસવાટ હતો વેપાર-વાણિજ્ય વિગેરે જ્યા સારી રીતે નીતિપૂર્વક ચાલતા હતા, ધર્મ ભાવના તથા દેવ, ગુરુ અને ધર્મની આરાધના માટે ત્યા સાધુ-સંતો આવતા સારી હતી લોકો લક્ષ્મીના પૂજારી નહી પણ ગુણના પૂજારી તે નગરમા વસતા હતા, એવું તે અચલપુર નવપૂર્ણ કળાઓથી મઘમઘી રહ્યુ હતુ

સત્તા અને કીર્તિ, ન્યાય અને નીતિ, ગુણ અને ધર્મ જેના ચાર દિશાએ પ્રસરી રહ્યા હતા, યશોગાથા જેની ચોમેર ફેલાઈ રહી હતી, એવો પ્રજાવત્સલ અને પ્રતાપી સિંહરથ નામે રાજા ત્યા રાજ્ય કરતો હતો, જેની સેવા માટે અનેક રાજસેવકો હતા

રાજવૈભવ તો જેનો બેશુમાર હતો, લક્ષ્મીનો ભડાર લક્ષ્મીથી ભરપૂર હતો, રાજા પોતે પોતાના નામ પ્રમાણે સિંહરૂપ હોવાથી દુશ્મનો મૃગલાઓની માફક ભાગતા ફરતા હતા એવા એ સિંહરથ રાજાને રૂપરંગે યુક્ત અને ગુણે કરીને અદ્ભુત કનકમાલા અને શીલવતી નામે બે રાણીઓ હતી, અને ગુણવતી નામે એક પુત્રી હતી નામ તેની પુત્રી એટલે એમા શું કહેવાનું હોય? રૂપરૂપનો અબાર હતી એટલું જ નહી પણ ગુણનો ભંડાર હતી ગુણ વિનાનું રૂપ એ લૂણ વિનાના અન્ન જેવું છે, કારણ કે ગુણ સિવાયનું એકલું રૂપ કોઇ વખત અનર્થ કરી જાય છે, ને ભારી મુશ્કેલીમા મૂકાવે છે

તે જ અચલપુરમા રાજાનો અત્યંત માનીતો એક જિનદત્ત નામે શ્રેષ્ઠી રહેતો હતો શેઠ પણ દયાળુ, ઉદાર અને માનવતાના

ગુણોથી વિભૂષિત હતો દુખીઓના દુખોના ભાગીદાર બનતો, ગરીબોને માટે જેના ભંડાર ખુલ્લા હતા, આવેલો પાછો જાય નહિ એવી જેને ત્યા નીતિ હતી, સમ્યગ્દૃષ્ટિ અને સંસ્કારી જીવન જીવવાના જેને કોડ હતા, એવા કરુણાભાવિત જિનદત્ત શેઠને ત્યા એક ક્ષત્રિયવંશી અને કૃતજ્ઞ દેવપાલ નામે નોકર રહેતો હતો, શેઠના પરિચયથી તે જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ થયો હતો સદ્ગુરુઓના સમાગમથી તે જૈન ધર્મના રહસ્યનો જાણ થયો હતો વિશ્વના સઘળાય ધર્મમા જૈન ધર્મ ચઢિયાતો અને સંપૂર્ણ છે, એવો સમકિતનો રંગ એના લોહીના બિંદુએ બિંદુએ ફરી વળ્યો હતો ધર્મ વિનાનુ જીવન એને મન અકારુ અને અટુલુ લાગતુ હતુ "જીવનને જીવતા શિખવનાર જો કોઈ પણ કળા હોય તો તે ધર્મકળા જ છે", એમ એના મનમા સચોટ વસી ગયું હતુ ધર્મની એને મન શ્વાસોશ્વાસ કરતા પણ અધિક કિંમત હતી. આજના સભ્ય અને સંસ્કારી ગણાતા સંસારીની અસભ્યતા એનામા ન હતી, કે જેથી એ ધર્મને કે ધર્મના અર્થી જનોને ઢોંગી કે દંભી માને! આવુ જીવન દેવપાલનુ હતુ સાચે ઉત્તમ જનોના સંસર્ગથી જીવો શુ નથી પામી શકતા? કહેવુ જોઈએ કે કલ્યાણગામી આત્માઓ સઘળુ પામી શકે છે

વર્ષાઋતુનો દિવસ હતો વાદળાઓથી આકાશ છવાઈ ગયુ હતુ મેઘ સિંહની જેવી ગર્જના કરતો હતો વીજળી આકાશમા થોડે થોડે અંતરે ઝબકારા મારતી હતી વરસાદ ધોધમાર પડતો હતો પાણીના પૂર ખળખળ વહી રહ્યા હતા સરિતાનુ નીર સમુદ્રને મળવાને જાણે ઉત્સુક ન બન્યુ હોય તેમ ઘોડાપૂર વેગે વહન થઈ રહ્યુ હતુ ઉછળતા પાણીના દૃશ્યો કાચા હૃદયના માણસને વિહ્વળ બનાવે તેવા હતા પાણીનો અવાજ ચિત્તભ્રમ ઉપજાવે તેવો હતો આવા બિહામણા સમયે દેવપાલ ઠંડીથી રક્ષ

વિના વ્યર્થ ગયા આજે આઠમે દિવસે આપના દર્શન પામ્યો, તેથી મારો આત્મા આજે કૃતાર્થ થયો છે આપના દર્શન સિવાય મને કોઈ વસ્તુની ઈચ્છા જ રહી નથી શરીર પણ અનવસ્થ રહેતુ હતુ જિનભક્તિ વિના મન આકુળવ્યાકુળ બની ગયુ હતુ આત્મા મનાતિનો ભોગ બન્યો હતો આજુબાજુનુ વાતાવરણ શૂન્ય ભાસતુ હતુ, માટે હે વિભુ! આપની પાસે કેવળ એક જ પ્રાર્થના વિનીતભાવે કરુ છુ, કે 'આપના દર્શન મને નિર્વિઘ્નપણે નિત્ય મળો!' આ પ્રમાણે દેવપાલ દેવાધિદેવની સન્મુખ રહી પ્રાર્થના કરી રહ્યો છે, એટલામા યુગાદિદેવની અધિષ્ઠાયિકા દેવી ચક્રેશ્વરી પ્રગટ થયા, અને નવાલને ઉદ્દેશીને કહ્યુ, કે–

દેવપાલ! જે યુગાદિદેવના તુ ભક્ત છે, તે પ્રભુની હુ અધિષ્ઠાયિકા દેવી છુ, તારે જે માગવુ હોય તે માગી લે

પ્રભુની ભક્તિથી રગાએલા દેવપાને જવાબમા જણાવ્યુ 'દેવી! મારે મારા જીવનમા એ-જ માગવાનુ છે, તે એ કે-શ્રી જિનેશ્વર ભગવાનની સેવા-ભક્તિ મને અખડપણે પ્રાપ્ત થાઓ! એ સિવાય અન્ય મારે કશુ માગવાનુ છે નહીં'

'દેવપાલ! એમા તે શુ માગ્યુ? હુ તો આ લોકના ઇચ્છિત સુખોને આપવા આવી છુ હુ તારા પર પ્રસન્ન થઇ છુ માટે બીજુ કાઈ માગી લે!

'દેવી! ભગવાનની ભક્તિ આ લોકના સુખના માટે હુ કરતો નથી, પણ મોક્ષસુખને માટે મારી આ ભક્તિ છે માટે હુ જે માગુ છુ તેમા તુ સહાય કર!'

'દેવપાલ! એમા તો મારી સહાય જ છે, તારી ભક્તિથી આકર્ષાઈને હુ આવી છુ, માટે બીજુ કાઈ માગી લે! દેવ દેવીના દર્શન નિષ્ફળ જતા નથી

'દેવી ! બીજુ માગવુ એ તો હાથી વેચી ગધેડા ખરીદવા જેવુ છે, માટે બીજુ કાઈ માગવાનુ રહેતુ નથી

'દેવપાલ ! તારી અડગ શ્રદ્ધા જોઈ હુ વરદાન આપુ છુ, કે તુ આપુત્રીના દિવસોમા આ જ નગરનો સ્વામી થશે '

'દેવી ! મને રાજ્યની કે રાજા થવાની ઈચ્છા નથી, કારણ કહેવાય છે, કે રાજેશ્વરી તે નરકેશ્વરી જો રાજા પ્રભુના ધર્મની આરાધના વિના મૃત્યુ પામે, તો નરકનો અધિકારી બને છે, માટે મારી તેવી ઈચ્છા નથી રાજા બન્યા પછી પરિણામે નરકના અધિકારી બનવુ પડતુ હોય તો તેવા રાજા બનવાની મને જરૂર જ નથી '

'દેવપાલ ! તુ રાજા બનવા છતા પણ નરકનો અધિકારી નહીં થાય તેવી હુ ખાત્રી આપુ છુ, માટે તુ ખુશીથી રાજ પાટને ભોગવ ! દેવી વરદાન મિથ્યા થનાર નથી '

'દેવી ! મારી અનિચ્છા હોવા છતા તુ રાજા થવાનુ વરદાન આપે છે, તો ભાવિમા જે થવાનુ હોય તે ભલે થાઓ

'દેવપાલ ! તારી ભલે અનિચ્છા હોય, તો પણ તુ રાજા થવાનો છે તે નક્કી છે,' એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઈ

દેવપાલ પણ દેવીના અદૃશ્ય થયા બાદ, પ્રભુદર્શન, પૂજા, સ્તવન વિગેરે કરી ઉલ્લાસ અને ભક્તિભર્યા હૃદયે ઘેર પાછો ફર્યો. સાત ઉપવાસનુ આજે પારણુ હોવા છતા, પારણુ કરવાની ઈચ્છા કે ઉતાવળ નથી, ઝખના કે ભૂખ નથી એ કોનો પ્રભાવ ? કહેવુ જોઈએ કે-દેવપાલની પ્રભુ પ્રત્યેની અવિચલ ભક્તિ અને અખંડ શ્રદ્ધાનો એ પ્રભાવ હતો

દેવપાલ તો જિનદત્ત શેઠનો ફક્ત નોકર જ છે નોકરની ઉત્તમતાને અગે શેઠને ગૌરવ લેવા જેવુ હોય છે જિનદત્ત શેઠને

પપુ દેવપાલને સાત ઉપવાસનું પારણ કરાવવાનો અપૂર્વ અવસર સાંપડ્યો શેઠે બહુમાનપૂર્વક તેનું સન્માન કર્યું અને અત્યંત ઉલ્લાસપૂર્વક દેવપાલને ક્ષીરનું પારણું કરાવ્યું એ રીતે તેણે પોતાના આત્માને પણ ધન્ય બનાવ્યો

(૪)

એક વખત નગરની બહાર આવેલા એક ભવ્ય ઉદ્યાનમા મહાતપસ્વી અને ઉગ્ર ધ્યાની મસાર મુનિવર પધાર્યા તપ અને ત્યાગ, ક્ષમા અને માર્દવતા તેમ જ ધ્યાન અને સમભાવનાના બળે તે મહર્ષિને ત્રણ લોકાલોકનું અનંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કર્યો! દેવોનો મહોત્સવ એટલે એમા શું ખામી હોય? નગરના ભાવિક આત્માઓ તે જાણીને કેવળી ભગવાનને વંદન કરવા તે ઉદ્યાનમા હર્ષિત હૃદયે જવા લાગ્યા નગરજનોની અવરજવર વધી જવાથી રાજાએ રાજસેવકને પૂછ્યું —

'નગરજનો ક્યાં જઈ રહ્યા છે?'

'મહારાજા! આપણા નગરની બહાર આવેલા ઉદ્યાનમા એક કેવળજ્ઞાની ભગવાન પધાર્યા છે તે ભગવંતને વંદનાર્થે ગામના લોકો પરિવાર સાથે જઈ રહ્યા છે' સેવકે જવાબ આપ્યો રાજાએ પોતે પણ જવાની ભાવના બતાવી અને વંદન માટે સર્વ પ્રકારની તૈયારી કરી

રાજા સિંહરથ પોતાની ઋદ્ધિસિદ્ધિ અને રાજા તરીકે શોભે તેવા પ્રમાણની સઘળી તૈયારીઓ સાથે ત્રણ લોકના નાથ તારક શ્રી દમસાર કેવળજ્ઞાની ભગવાનને વંદન કરવા ગયા એ મહાજ્ઞાનીએ રત્નજડિત સ્વર્ણના સિંહાસન પર બિરાજમાન થઈ, ભવ્યજનોને ઉદ્દેશી સંસાર દુઃખનિસ્તારિણી કલ્યાણમયી ધર્મદેશના શરૂ કરી દેશના સાંભળ્યા બાદ સિંહરથ રાજાએ પૂછ્યું

'હે ભગવત! મારુ આયુષ્ય હવે કેટલુ બાકી છે?'

'તારુ આયુષ્ય ઘણુ અ-પ છે' જ્ઞાનીએ ફરમાવ્યુ

'અ પ એટલે કેટલુ અ પ?'

'માત્ર ત્રણ અહોરાત્રિનુ'

'બસ! હુ ત્રણ જ અહોરાત્રિ જીવીશ?'

'હા! જિંદગીમા જે ખાસ કરણીય હોય તે કરી લેવું સારુ છે'

'હે ભગવાન! થોડા ટાઈમમા હુ શુ કરી શકીશ?

'થોડા દિવસમા પણ આત્મા ધારે તો કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરી શકે'

'તો ભગવાન! મારે શુ કરવુ?'

'બાર વ્રતોને અગીકાર કરો! જ્ઞાનીએ માર્ગ બતાવ્યો

ભગવતના ઉપદેશથી બાર વ્રતોને રાજાએ અગીકાર કર્યો હવે રાજા સિંહરથને સસાર એ જેલખાનુ લાગવા માડ્યુ ગજસુખ એને મન હવે તુચ્છ જણાયુ જીવનનો અત આરે આવી ઊભો હોવાથી ભગવાનની હિતકર વાણી સાભળીને સયમી બનવાને તેનુ મન ખૂબ તલસી રહ્યુ હતુ મગજ ઉપર બોજો વધી ગયો ટૂક વખતમા બધી પુદ્ગલ-લીલાને સમેટી લઇ, આત્મશ્રેય કઇ રીતે સાધવુ એ વિચારોની દોડધામ ચાલતી હતી. રાજ્યની લગામ અને પુત્રી મનોરમાને કોને સ્વાધીન કરુ? એ પ્રશ્નમા રાજા અટવાયો હતો, તેવામા રાજ્યની અધિષ્ઠાયિકા દેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યુ, કે—

'હે રાજન્! તુ ચિંતા કર નહિ! બધા સારા વાના થશે

'પણ દેવી! મારુ આયુષ્ય ઘણુ જ અલ્પ છે, અને મારે સયમ લેવાની ઉત્કટ ભાવના છે કોઈ ઉપાય સૂઝતો નથી:

'હે રાજન્! હું કહુ તેમ કર! હુ પચ દિવ્ય પ્રગટ કરીશ, એ પચ દિવ્યથી જેના ગળામા પુષ્પમાળાનુ આરોપણ થાય, તેને તુ તારુ રાજ્ય અને પુત્રી મનોરમાને અર્પણ કરજે ને પછી ચારિત્ર ખુશીથી લેજે!' આ પ્રમાણે દેવીએ રાજાને સુલભ માર્ગ કાઢી આપ્યો અને પોતાના સ્થાને ચાલી ગઈ પચ દિવ્ય પ્રગટ થયા રાજા, મત્રી અને અધિકારી વર્ગ સર્વેએ એકત્ર થઈ નગરના વિશાળ રસ્તાઓમા તત્ર ફેરવ્યા, તેમા દેવપાલના કઠમા માળાનુ આરોપણ થયુ ચક્રેશ્વરી દેવીએ આપેલુ વરદાન આ રીતે ફળ્યુ

સિહરથ રાજાએ રાજપુત્રી મનોરમાને પરણાવી, અને રાજ્યનો સર્વ કારભાર દેવપાલને સોપ્યો ટૂક સમયમા બધુ પતાવી રાજા સિહરથે દેવગી ભગવાનની પાસે શ્રી ભાગવતી દીક્ષા લઈ આત્મસાધન કરવુ શરૂ કર્યુ ! આયુષ્ય અલ્પ હતુ, એટલે એ નૂતન સયમાં સયમનુ પાલન કરી સૌધર્મ દેવલોકમા દેવ પણે ઉત્પન્ન થયા

પારસમણિના પ્રભાવ કરતા પણ ચારિત્રનો પ્રભાવ અધિક છે વિશ્વ ઉપર જે મહાપુરુષો થયા છે, થાય છે અને થશે તે સઘળાયે ચારિત્રના શુદ્ધ પ્રભાવથી સમજવા ઉચ્ચ કોટિનુ જીવન જીવવા માટે અને પરભવને સુધારવા માટે સયમના માર્ગ વળ્યા વિના છૂટકો નથી રાજા સિહરથ બે જ દિવસના ચારિત્રના પ્રભાવથી દેવગતિને પામ્યા

(૩)

દેવીના વરદાનથી દેવપાલ રાજગાદીએ તો આવ્યો, પણ જેમ જૂના, ખાઈ ખપેલા અને પેધા થએલા નોકરો નવા અધિ નીનુ કહેલુ મશ્કરીમા ઉડાવે છે, અથવા તો લાગ આવે તો દેવી નીચે ઉતરાવી મૂકે છે, તેવી સ્થિતિ દેવપાલની

'તેનો ઉપાય હું બતાવું છું ચમત્કાર વિના દુનિયામાં નમસ્કાર થવાનો નથી, માટે કુંભાર ન બોલાવી એક માટીનો સુંદર અને ભવ્યાકૃતિવાળો ઐરાવણ હાથી બનાવરાવી તેના ઉપર તમારે સ્વાર થવું હું મારા પ્રભાવથી મેઘગર્જના કરતો અને મદોન્મત્તની માફક છલંગો મારતો તે આમતેમ ફરશે. તે જોઈ બધાનું અભિમાન પાણીની માફક ઓગળી જશે

રાજાએ રાજમહેલે પાછા ફરીને, દેવીના કહેવા મુજબ કુંભારને બોલાવી હાથી બનાવવાનો હુકમ કર્યો હાથી તૈયાર થયો અને દેવપાલ તેના ઉપર આરૂઢ થયો દેવી પ્રભાવથી ઐરાવણ હાથીની જેમ તે આમતેમ ફરવા લાગ્યો આ ચમત્કાર જોઈ રાજ્યનો અધિકારીવર્ગ અને રાજસેવકો આશ્ચર્યમુગ્ધ બન્યા અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે-રાજા દેવપાલને તો દેવસહાય લાગે છે તે વિના માટીના હાથીને જીવંત બનાવી શકે નહિ હવે આપણે બધા તેને અનુકૂળ નહીં થઈએ, તો રાજા આપણને હેરાનપરેશાન કરી મૂકશે એક તો રાજસત્તા અને તેમાં વળી દેવસહાય, પછી તેમાં શું પૂછવાનું હોય ? માટે તે ધારશે ત્યારે હાથ-પગમાં લોઢાની બેડી નાખી જેલના સળિયાની પાછળ ધકેલી દેશે, અને જો તે સંતુષ્ટ હશે તો આપણને સારી રીતે રાહત આપશે, માટે આપણે બધા રાજા દેવપાલની પાસે જઈએ અને થએલા અપરાધો ની માફી માગીએ

રાજ્યનો મંત્રીવર્ગ અને રાજસેવકો દેવપાલની પાસે આવી બે હાથ જોડી કહેવા લાગ્યા કે-'હે કૃપાળુ રાજન્ ! આપના અપનયો અમે ઘણા કર્યા છે, ક્ષમા કરો ! અજ્ઞાની એવા અમે, આપના પ્રતાપે, તેજ અને ઐશ્વર્યને જાણ્યા સિવાય અવજ્ઞા કરી છે, તે અમારી મહાન્ ભૂલ થઈ છે

'તમે તમારો ધર્મ ચૂકીને જે વર્તન ચલાવ્યુ છે, તે ઠીક કર્યુ નથી, પરંતુ તમે થએલા અપરાધોની માફી માગો છો, એટલે મારે રાજધર્મ તરીકે માફી આપવી જોઈએ, એવી માફી આપુ છુ પણ હવે પછી ફરી માફી માગવાનો અવસર ન આવે, તે ખ્યાલમા રાખવાનું ચૂકશો નહિ!

'આપની આજ્ઞા અમે માથે ચડાવીએ છીએ'

એ રીતે સર્વે અનુકૂળ થયા પછી રાજા દેવપાલે જિનદત્ત શેઠને બોલાવવા રાજસેવકને મોકલ્યો જિનદત્ત શેઠ આવ્યા પણ હૃદયમા દુઃખ હતુ, કારણ કે પૂર્વે રાજાનુ અપમાન કર્યુ હતુ રાજા પણ જાણતા હતા કે જિનદત્ત શેઠને આવવામા સંકોચ હશે. જિનદત્ત શેઠે દેવપાલના દર્શન થતા વેંત જ બે હાથ જોડી નમસ્કાર કર્યા રાજાએ પણ વળતા નમસ્કાર કીધા અને યોગ્ય આસને બેસવાનુ સૂચન કરતા કહ્યુ, કે—

'શેઠ! તમે મારા પૂર્વ સ્થિતિના મહાન્ ઉપકારી છો તમારુ દાસપણુ કરવાના પ્રભાવથી તો હું રાજા બન્યો છુ, તો હું તમને કેમ ભૂલુ?

'રાજાજી! આપ દયાળુ અને ઉદાર છો પૂર્વે મે અવગણના કરી છે, તે માટે ક્ષમા કરો!

'શેઠ! ભૂલ મનુષ્ય માત્રની થાય છે ભૂલના ભોગ બન્યા પછી જળોની જેમ ભૂલને વળગી રહેવુ એ જ મનુષ્યની ગંભીર ભૂલ છે'

'રાજાજી! ફરી તેવી ભૂલ ન થાય તેના માટે પૂરતી તકેદારી રાખીશ. આજે આપે મને તેડુ મોકલ્યુ, તેના માટે આપનો આભારી છું'

'શેઠ! હવે મારો એવો વિચાર છે કે-તમે માન પૂર્વના ઉપકારી હોવાથી તમને મહાઅમાત્યના પદે આજથી મૂકું છું.'

'જેવી આપની આજ્ઞા!' શેઠે જવાબ વાળ્યો.

રાજા દેવપાલે અન્ય સર્વ અધિકારીવર્ગને પોતપોતાના હોદ્દે રાખ્યા, અને સર્વ રાજતંત્રની ચાવી મહાઅમાત્યને સોંપી.

રાજ્ય ભોગવવાની અનુકૂળતા કરી આપનાર ચક્રેશ્વરી દેવીએ સૂચના કરી હતી કે-'દેવપાલ! રાજ્ય ભોગવવામાં જિનેશ્વર ભગવાનના દર્શન-પૂજન ચૂકીશ નહિ.' દેવીના એ વચન મુજબ રાજ્યસુખ ભોગવવા સાથે ન તે ભૂલતો. દેવની ભક્તિમાં મગ્ન રહેવા લાગ્યો.

(૮)

ગામોગામ વિહાર કરતા અને ભવ્ય જીવોને ઉપદેશ આપતા 'દમસાર' કેવળી ભગવંત નગરની બહાર આવેલા ઉદ્યાનમાં પધાર્યા. પુરજનો ભગવંતને વંદન કરવાને માટે હર્ષના આવેગમાં જઈ રહ્યા હતા. રાજાને પણ જાણ થઈ કે-પરમ ઉદ્ધારક એવા કેવળી ભગવાન પધાર્યા છે. દેવપાલ રાજા પણ પોતાના સૈન્ય પરિવાર સહિત ભગવંતને વંદન કરવાને ગયા. વિધિપૂર્વક વંદન કરી યથોચિત સ્થાને બેસીને કેવળી ભગવંતની વાણી સાંભળવાને ઉત્સુક બન્યા.

કેવળી ભગવાન પણ ભવ્ય જીવોના ઉદ્ધારક હતા. સુવર્ણ કમળ પર બિરાજમાન થઈ હિતકારી એવો ઉપદેશ તેઓશ્રીએ આપવો શરૂ કર્યો. તે વાણી અને ગુણે કરીને અલંકૃત અને ઇચ્છિતોને આપનારી હોવાથી જીવો શું ન મેળવી શકે? કેવળી ભગવંતે દ્રવ્યપૂજા અને ભાવપૂજાનું સારભૂત તત્ત્વ અમીભરી શૈલીમાં રજૂ કર્યું. તે સાંભળીને દેવપાલ રાજા પ્રભુ પ્રત્યેની

ભક્તિમાં વધુ જાગૃત અને ઉત્સાહવાળો બન્યો એક ભવ્ય અને સુશોભિત જિનાલય તૈયાર કરાવવાની ભાવના જાગી તત્કાલ તે ભાવનાને મૂર્ત સ્વરૂપ આપ્યું અને દેવભુવન જેવું એક મનોરમ્ય જિનાલય તૈયાર કરાવ્યું તેમાં દેવાધિદેવના સુવર્ણમય જિનબિંબની મોટા મહોત્સવપૂર્વક કેવળી ભગવાન પાસે પ્રતિષ્ઠા કરાવી દેવપાલે આ પ્રતિષ્ઠા કરાવીને જીવનમાં મોટું પુણ્ય ઉપાર્જન કર્યું, અને મળેલા દ્રવ્યનો સદુપયોગ કરી જિનભક્તિમાં વધારો કર્યો દેવપાલ રાજાએ વીશ સ્થાનકમાંથી પહેલા અરિહંત પદનું વિધિપૂર્વક આરાધન કરવાનું તપ શરૂ કર્યું મન, વચન અને કાયાના શુભ યોગોદ્વારા હીરા, મોતી, માણેક અને સુવર્ણની ભારી આંગીઓ રચાવી, વિવિધ પ્રકારના સ્નાત્ર મહોત્સવો કરી જીવનને સફળ બનાવ્યું વિવિધ ઊંચા પ્રકારની સામગ્રીઓથી સાધર્મિક બંધુઓની ભક્તિ કરવાનું પણ તે ચૂકતા નહિ દેશોદેશમાં આવેલા પવિત્ર તીર્થોની મહાયાત્રાઓ કરી દેવ, ગુરુ અને ધર્મનું રૂડી રીતે આરાધન કરવાદ્વારા તેજ વેળાએ દેવપાલ રાજાએ શ્રી તીર્થંકર પદ ઉપાર્જન કર્યું

(૫)

હવે તો દેવપાલ રાજા નિરંતર આત્મભાવનામાં રક્ત રહેતા હતા રાજકારભાર હળવો કરી નાખ્યો હતો સંસાર અને રાજ્યના સુખો તેમને તુચ્છ લાગતા હતા આત્મા વૈરાગ્યવાસિત બન્યો હતો, અને એથી સંસારમાં ઉદાસીનભાવે રહેવા લાગ્યા

એક વેળાએ રાજા-રાણી નગરની બહાર ફરવાને માટે ગયા, તેવામાં રાણીએ કાષ્ઠના ભારાને ઉપાડી આવતા એક પુરુષને જોયો તેને જોતા જ રાણી મૂર્છા પામી રાજાએ સમય સૂચકના વાપરી શીતોપચાર કર્યો શુદ્ધિ આવતા રાજાએ રાણીને પૂછ્યું

'અચાનક શું થયું ?'

'કઠિયારાને જોઈ મને જાતિસ્મરણજ્ઞાન થયું છે'

'પણ તેમા મૂર્છા પામવાનુ શું કારણ ?'

'કઠિયારાને જોવાથી મને પૂર્વભવ યાદ આવ્યો.'

'પણ પૂર્વભવમા તે એવુ શું જોયુ ?'

'પૂર્વભવ સાભળવા જેવો છે સાભળો'

'ત્યારે સભળાવો'

રાણીએ પોતાનો પૂર્વભવ કહી સભળાવ્યો

'હુ અને આ કઠિયારો પૂર્વભવમા પતિ પત્ની હતા અમારી પરિસ્થિતિ ખૂબ દયાજનક હતી પેટપૂરતુ મેળવવુ પણ મુશ્કેલ હતુ

જગલમાથી લાકડાના ભારા લાવી અમારુ ગુજરાન ચલાવતા હતા રાજાએ પ્રશ્ન કર્યો કે-'તુ આ ભવમા રાણી બની અને તે લાકડા વેચનારો કઠિયારો જ કેમ રહ્યો ?'

'એના દુષ્કર્મોથી !'

'એવા એણે શું દુષ્કર્મો કર્યા હતા ?'

'સાભળો ! એક સમયે અમે જગલમા લાકડા લેવા ગયા હતા, ત્યા નદીના કાઠા પર શ્રી વીતરાગ પ્રતિમાના દર્શન થયા મે વીતરાગ દેવની બને તેટલી સેવા-ભક્તિ કરી મારા આત્માને પવિત્ર બનાવ્યો અને મારા પતિને ભાવથી નમસ્કાર કરવાનુ જણાવ્યુ, ત્યા તો મારા ઉપર તે ગુસ્સે થયા, અને કહેવા લાગ્યા કે-પાષાણના પૂતળાને વળી નમસ્કાર શા ? તુ તારે કલ્યાણ કરી લે ! આ રીતે દેવાધિદેવની વ્યગ ભાષામા ભય કરમા ભયકર આશાતના કરી, અને તેથી તે મરી ફરી દરિદ્ર કુળમા ઉત્પન્ન થયો હુ મરીને અનુક્રમે રાજાની પત્ની થઈ છુ જીવોને પોતાના કરેલા દરત્યો પ્રમાણે કર્મોનો બધ થાય છે, અને કર્મોના બધન મુજબ

જીવનનું ઘડતર છે વિશ્વભરમાં ચાર સત્તાઓનું સામ્રાજ્ય છે, તેમાં એક કર્મસત્તા મુખ્ય રીતે જીવો પર આધિપત્ય ભોગવે છે, માટે જ કહેવાય છે કે-'कर्मणा गहना गतिः'। કર્મસત્તા પ્રાણીને જેમ તેવો બનાવી શકે છે, માટે તેની કામત વિચિત્ર છે ગણી પાસેથી કઠિયારાનો પૂર્વભવ સાંભળી રાજાએ કઠિયારાને કહ્યુ કે- તે પૂર્વભવમાં શ્રી જિનેશ્વરદેવની ઘોર આશાતના કરી છે, તેથી તું આ ભવમાં દુર્દશા અને દુ:ખને ભોગવે છે, માટે દુઃખને દૂર કરવા શ્રી જિનેશ્વર ભગવાનની ભક્તિદ્વારા ધર્મનું આરાધન કર'

પણ કઠિયારાનો જીવ ભારેકર્મી હતો, તેથી રાજાનું કથન તેને Cતરી ગમ્યુ નહીં રાજાએ કઠિયારાને જવાની રજા આપી રાજા-રાણી પણ પોતાના નિવાસસ્થાને પાછા ફર્યા અને તે ધર્મી પતિ-પત્નીએ કેટલાક દિવસો રાજ્યસુખ ભોગવવા માંડ્યા

•

રાણી મનોરમાએ પ્રતાપી એવા એક પુત્રનો જન્મ આપ્યો. દેવસેન તેનું નામ રાખ્યું પુણ્યની પ્રબળતા સિવાય રાજકુળમાં જન્મ થવો મુશ્કેલ છે ક્રમે કરી દેવસેન યુવાન થતાં ગુણી સુશીલ અને રૂપવાન એવી રાજકન્યા સાથે પરણાવ્યું દેવપાલ રાજા સંસારના સુખોથી કંટાળ્યો હતો સંસાર પાતાને હવે બોજારૂપ હતો પુત્રને રાજ્ય ભોગવવાને લાયક જાણી દેવપાલે પોતાના પુત્ર દેવસેનનો રાજ્યાભિષેક કરી રાજ્ય સોંપ્યુ અને પોતે શ્રી ચંદ્રપ્રભુ ભગવંતની પાસે નિવૃત્તિપ્રધાન એવા સંયમને ગ્રહણ કર્યું રાણી મનોરમા પણ, પોતાના પતિના માર્ગે ચાલવાવાળી હતી તેણીએ પણ સંયમ ગ્રહણ કરી પોતાના આત્માને કૃતકૃત્ય બનાવ્યો

શ્રી ચંદ્રપ્રભુસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી, નિરતિચા પણે સંયમનું પાલન કરી, તીવ્ર તપ તપી, નવ પૂર્વ અને અગ્ય અંગનું પઠન-પાઠન કરતા કર્મની નિર્જરા કરી, શ્રી અરિહંતપદ આરાધનાદ્વારા પ્રાણત નામના દેવલોકમા પ્રધાન દેવપણે ઉત્પ થયો સાધ્વીશ્રી મનોરમા પણ તે જ દેવલોકમા દેવપણે ઉત્પ થયા અને સાથે જ મિત્રપણે રહેવા લાગ્યા

રાજાનો જીવ ત્યાથી, આયુષ્ય પૂર્ણ થયેથી, મહાવિદે ક્ષેત્રમા શ્રી તીર્થંકર પદને પામશે અને રાણીનો જીવ ત્યાથી ચ્યવ તે ક્ષેત્રમા તે જ તીર્થંકરના ગણધર થઈ શાશ્વત અને પરમ સુખને પ્રાપ્ત કરશે

ા મહાવીર દેવનું ૭વનચરિત્ર

ભગવાનની પછી અટીનો વર્ષના
ચત્ર સુદ તેરસ ને મગાળવાન્ની
મહારાજાધિરાજ શ્રી સિદ્ધાર્થની
ાલાદેવીની પવિત્ર કૂખે ઉત્તમ
૪ સ્વપ્નોથી સૂચિત અનુપમ
નો પુત્ર-જન્મ થતાની સાથે જ
અજવાળા થઈ ગયા પર દિદ્
ચ લ્હાવો લેવા આવી પહોચી
મન કપાયમાન થતા જ ઇન્દ્ર
ર્વ ભક્તિનો લાભ લેવા સવામા
નથા પ્રભુને વદન કરી, માતાજીની
ા મહોત્સવ ઉજવવા મેરુ પર્વત
ાગના તીર્થજળવડે સ્નાન કરાવી,
ાપે આનદોત્સવ કરી દેવદેવીઓ
જાએ પણ પુત્ર જન્મોત્સવ એવો
ાતુ કે જાણે ધરતી પર નાનકડુ
ાય ! ! જન્મોત્સવ એવો સુંદર
આનદ આનદની છોળો ઉછળી

નાનકુમાર પાડવામા આવ્યુ આત્મ
અને પરિબળોથી સાર્થક ઉપનામ
"મહાવીર પણ ...ખેવી ઉચ્ચાયુ

વર્ધમાનકુમારની આઠેક વર્ષની ઉંમર થતા, ગામના પાદરે રાજકુમારો સાથે રમત રમવા બાહાર જતા એક દિવસ વર્ધમાનકુમારના બળની પરીક્ષા કરવા માટે એક દેવે બીવરાવવા ભયંકર સાપનું રૂપ કર્યું તે વખતે ગભરાયા વગર કુમારે સાપને લઈ ફેંકી દીધો, તેથી "મહાવીર" કહેવાયા કરી બાલક્રીડા કરતા કુમારે તે દેવને ખભા પર બેસાડ્યો તે દેવ દિવ્ય શક્તિથી પોતાનું સ્વરૂપ વધારવા માંડયું તે જોઈને વર્ધમાનકુમારે તેની ગરદન ઉપર એવો તો જોરથી સખત મુક્કો માર્યો કે તે દેવે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરી કુમાર સમક્ષ નમ્રતાથી પોતાનાથી થએલ ભૂલની માફી માગી

વિદ્યાભ્યાસને યોગ્ય વય થતા, સિદ્ધાર્થ રાજાએ મહાન સમારોહપૂર્વક વર્ધમાનકુમારને અભ્યાસ કરાવવા સારા મુહૂર્તે, શુભ ચોઘડીએ નિશાળે બેસાડ્યા શિક્ષકને સારી નવાજેશ કરી અને નિશાળના છોકરાઓને પણ સારા સારા ઇનામો આપી ખુશખુશાલ કરાવ્યા શિક્ષકે ભણાવવાનું શરુ કરાવ્યું, પણ જ્ઞાનીને વળી શિખવાનું શું હોય? તે જ સમયે શ્રી વર્ધમાન કુમારે "જૈનેન્દ્ર" વ્યાકરણની રચના કરી.

કર્મની અટલ અને અકળ સત્તામાંથી કોણ મુક્ત રહ્યુ છે? એક દિવસ માતાપિતાના ખૂબ આગ્રહથી યશોદા નામની સુલક્ષણવતી રાજકુમારિ સાથે વર્ધમાનકુમારે પાણિગ્રહણ કર્યું જો કે પ્રભુ તો વૈરાગી છે તેઓ જાણતા હતા કે "સર્વવિરતિ અંગીકાર કર્યા સિવાય મોક્ષ મળનાર જ નથી લગ્ન કર્યા છતા પણ સંસારના વિષયવર્ધક રંગરાગમા તેઓ રચ્યાપચ્યા નહોતા રહ્યા તેમને એક પુત્રી થઈ, તેનું નામ પ્રિયદર્શના હતું

અઠ્ઠાવીશ વર્ષની વયે માતાપિતાનો વિયોગ થયો આખુય નગર શોકસાગરમા ડૂબી ગયું વર્ધમાનસ્વામીએ જ્યેષ્ઠ બંધુ

મહારાજા નન્દિવર્ધનને શરીરની ક્ષણભંગુરતા અને આત્માની અમરતા સમજાવીને શોક ઓછો કરાવ્યો "માતાપિતા જીવતા હોય ત્યાં સુધી મારે દીક્ષા લેવી નહીં" તેવા માતાપિતા પ્રત્યેના અથાગ મોહને અંગે લીધેલો ગર્ભ વખતનો અભિગ્રહ પૂર્ણ થયો હોવાથી જ્યેષ્ઠ બંધુનો વિયોગ દુઃખ હળવું થયા પછી, તેમની પાસે ચારિત્ર અંગીકાર કરવાની રજા માગી નંદિવર્ધનની ઘણી સમજાવટથી બે વર્ષ સંસારમાં રહી મહાવીર પ્રભુએ છેલ્લું એક વર્ષ પૂરે હાથે દાનના ઝરણા વહેવડાવ્યાં. તેને વર્ષીદાન કહેવામાં આવે છે. વર્ધમાનકુમાર સંસાર છોડી દીક્ષા લેવાના હોવાથી, તે દીક્ષા મહોત્સવનો કાર્યક્રમ ખૂબ ધામધૂમથી આનંદોત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.

દીક્ષાનો એક મોટો ભવ્ય વરઘોડો રાજદરબારેથી નીકળી નગરમાં ફરી રહ્યો છે જેમાં દેવદેવેન્દ્રો વિદ્યાધરો, નરનારીઓ ઘોડાઓ, હાથીઓ, પાલખીઓ રથ, જાતજાતના વાજીંત્રોના નાદોના ગુંજારવથી હૃદય ડોલી જતાં હતાં. વરઘોડાને મોખરે ઇન્દ્રધ્વજ ચાલતો હતો. મધ્યમાં એક સુશોભિત પાલખીમાં વર્ધમાનકુમાર શોભતા હતા. શી તેમની અજબ કાંતિ? શી તેમની શોભા? સુંદર વસ્ત્રાભૂષણો પહેર્યા છે. ચંદનાદિ સુગંધિત દ્રવ્યોના વિલેપનથી ચારેકોર સુગંધી પ્રસરી રહી છે. વરઘોડો નગરમાં ફરી નગર બહાર આવેલ એક ભવ્ય વૃક્ષની નીચે ઉતર્યો.

નંદિવર્ધન રાજા, ઇન્દ્રો આદિ અગણિત દેવદેવેન્દ્રો અને મનુષ્યગણની હાજરી વચ્ચે ભવ્ય ઉત્સાહપૂર્વક અનેક સમારોહ સાથે ત્રીશ વર્ષની ઉમરે શ્રી વર્ધમાનસ્વામીએ સ્વયં પંચમુષ્ટિ લોચ કરી, આત્મકલ્યાણ કરાવનારી, જન્મોજન્મના ફેરા ટાળતી અને સિદ્ધિગતિના અનુપમ શાશ્વત ધામને પ્રાપ્ત કરાવતી ભાગવતી દીક્ષા કારતક વદ દશમને દિવસે ચોથા પ્રહરમાં અંગીકાર કરી

નગર જનતા દીક્ષાની પુનિત વિધિ નિહાળીને મહાવીર પ્રભુને અનેક વાર ધન્યવાદ આપીને વંદના કરવા લાગી. મહાવીર પ્રભુએ સર્વની વિદાય લીધી. વનના નિર્જન ને ભયંકર રસ્તે નિર્ભયપણે એકલા પ્રયાણ કર્યું.

વિદાય આપતા તો આપી પણ મહાવીર પ્રભુના બંધુ નંદીની આંખોમાંથી બંધુ વિયોગના ઝળઝળિયા વહેતા હતા. સમગ્ર જનતાની પણ આંખો અશ્રુભીની થઈને ઊંડા ભરાઈ ગયા, પરંતુ ફક્ત જનમાનવના કલ્યાણ કરનાર એક પરમોચ્ચ જ્ઞાનની ખાતર સર્વ નિભાવી લઈ વિરહ દુઃખે નંદિવર્ધન નરેશ સાથે નામ્ય જનતા પાછી વળી.

ભગવાન શ્રી મહાવીરદેવે ચારિત્ર લીધા બાદ શરીરને પારકું માની કર્મમાંથી ઉપજતાં એવા દેવદેવીઓના, મનુષ્યોના ને પશુઓના વિકટમાં વિકટ ઉપસર્ગો સમભાવથી સહન કરતા કરતા ગ્રામાનુગ્રામ વિચર્યા, અનેક ઉપકાર કરી ભવ્યજીવોને સન્માર્ગમાં સ્થિર કર્યા.

એક વખતે મોરાક ગામથી વિહાર કરી ભગવાન શ્વેતાંબી નગરી તરફ વિચરી રહ્યા હતા ત્યારે માર્ગમાં ગોવાળીઆ મળ્યા. તેઓએ મહાવીર પ્રભુને વિનમ્રભાવે વિનંતિ કરતા કહ્યું કે-હે સ્વામી! આપ જે સ્થળે જઈ રહ્યા છો તે માર્ગ જો કે શ્વેતાંબી તરફ સીધો જાય છે, પરંતુ રસ્તામાં કનકખલ નામે તાપસોનું એક આશ્રમસ્થાન આવે છે ત્યાં ચંડકૌશિક નામે એક ભયંકર દૃષ્ટિવિષ સર્પ રહે છે તેણે ઘણા આત્માઓના પ્રાણ લીધા છે, તો આપને તે તરફ જવાની જરૂર નથી. પરંતુ કરુણાનિધિ ભગવંતે તો જવાબ આપ્યો કે "એ સર્પ જરૂર સુધરશે. જ્યારથી મને તેની ખબર પડી ત્યારથી એને સુધારવા માટે મારુ

મન તડગી રહ્યું છે, અને માન એ વિચારોને અમલમા મૂકવા માટે જ આજે તે સ્થળે જાઉ છુ” ઉપકારક પ્રભુએ એટલુ કહી ભયકર વનના માર્ગે પ્રયાણ કર્યું

ચાલતા ચાલતા અઘોર જ ગલની મધ્યમા કરુણાનિધિ પ્રભુ આવી પહોચ્યા પુષ્કળ ગીચ ઝાડીઓ, અસખ્ય વેલડીઓથી વીંટાયેલી હતી તેમા વળી એક મોટા ઝાડની બખોળમા એક મોટો રાફડો હતો રાફડામાથી ફૂ ઉ ઉ ઉ ફૂ ઉ ઉ, એવા ફૂ ફાડાનો અવાજ આવવા લાગ્યો ફૂ ફાથી આસપાસનુ વાતાવરણ વિષમય બની ગયુ લીલાછમ નાના ઝાડો, તેના તૃણ પાદડા પણ વિષમય બની ગયા આસપાસ રહેતા કેટલાએ નિરપરાધી નાના મોટા જ તુઓ મરણને શરણ થયા. કોઈ માનવી આવ્યો છે એમ જાણી સર્પ ક્રોધાવેશમા બહાર આ યો બહાર આવતા વે ત જ કરુણાનિધિ દયાળુ મહાત્મા તરફ જોરથી ફૂ ફાડા મારવા લાગ્યો

યોગનિષ્ઠ પ્રભુ તો ધ્યાનના ય ગકડા પાસે ધ્યાનમા સ્થિર થઈ ગયા હતા ચ ડકૌશિકના અનેકવારના વિષમય ફૂ ફાડાની જરા પણ અસર ન થવાથી, સર્પના ક્રોધનો પાર ન રહ્યો એક દમ ધસમસી સમભાવી પ્રભુના પગમા તીવ્ર ડ શ દીધો એ પો ચ્યૂરા પ્રભુ તો ક્ષમા અને શાતિના અવતાર હોઇ, ચલાયમાન થયા જ નહી એમને ન થઈ ડ શની અસર, કે ન ચઢ્યુ ઝેર. એટલે ચ ડ કૌશિક સર્પ વધુ ક્રોધના આવેશમા આવીને ભગવતને બી ત્ર ચોડા ડ ખ પણ દીધા, છતા પણ નિષ્ફળતા મળી સર્પ ડ ખથી પગમા લાલ લોહી નીકળવુ જોઇએ, તેના બદલે સફેદ અમૃત જેવુ ઝરતુ દૂધ જાણે દેખાયુ, તે જોઈને ચ ડકૌશિકને આશ્ચર્ય થયુ હમણા પડશે હમણા પડશે એમ માનતો, પોતાના ઉપર પ્રભુની માયા ન પડે એવી રીતે ખાસી

દૂર જાય, પાછો આવે, એમ વારવાર કરતો એ ચડકોશિ
મહાન્ ચમત્કારિક યોગીને ઍકીટસે જોઈ રહ્યો

સર્પને આશ્ચર્યચકિત અને સ્તબ્ધ થએલ જોઈ યોગી
યોગ્ય સમય દેખી થોડા પણ બોધક શબ્દો બોલ્યા —

"બૂઝ, બૂઝ, ચડકોશિક"

આવા કર્ણપ્રિય અમૃતમય ચમત્કારિક શબ્દો સાભળ
ચડકોશિક વધુ ચમક્યો આકાશવાણી થઈ કે શુ ? તેને એ
લાગ્યુ, કે આ સામાન્ય માણસ હશે ? એટલામા ફરી
એનો એ જ શાત અને સુમધુર સ્વર કર્ણ પર અથડાયો
ચડકોશિક સમજ્યો કે આ શબ્દો મારા મહાન્ ઉપકારી બોલ
રહ્યા છે તો ક્ષણભર ક્રોધને શાત કર્યો ને વિચાર–સાગરમા ડૂ
મથન કરવુ શરુ કર્યું સત્ય સમજાયુ કે આજ સુધીમા ક
અસખ્ય પ્રાણીઓના સહારથી મે ક્રોધાવેશથી પાપના પોટ
ભેગા કર્યા છે પૂર્વે કરેલા હિસામૂલક પાપોનો અત્ય
પશ્ચાત્તાપ થવા લાગ્યો હૃદય ભરાઈ આવ્યુ, આખમા અશ્રુ
ધારા વહેવા લાગી તેના અતરમા એ મહાન યોગીના પવિ
થવાના મત્રાક્ષર જેવા શબ્દોની ચિનગારીથી ઉજ્જ્વલ
જ્યોતિ પ્રગટી અને સમજ્યો હવેથી કોઈને પણ મારા તરફથ
ઈજા ન થાય તે માટે સત્ય, અહિંસા અને ક્ષમાનુ ઉત્તમ
અણુમોલ વ્રત મનમા જ ગ્રહણ કરીને મસ્તક યોગિરાજના
પગમા નમાવ્યુ તે ક્ષમાશીલ પરમેશ્વરને નમસ્કાર કરી રાફડામા
માત્ર મોં રાખી, શરીર બહાર રાખી સ્થિર થઈ ગયો
ઉપકારી મહાપુરુષોની છાયા શુ કામ કરે છે, તેનો આ નમૂનો છે

દયાસિંધુ કરુણાવત પ્રભુ મહાવીર દેવ ચડકોશિક ઉપર મહાન
ઉપકાર કરી, પોતાનુ ધારેલુ કામ સફળ થએલુ જાણી, ત્યાથી
વિહાર કરી ગયા ચડકોશિકના જીવનમા દિવ્ય ચમત્કારસ્વરૂપ

અનેરો સ્વર્ગ થઈ ગયો માર્ગભૂના આત્માની સાન ઠેકાણે
લાવી પ્રેમ દૈવી આત્માની શીતળ છાયા પડવાથી સાપનુ
પુ ભલુ થયુ સર્પ જેવાને પણ આત્મમનનો માર્ગ ઝડયો
અને અજબ સહનશીલતાની તાકાત ઉત્પન્ન થઈ પોતાની
ક્ષમા, પોતાનુ ધૈર્ય, પોતાનુ આત્મપરાક્રમ કેટલુ છે તેની
કસોટીનો અવસર આવ્યો જાણી પોતાને અપાર આનંદ થયો
આવી પવિત્ર છાયા પાડનાર અને મત્ર સભળાવનાર એ યોગનિષ્ઠ
ભગવાન શ્રી મહાવીર દેવને કોણ યાદ ન કરે?

ધન્ય છે એ મહાપ્રતાપી યોગીશ્વરને! કે જેમણે ક્ષમાનો
પાઠ શિખવાડી, અનેક જીવોના કલ્યાણની ખાતર પોતાના પ્રાણની
પણ દરકાર કર્યા વિના, ઘોર જગલમા જઈ મહાન્ વિષધર
ચડકોશિકને બૂઝવ્યો! કોટિશ વદન હો એ પ્રતાપી નાથને!
સર્પ હોવા છતા સત્ય, અહિંસા અને ક્ષમાના પરમપવિત્ર માર્ગે
પ્રયાણ કરી સ્વકલ્યાણ સાધનાર એ ચડકોશિકને ધન્ય હો!

સગમ નામના અભવી દુષ્ટ દેવે ભગવાન શ્રી મહાવીર દેવને
ફક્ત એક જ રાત્રિમા નાના મોટા ૨૦ મહાઉપસર્ગો કર્યા કે
તેનુ વર્ણન સાભળતા પણ આપણને ધ્રુજારી છૂટી જાય. ઈદ્ર
મહારાજે તે દુષ્ટ કામ માટે શિક્ષા કરી

શ્રી મહાવીર પ્રભુ એક સમયે જગલમા કાઉસ્સગ્ગ ધ્યાને
ઊભા રહીને ધ્યાનમગ્ન હતા, ત્યારે એક ગોવાળિયો ત્યા આવી
બળદોને સોંપી ગયો. બળદો તો ચરવા દૂર ચાલ્યા ગયા. થોડા
વખત પછી ગોવાળિયો આવ્યો અને બળદોને ન જોતા ધ્યાનસ્થ
પ્રભુના કાનમા ખીલા ઠોકી ઉપસર્ગ કર્યો, પરતુ પ્રભુ તો ધ્યાનથી
લેશ પણ ડગ્યા નહિ એક શ્રાવક ને એક વૈદ્ય કાનમાથી શૂળો
કાઢી નાખી કાનમાથી ખીલા કાઢતી વખતે ભગવાનની ચીસ

પછી ગઈ પૂર્વે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમા ભગવાનના જીવે લોક
કાનમા તપેલા સીસાનો જે રસ રેડાવ્યો હતા તે કર્મનુ
ખીલાદાન ભોગવવુ પડ્યુ આ દ્રષ્ટાન્ત આપણને શિખવાડ
કે કર્મ બાધતા ખૂબ વિચાર કરવો કર્મસત્તા તીર્થંકર જેવા આત્મ
પણ છોડતી નથી પ્રભુના હૃદયમા રાગ કે દ્વેષ કોઈના પ્રત્યે પણ
હતો ખીલાનો ઉપસર્ગ કરનાર પર ગુસ્સો ન કરતા, ભગવ
સ્વય શક્તિસપન્ન હોવા છતા વેદના સહન કરીને ક્ષમતા રા
તે જ તેઓશ્રીની અડગતાના જબ્બર નમૂના છે

આવી રીતે સમગ્ર ઉપસર્ગોને શ્રમણ ભગવાન મહાવી
દેવે નિર્ભીકપણે સહન કર્યા, ક્રોધરહિતપણે ખમ્યા, દીનત
રહિતપણે અને કાયાની અડગ નિશ્ચલતા રાખી સહન કર્યા

શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવે દીક્ષા લીધા પછી
કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યા સુધી મધ્યાની માથા ઢાળના રાત
નીચે પ્રમાણે ઘોર તપશ્ચર્યાઓ કરી હતી

મહિના	દિવસ	તપ	મહિના	દિવસ	તપ
૬	૦	૧ વખત	૧		૧૨ વખત
૫	૨૫	૧ "	૦	૧૦	૧ વખત (સર્વતોભદ્ર પ્રતિમા)
૪	૦	૯	૦	૪	૧ વખત (મહાભદ્રપ્રતિમા)
૩		૨	૦	૩	૧૨ વખત (અઠ્ઠમ)
૨	૧૫	૨	૦	૨	૧ વખત (ભદ્ર પ્રતિમા)
૨	૦	૬	૦	૨	૨૨૯ (છઠ્ઠ)
૧	૧૫	૨	પારણું		૩૪૯

એ પ્રમાણે ભગવાન મહાવીરદેવે બાર વર્ષ અને સાડાછ
મહિના સુધીમા જે જે તપ કર્યા તે બધા જળરહિત જ કર્યા
તા ઓછામા ઓછુ છઠ્ઠનુ તપ કર્યુ કોઈ પણ વખત એક
ઉપવાસ કરીને પારણુ કર્યુ નથી તે પ્રભુએ નિત્ય ભોજન તો
કોઈ પણ દિવસ લીધુ જ નથી નિદ્રા માત્ર બે ઘડી જ આવી હતી

પ્રભુ મહાવીર દેવને વૈશાખ સુદ ૧૦ ના દિવસે ઋજુવાલિકા
નદીના કાંઠે શ્યામાક નામના ગૃહસ્થના ખેતરમા શાલ નામના
વૃક્ષ નીચે ગાય દુહે તેવા આસને સૂર્યની આતાપના લેતા નિર્જળ
છઠ્ઠના તપમા કેવળજ્ઞાન ઉત્પન્ન થયુ દેવોએ સમવસરણ રચ્યુ
કેવળજ્ઞાની ભગવંત શ્રી મહાવીર દેવને દેશના આપવા વિનંતિ
કરતા, રત્નજડિત કાંગરાવાળા ઉપરાઉપરી ત્રણ ગઢના સુશોભિત
સમવસરણમા બિરાજી ભગવાને અમૃતમય દેશના આપી દેશના
સાભળવા સાધુ-સાધ્વીઓ, દેવદેવીઓ, વિદ્યાધરો, શ્રાવકો-શ્રાવિ
કાઓ, પશુ પક્ષી, વિગેરે પણ આવ્યા ૩૪ અતિશયવાળા પ્રભુએ
મધુર ધ્વનિથી એક યોજન (ચાર ગાઉ) સુધી સંભળાય તેવી
દેશના દેવી શરૂ કરી પોતપોતાની ભાષામા પશુઓ પણ સમજી
શક્યા દેશનાનો તે ચમત્કાર હતો પ્રભુજી પૂર્વ તરફ બેઠા હતા,
પરંતુ ત્રણ દિશામા દેવતાઓએ તેવા રૂપે બનાવ્યા એટલે
કેવળજ્ઞાની ભગવંત ચોમેરથી બેઠેલા જણાતા હતા દેશના દઈ
અસંખ્ય જીવોને તાર્યા અને ચતુર્વિધ શ્રી સંઘની સાધુ, સાધ્વી,
શ્રાવક, શ્રાવિકાની સ્થાપના કરી લગભગ ત્રીશ વર્ષ સુધી દિવ્ય
દેશનાઓ આપી. ગૌતમસ્વામીજી મહારાજ કે જેઓ પહેલા

જાતિએ બ્રાહ્મણ હતા, તેઓ તથા તેઓના બંધુઓ, તથા શિષ્યો વિગેરે એકી સાથે ૪૪૦૦ બ્રાહ્મણોને શંકાઓનું સમાધાન કરાવી, સન્માર્ગે વાળી, દીક્ષા આપીને તાર્યા

અનંત પરોપકારી એવા ભગવાનની સાથે એક ગોશાળો ફરતો હતો, તે પ્રભુને એક વિઘ્નરૂપ હતો એ ગોશાળો એટલો દુષ્ટ હતો કે પ્રભુએ તેના પર ઘણા ઘણા ઉપકારો કર્યા છતા, એ મંખલીપુત્ર ઉત્તમ કુળનો ન હોવાથી એ પ્રભુની ઘોર આશાતનાઓ કરતા પણ અચકાતો નહીં સમભાવી એ પ્રભુએ તેના પર દયા લાવી ઘણે ઠેકાણે તેને બચાવ્યો તેજોલેશ્યા પણ શિખવાડી તે ઉપકારનો બદલો અપકારથી વાળવા ભગવાનની સામો થઈ ગયો પોતે તીર્થંકરના જેવો ડોળ કર્યો ચોકો જુદો જમાવ્યો, ને જેની પાસેથી તેજોલેશ્યા શિખ્યો હતો, તે જ તેજોલેશ્યા ભગવાન પર છોડી જો કે તેનાથી પ્રભુનું આયુષ્ય તો ઘટ્યું કે તૂટ્યું જ નહીં ને છેવટે " ખાડો ખોદે તે પડે એ કહેવતની જેમ તેજોલેશ્યા પાછી ફરવાથી ગોશાળાનું જ મરણ થયું તે કેવો દુર્જન, દુષ્ટ અને મહાપાપી કહેવાય ? આવી જ રીતે વક્રદશાવાળાઓ પેદા થઈ ભગવાનની પછી પણ તે પ્રભુના શાસનને હીણપત લાગે તેવા કામો કરે છે, તે દુઃખની વાત છે

ગોશાળા ઉપર ભગવાનને વેર તો હતું જ નહીં ક્ષમાશીલ પ્રભુ સમતાના ભંડાર હતા જે ભક્તિ કરે તેના ઉપર રાગ નહીં, ને નિંદા કરનાર કે બૂરું કરનારનું પણ દ્વેષ રાખી બગાડતા

નહીં લાગી અને વળી ઉપર ઉપમરની સમદષ્ટિએ જ જોતા, તેથી (તે મહાવીરદેવને તો વીતરાગ ભગવાન તરીક લેખતા

ગોશાળાને છેલ્લી ઘડીએ દુખ થયુ કે "હુ કેવો ઘોર પાપી! મારા જેવો અધમાધમ કોણ હશે? મે આ પ્રભુની પાસે રહીને ઘણી આશાતનાઓ કરી છે આવા પશ્ચાત્તાપથી ગોશાળા ની ઠેઠ ગતિ સુધરી આ બધુ એમ સૂચવે છે કે-ભગવાનના શાસનમા આ પચમ કાળમા આવી રીતે દુર્જનો સજ્જનોને ત્રસ આપશે લુચ્ચાઓ શાહુકાર બનવા મથશે પણ છેવટે તો સત્યનો જ જય થશે

ભગવાન છે તુ ચોમાસુ પાવાપુરી પધાર્યા ૭૨ વર્ષ પૂરા થયા

ઓહો હો હો હો કેટલા બધા દીવા! ઘેર ઘેર દીવા જ દીવા દીવાનો તો પાર જ નથી તેનુ કારણ એ હતુ કે-પ્રભુ શ્રી મહાવીર દેવ શ્રી પાવાપુરી(બિહાર પ્રાત)તીર્થના આસો વદ અમાસને દિવસે નિર્વાણ પામ્યા ત્યાર પછી જેમ સૂર્ય અસ્ત પામવાથી અધારુ થાય ને દીવો કરવો પડે, તેમ સૂર્ય સમાન તેજસ્વી ભગવાનના ગયા પછી તે પ્રભુના જ્ઞાન-પ્રદીપને યાદ કરવા લોકોએ ઘેર ઘેર આસો વદ અમાસના પ્રભુના નિર્વાણ દિને દીવા કર્યા, માટે તે દિવસનુ નામ "દીવાળી" પડયુ ત્યારથી દિવાળી શરૂ થઈ મહાવીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીને કારતક સુદ એકમને દિવસે સવારના પહોરમા કેવળજ્ઞાન પ્રાપ્ત થયુ એ ગૌતમસ્વામી ભગવાન અનતી લબ્ધિવાળા હતા

વીર ભગવાનના ૧૧ ગણધરોમાં એ પ્રથમ ને મુખ્ય હતા શ્રી મહાવીરસ્વામી ભગવાનના મોક્ષે ગયા પછી અત્યારે અઢી હજાર વર્ષો વીતી ગયા છે

અંતરના ઊંડાણમાંથી-અતિ ઊંડાણમાંથી સરી પડતો "મહાવીર" નામક ગંભીર સુશબ્દ કેટલો ભવ્ય અને અદ્ભૂત લાગે છે! એ નામ પાછળ કેટલું સામર્થ્ય સમાએલું હશે, કે જેના નામ માત્ર ઉચ્ચારવાની સાથે જ હજારો નહીં બલ્કે અસંખ્ય ભાવિક આત્માઓના હૈયા સહર્ષ નમી પડે છે; અને સ્વજાતને કૃતકૃત્ય માને છે! એ મહાન વિભૂતિનો કેટલો ઉપકાર માનવો? જેટલો માનીએ તેટલો ઓછો છે ખરેખર એ પ્રભુએ દુનિયામાં ચાલતી ધર્મને નામે ભયંકર હિંસાઓ, દુરાચારો, ધર્મના ઓઠા નીચે સેવાતા દંભો અને હૃદયદાહી માન્યતાઓને ઉઘાડી પાડી તેના ઉપર સાચા સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ ફેંકી માનવને માનવતાનો "જીવો ને જીવવા દો"નો અમૂલ્ય ઉપદેશ ને સંદેશ આપ્યો છે અને શાશ્વત શાંતિનું સાચું માર્ગદર્શન આપી ભારતભૂમિ ઉપર મહાન ઉપકાર કર્યો છે તેવા મહાન પરમોપકારી દિવ્ય વિભૂતિએ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મોક્ષગતિને પ્રાપ્ત કરી



ભગવાન શ્રી મહાવીર દેવના પાચ કલ્યાણકોનો કોઠો

	કલ્યાણકો	દિવસ
(૧)	ચ્યવન કલ્યાણક	અષાડ સુ૦ ૬
(૨)	જન્મ	ચૈત્ર શુ૦ ૧૩
(૩)	દીક્ષા	કારતક વ ૧૦
(૪)	કેવલ	વૈશાખ સુ૦ ૧૦
(૫)	મોક્ષ	આસો વ૦ ૦))

ભગવાન શ્રી મહાવીર દેવનો ચતુર્વિધ શ્રી સઘનો પરિવાર નીચે પ્રમાણે છે

(૧) અનત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી મહારાજ તથા શ્રી સુધર્માસ્વામી ૧૧ ગણધર આદિ ૧૪૦૦૦ સાધુ મુનિ રાજોનો શ્રીવીર વિભુનો પરિવાર હતો

(૨) ચદનબાળા પ્રમુખ ૩૬૦૦૦ સાધ્વીજી મહારાજોનો પરિવાર હતો

(૩) આનદ કામદેવ વિગેરે ૧,૫૯,૦૦૦ શ્રાવકોનો સમુદાય

(૪) સુલસા શ્રાવિકા પ્રમુખ ૩,૧૮,૦૦૦ શ્રાવિકાનો સમુદાય,

એ ભગવતનુ શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી ચ્હેવાનુ છે તેમાથી લગભગ અઢી હજાર વર્ષ જે વ્યતીત થઈ ગયા છે, તે બાદ કરતા હજી પણ સાડાઅઢાર હજાર વર્ષ સુધી એ પ્રભુનુ શાસન રહેશે એ પ્રભુના ચ્યાનનના ચ્ખેવાળ માતગ યક્ષ અને સિદ્ધાયિકા દેવી છે

મહાવીર પ્રભુના તીર્થસ્થાનો, પાવાપુરી, સાચોર, ક્ષત્રિય કુડ નાદિયા, મહુવા, પાનસર, દીઆણા, મુછાળા મહાવીર, નાતા મહાવીર, બામણવાડા વિગેરે સ્થળોમા છે

શ્રી નાદિયાજી તીર્થ તે પ્રભુના જ્યેષ્ઠબધુ શ્રી નદિવર્ધનના નામથી વસ્યુ લાગે છે ત્યા શ્રી નદિવર્ધન રાજાએ જીવિત સ્વામીના સપૂર્ણ પ્રમાણોપેત આખા હિન્દુસ્તાનના અજોડ એવી મહાન પ્રતિમાજી ભરાવેલા છે જાણે સાક્ષાત્ મહાવીર પ્રભુ દેશના દેતા હોય તેવી મૂર્તિ છે સૌને નાદિયા તીર્થની જાત્રા કરવા માટે ખાસ ભલામણ છે નાદિયા જવા માટે સજ્જન રોડ સ્ટેશને (આબુ પાસે) ઉતરી બામણવાડજી થઈને જવાય છે

શ્રી વીર ચરિત્રના છૂપા રહસ્યો

★ ભગવાન શ્રી મહાવીરદેવે પૂર્વભવમા કદી ઈચ્છ્યુ નથી કે મને સમોસરણમા બેસવાનુ મળો [અત્યારમા આપણે કેવી કામનાઓ રાખીએ છીએ?]

★ તે પ્રભુએ કદી દેવોને હુકમ કર્યો નથી કે–સમોસરણ રચો તેમ ઠપકો પણ આપ્યો નથી કે–સમોસરણ કેમ બનાવ્યુ નહી? માટે તમને શિક્ષા કરવી પડશે. [થોડુ ધન હોય તો આપણે કેવા હુકમો કરીએ?]

★ પ્રભુ નિર્મોહી હતા, એટલે જ ભગવાનને ચાલવા માટે દેવો નવ નવ (૮–૯) સુવર્ણ કમળો પગ નીચે રચતા હતા એટલે જ તેથી તેમને અભિમાન થતુ ન હતુ અથવા સુવર્ણકમળોને ઠોકર મારી ફેંકી દેતા નહોતા [કોઈ દેવ આપણને સહાય કરે, તો ધરતી પર આપણે ચાલીએ?]

★ જે પ્રભુએ સૌધર્મેન્દ્રને શિખામણ આપવા મેરુપર્વત કપાવ્યો તે ભગવાન પોતાના પઙ્ક પાખંડીઓને પગ નીચે ચૂરી નાખવા ધારત તો તેમ કરી શકત પણ તેવુ અહિતકર કાર્ય પ્રભુ કરે જ શાના? [આપણા શત્રુનુ આપણે બૂરું કરવામા બાકી રાખીએ?]

★ ઘોર પાપીઓને શિક્ષા કરવા ભગવાને દેવેન્દ્રોને કેમ હુકમ કર્યો નહી? નાસ્તિકોને તથા હિંસકોને સત્તાથી કેમ ધર્મ કરાવ્યો નહી? કે કાનપટ્ટી પકડી સત્તાથી ધર્મ કરાવવા ઇંદ્રોને કેમ આજ્ઞા કરી નહીં? [બીજાઓને સમજાવીને આપણે કેટલા આત્માઓને બુઝવ્યા?]

★ જે દેવો અને દેવેન્દ્રો સામાયિકનુ અનુમોદન કરનાર હતા, તે ભાવના ભાવનારાઓ પાસે પ્રભુએ કેમ સામાયિક કરાવ્યા નહી

એ ભગવતનુ શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી રહેવાનુ છે તેમાથી લગભગ અઢી હજાર વષ જે વ્યતીત થઈ ગયા છે, તે બાદ કરતા હજી પણ સાડાઅઢાર હજાર વર્ષ સુધી એ પ્રભુનુ શાસન રહેશે. એ પ્રભુના શાસનના રખેવાળ માતગ યક્ષ અને સિદ્ધાયિકા દેવી છે

મહાવીર પ્રભુના તીર્થસ્થાનો, પાવાપુરી, સાચોર, ક્ષત્રિય કુડ નાદિયા, મહુવા, પાનસર, દીઆણા, મુછાળા મહાવીર, રાતા મહાવીર, બામણવાડા વિગેરે સ્થળોમા છે

શ્રી નાદિયાજી તીર્થ તે પ્રભુના જ્યેષ્ઠબધુ શ્રી નદિવર્ધનના નામથી વસ્યુ લાગે છે ત્યા શ્રી નદિવધન રાજાએ જીવિત-સ્વામીના સપૂર્ણ પ્રમાણોપેત આખા હિન્દુસ્તાનમા અજોડ એવી મહાન પ્રતિમાજી ભરાવેલા છે જાણે સાક્ષાત્ મહાવીર પ્રભુ દેશના દેતા હોય તેવી મૂર્તિ છે સૌને નાદિયા તીર્થની જાત્રા કરવા માટે ખાસ ભલામણ છે નાદિયા જવા માટે સજ્જન રાડ સ્ટેશને (આબુ પાસે) ઉતરી બામણવાડજી થઈને જવાય છે

શ્રી વીર ચરિત્રના છૂપા રહસ્યો

★ ભગવાન શ્રી મહાવીરદેવે પૂર્વભવમા કદી ઈચ્છયુ નથી કે મને સમોસરણમા બેસવાનુ મળે [મદિરમા આપણે કેવી કામ નાઓ રાખીએ છીએ?]

★ તે પ્રભુએ કદી દેવોને હુકમ કર્યો નથી કે-સમોસરણ રચો તેમ કપરો પણ આપ્યો નથી કે-સમોસરણ કેમ બનાવ્યુ નહી? માટે તમને શિક્ષા કરવી પડશે. [ઘોડું ધન હોય તો આપણે કેવા હુકમો કરીએ?]

★ પ્રભુ નિર્મોહી હતા, એટલે જ ભગવાનને ચાલવા માટે દેવો નવ નવ (૯-૯) સુવર્ણ કમળો પગ નીચે ધરતા હતા એટલે જ તેથી તેમને અભિમાન થતુ ન હતુ અથવા સુવર્ણકમળોને ઠોકર મારી ફેંકી દેતા નહોતા [કોઈ દેવ આપણને સહાય કરે, તો ધરતી પર આપણે ચાલીએ?]

★ જે પ્રભુએ સૌધર્મેન્દ્રને શિખામણ આપવા મેરુપર્વત કંપાવ્યો તે ભગવાન પોતાના પગે પાખંડીઓને પગ નીચે ચૂરી નાખવા ધારત તો તેમ કરી શકત પણ તેવુ અહિતકર કાર્ય પ્રભુ કરે શેના? [આપણા શત્રુનુ આપણે બૂરું કરનામા બાકી રાખીએ?]

★ ઘોર પાપીઓને શિક્ષા કરવા ભગવાને દેવેન્દ્રોને કેમ હુકમ કર્યો નહી? નાસ્તિકોને તથા હિંસકોને સત્તાથી કેમ ધર્મ કરાવ્યો નહી કે દાનપટ્ટી પાડી સત્તાથી ધર્મ કરાવવા ઈન્દ્રોને કેમ આજ્ઞા કરી નહી? [બીજાઓને સમજાવીને આપણે કરવા આત્માઓને બુઝવ્યા?]

★ જે દેવો અને દેવીઓ સામાયિકનુ અનુમોદન કરતા હતા, તે ભાવના ભાવનારાઓ સામે પ્રભુએ કેમ સામાયિક કરાવ્યું નહી

હાર? [આપણા ભાગ્યમા સામાયિક છે, છતા પણ આપણ સામાયિક નથી કરતા તેનુ શુ?]

★ જન્મતાની સાથે જ મેરુપર્વત જેવા મહાન પહાડને કપાવી શકે તેટલી તાકાત અને બળ ધારણ કરનાર ભગવાને દેવોને કેમ કહ્યુ નહી, કે મારે માટે સમોસરણ બનાવવાનો સમારંભ કેમ કર્યો? મને કેમ પૂછ્યુ નહી? આવામા મને બેસાડીને શુ મારી મશ્કરી અને શુ કેવળજ્ઞાનની ઠેકડી કરવી છે? સામાન્ય પત્થરનો શિલા પર બેસી દેશના શુ આપી શકાતી નથી? એમ ગુસ્સો કરીને ભક્તિથી વિરચેલા સમોસરણને પગ નીચે ભુક્કો કરી નાખતાં કેટલી વાર લાગતી હતી? પણ એમ કેમ ન કર્યુ? [લગ્નમા રેશમી અને પૂજામા સુતરાઉ વસ્ત્ર પસંદ કરનાર આપણે કેવા? લગ્ન પ્રસંગે બધા હાજરી આપે, ને ધાર્મિક ઉત્સવોના પ્રસંગોમા, માંડ માંડ પાંચ દશ ભેગા થનારા હીનભાગી આપણે કેવા? મંદિરમા ચલચિત્ત અને સિનેમામા સ્થિર ચિત્ત બનનારા આપણે કેવા કહેવાઈએ?]



શ્રી વીરપ્રભુના ૨૭ ભવોનુ
સંક્ષિપ્ત વર્ણન

પહેલા ભવમા પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમા નયસાર નામે એક ગ્રામાધિપતિ હતા તેમને કાળાનુવગાત્ એક વાર જગલમા જવાનું થયું જમવા ખાવાનો ભરબપોરનો સમય હતો કોઈ અતિથિની રાહ જોતા હતા, તેવામા કોઈ સાધુમુનિરાજ સથવારાથી ભૂલા પડીને તે તરફથી જતા દેખાયા શ્રી નયસારે જઈને વિનતિ કરી કે-"આપ આવા ભયકર જગલમા અહીં ક્યાથી ? મારે ત્યા પધારો, મને લાભ આપી કૃતાર્થ કરો" સથવારાથી વિખૂટા પડવાનુ કારણ જાણ્યુ, એટલે તેમણે સાધુ મહારાજને જણાવ્યુ કે આપ આહારપાણી વાપરી લો પછી હુ આપને માર્ગે ચડાવી દઈશ, અને સાજે આપ ફરીને સથવારા ભેગા થઈ જવાશે' મુનિવરે અવસર જોઈ લાભ આપ્યો આહારપાણી વાપર્યા બાદ, વિહાર કરતા શ્રી નયસાર વળાવવા માટે અને યોગ્ય માર્ગે ચડાવવા માટે તેમની સાથે થોડા રસ્તા સુધી ગયા ત્યા એ પવિત્ર મુનિરાજે સમયોચિત ઉપદેશ આપતા જણાવ્યુ કે-"હે ભાગ્યશાળી ! આ દ્રવ્યમાર્ગ અમને બતાવવામા તમને ઘણો જ લાભ થયો છે પરતુ ખરો માર્ગ તો મુક્તિનો છે દેવગુરુધર્મની સાચી ઓળખ થાય તો મુક્તિમાર્ગે પ્રયાણ થઈ શકે" એવો હૃદય દ્રાવક ઉપદેશ સાભળતા શ્રી નયસાર સમકિત પામ્યા એવી જ રીતે જ્યારથી કોઈ પણ આત્મા સમકિત પામે ત્યારથી તે મુક્તિએ જાય ત્યા સુધીના ભવોની ગણતરી થાય છે તે દૃષ્ટિથી અનતા કાળ પછી શ્રી નયસારના ભવમા ભગવાન શ્રી મહાવીરદેવના આત્માને સમકિત પ્રાપ્ત થયુ એટલે આ પહેલો ભવ કહેવાયો બાકીના અગાઉના અનતા જન્મમરણો તો કિંમત વિનાના શ્રી જૈન

શાસ્ત્રમાં ગણાયા છે. પંચ પરમેષ્ટીના શુભ ધ્યાનમાં મરીને બીજે ભવે એક પલ્યોપમના આયુ વવાળા સૌધર્મ નામના પહેલા દેવલોકમાં દેવપણે થયા

ત્રીજે ભવે શ્રી ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ તરીકે થયા ભગવાન શ્રી ઋષભદેવસ્વામીની પાસે દીક્ષા લીધી. ઘણા વખત પછી ત્રિદંડીનો વેશ લીધો. એક વખતે ભરત મહારાજાએ શ્રી ઋષભદેવ ભગવાનને સમોસરણમાં પૂછ્યું કે- ભારત ઉપર ભાવિમાં તીર્થંકર થાય તેવો ઉત્તમ આત્મા અહીં કોઈ છે? જવાબમાં પ્રભુજીએ કહ્યું, કે-મરીચિ આ અવસર્પિણીમાં છેલ્લા ૨૪ મા તીર્થંકર થશે. તે જાણી ભરતજીએ તેને ભાવિ તીર્થંકર ભગવાન તરીકે વંદન કર્યું. મરીચિને કુળનો મદ થયો, કે મારું કુળ કેવું ઉત્તમ કહેવાય? મારા દાદા પ્રથમ તીર્થંપતિ મારા પિતા પ્રથમ ચક્રવર્તી, હું પ્રથમ વાસુદેવ અને છેલ્લો તીર્થંકર પણ થઈશ. એ ગર્વ કરવાથી નીચ ગોત્રનું કર્મ બાંધ્યું. તે કર્મને ભોગવતા ભોગવતા છેવટે થોડુંક બાકી રહ્યું, તેથી તીર્થંકરના ભવમાં શ્રી દેવાનંદા બ્રાહ્મણીને ત્યાં ૮૨ દિવસ ભગવાન મહાવીરને ગર્ભમાં રહેવું પડ્યું. ચોથે ભવે પાંચમા દેવલોકે ૧૦ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા. પાંચમા ભવે કોલ્લાક ગામમાં કૌશિક નામે ત્રિદંડી થયા. ત્યાંથી સ્થુણા નગરીમાં ૭૨ લાખ પૂર્વના આયુષ્યવાળા પુષ્પ બ્રાહ્મણ તરીકે છઠ્ઠે ભવે થયા સાતમે ભવે સૌધર્મ દેવલોકમાં દેવ થયા. આઠમે ભવે અગ્નિદ્યોત નામે ત્રિદંડી ૬૦ લાખ પૂર્વના આયુષ્યવાળા થયા. નવમે ભવે ઈશાન દેવલોકમાં દેવ થયા. દશમે ભવે મંદર ગામે અગ્નિભૂતિ નામે ત્રિદંડી ૫૬ લાખ પૂર્વના આયુષ્યવાળા થયા. અગ્યારમે ભવે સનત્કુમાર નામના દેવલોકમાં દેવ થયા. બારમે ભવે શ્વેતાંબી નગરીમાં ૪૪ લાખ પૂર્વના આયુષ્યવાળા ભારદ્વાજ નામના ત્રિદંડી થયા. તેરમે ભવે માહેન્દ્ર દેવલોકમાં દેવ થયા. ચૌદમા ભવે રાજગૃહી નગરીમાં ૩૪ લાખ પૂર્વના આયુષ્યવાળા ત્રિદંડી

થયા ૧૦ મા ભવે પાંચમા બ્રહ્મ દેવલોકમા દેવ થયા ત્યારબાદ ઘણો સંસાર ભમીને નાના નાના જન્મો વધારે કર્યા પછી સોળમા ભવે વિશ્વભૂતિ નામે રાજકુમાર થયા સંભૂતિ નામના ગુરુમહારાજની પાસે દીક્ષા લીધી ત૨ કરતા કરતા એક વખત ગ્રૈત્ર તના ળ ૩ામા બળ માગ્યુ અપુસણ કરી તપ વેચ્યુ ને નિયાણુ કર્યું જેથી તઆ ળળ વાસુદેવ થયા સત્તરમા ભવે મહાશુક્ર નામના દેવલોકમા દેવ થયા અઢારમે ભવે ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા ત્રિપૃષ્ઠ વાસુદેવ પોતનપુરીમા થયા આ ભવમા ગીતના શોખિન નાકરને મામૃકી ભુનના મગો નાખ્યુ પાર કાનમા તપાવેલુ સીસુ રેડાવ્યુ, તે તીર્થંકરના ભવમા ગોવાળી માએ કાનમા ખીલા ઠોક્યા ત્યાર તે કમનો ઉદય આ યો ઓ ૧ ઓગણીસમા ભવે સાતમી ના કીમા ૩૩ સાગરોપમના દુ ખો ભોગવીને વીશમે ભવે સિંહ થયા એકવીશમે ભવે ચોથી નારકીએ ગયા પછી વચ્ચે વચ્ચે ઘણા નાના નાના તિર્યંચાદિના ભવોમા ભમ્યા બાવીશના ભવે મનુષ્ય થયા ત્રેવીશમા ભવે મૂકા નામની નગરીમા ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા પ્રિયમિત્ર ચક્રવર્તી થયા ત્યા શ્રી પોટ્ટિલાચાર્યજી પાસે દીક્ષા લીધી, ને ક્રોડ વર્ષનુ ચારિત્ર પાળીને ચોવીશમા ભવ મહાશુક્ર નામના દેવલોકે દેવ થયા પચ્ચીશમા ભવે જંબૂ દ્વીપના ભરતક્ષેત્રમા છત્રિકા નગરીમા ૨૫ લાખ વર્ષના આયુષ્યવાળા નંદન નામે રાજપુત્ર થયા ત્યા દીક્ષા લઈને જાવજ્જીવ માસખમણથી વીશ સ્થાનકનુ તપ કર્યું એક લાખ વર્ષનુ ચારિત્ર પાળીને તીર્થંકરનામકર્મ નિકાચ્યુ આ તપમા ૧૧,૮૦,૬,૪૫ માસખમણ કર્યો ત્યાથી છવીશમા ભવે દશમા પ્રાણત દેવલોકમા પુષ્પોત્તર વિમાનમા ૨૦ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા ત્યાથી ૨૪મા તીર્થપતિ ભગવાન મહાવીરદેવ સત્તાવીશમા ભવે થયા તીર્થંકર થઈ, શાસન સ્થાપી, જન્મોજન્મના ફેરા મિટાવી મોક્ષે ગયા

શ્રી વીર વિભુના ઉપસર્ગોની ટૂંક નોંધ –

(૧) કુમાર નામના ગામમા ગોવાળિયાનો ઉપસર્ગ
(૨) અસ્થિક ગામમા શુલપાણિ યક્ષનો ઉપસર્ગ
(૩) શ્વેતાંબી નગરીમા ચંડકૌશિક સર્પનો ઉપસર્ગ
(૪) સુરભિપુર ગંગા નદીને કાંઠે સુદંષ્ટ્રદેવનો ઉપસર્ગ
(૫) હરિદ્ર ગામની બહાર હરિદ્ર વૃક્ષ નીચે અગ્નિનો ઉપસર્ગ
(૬) શાલિશીર્ષ ગામમા કટપૂતના વ્યંતરીનો ઉપસર્ગ
(૭) શાલવન ગામમા શાલાર્યા વ્યંતરીના ઉપસર્ગ
(૮) વજ્રભૂમિમા મ્લેચ્છોનો ઉપસર્ગ
(૯) દ્રઢભૂમિમા પેઢાલ ગામની બહાર સંગમદેવના એક જ રાત્રિમા મોટામા મોટા ૨૦ ઉપસર્ગો
(૧૦) ષણ્માની ગામમા ગોવાળિયાનો ઉપસર્ગ
(૧૧) ભગવાનને કેવળજ્ઞાન થયા બાદ ગોશાળાએ તેજોલેશ્યા મૂકી તે ઉપસર્ગ



શ્રી વીર વિભુના દીક્ષાથી નિર્વાણ સુધીના થએલ ચાતુર્માસોની યાદી

(૧) રાજગૃહી નગરીમા નાલંદા પાડામા ૧૪	(૬) અસ્થિક ગામમા ૧
(૨) વૈશાલી નગરીમા ૧૨	(૭) આલભિકા નગરીના ૧
(૩) મિથિલા નગરીમા ૬	(૮) શ્રાવસ્તિ નગરીમા ૧
(૪) પૃષ્ઠચંપાપુરી નગરી ૩	(૯) વજ્રભૂમિમા ૧
(૫) ભદ્રિકા નગરીમા ૨	(૧૦) મધ્યપાપા(પાવાપુરી)મા ૧

કુલ્લે ૪૨ ચાતુર્માસ ભગવાનના થયા

(૬)

પ્રારંભિક-પ્રશ્નપત્રો

[અખિલ ભારતીય જૈન સમાજની એક જ સર્વોત્તમ શિક્ષણ સંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી તા. ૧૪-૫-૧૯૪૮થી અત્યાર સુધીના ચાર વખત પ્રારંભિક પરીક્ષા લેવાએલ તેમાં એકંદરે ૪૭ પાઠશાળાઓ-દ્વારા લગભગ એક હજાર ઉપરાંત વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ લાભ લઈ તે પરીક્ષામાં ઉત્તીર્ણ થએલ છે. આ શિક્ષણક્રમ અનુસાર અભ્યાસ કરતાં સરળ પડે અને કઈ પદ્ધતિથી પરીક્ષા લેવાય છે તે જોવા માટે અને પરીક્ષાના પ્રશ્નપત્રોનો ખ્યાલ આવે તે હેતુથી અમે અત્રે શરૂઆતથી તે સર્વ પ્રશ્નપત્રો આપીએ છીએ.

—સંપાદક સમિતિ]

પ્રારંભિક પ્રશ્નપત્ર (૧)

તા. ૨૭-૬-૧૯૪૮ (દરેકના કુલ ગુણ ૧૦૦)

[દરેકમાં શુદ્ધિ અને સ્વચ્છતા માટે ગુણ ૫]

૧ એગિંદિયાથી મિચ્છામિ દુક્કડં' સુધી અને 'જાવ અરિહંતાણં થી અપ્પાણં વોસિરામિ' સુધી સૂત્રના વિભાગ શુદ્ધ લખો ૧૦

૨ (i) ૧૬ સતીઓમાંથી ૧૦ સતીઓના નામો લખો ૧૦

(ii) મોટા ૧૦ તીર્થોનાં નામો લખો તેમાંથી તમે કયા કયા તીર્થની યાત્રા કરી છે?

૩ નીચેના શબ્દોમાથી મળધપૂર્વક ગમે તે પાચના અર્થ લખો- ૧૦

તેઇદિયા, જભાઇઓણુ, લોએ, સધાઇન્મા, સયમયાઞા, મોહુણુ, પઢમ

૪ ભગવાન શ્રી મહાવીરદેવનુ ૨૫ લીંટીમા ટૂક ચરિત્ર લખો ૧૫

૫ ખાલી જગ્યા પૂરો ૧૪

અ (i) ભગવાનનુ લછન બળદ છે
(ii) ,, ,, હાથી છે
(iii) ,, ,, ચદ્ર છે
(iv) ,, ,, કાચબો છે

ब (i) શ્રી પાર્શ્વનાથ પ્રભુનુ લછન છે
(ii) ,, નેમનાથ ,, ,, છે
(iii) ,, સુમતિનાથ , ,, છે
(iv) ,, વિમલનાથ ,, ,, છે

क ૩, ૧૨, ૧૫, ૧૯મા તીર્થંકરોના લછન સહિત નામો લખો

૬ (i) ગુરુ મહારાજના પચિદિયસૂત્રમા ગણાવેલા છત્રીસ ગુણો ગણાવો ૧૫

(ii) નવકારમત્રમા ગણાવેલા પાચ પરમેષ્ઠી જે આવે છે તે ગણાવો

(iii) "એગિદિયા, બેઈદિયા, તેઇદિયા ચઉરિદિયા, પચિદિયા નો અર્થ સારી રીતે સમજાવો એ પાચ માથી કયા વિભાગમા તમને ગણાવી શકાય ?

(i) દેવપાલે કેવી રીતે રાજ્ય મેળવ્યુ તે સવિસ્તર લખો ૨૧

(ii) મનોરમા રાણીને જાતિસ્મરણ થતા, પહેલાના ભવની શી વાર્તા દેવપાલ રાજાને મનોરમાએ જણાવી? તેનુ વર્ણન કરો

(iii) સિહરથ રાજાએ પોતાના રાજ્યનો વારસો કોને સોપ્યો ? વારસદાર શા માટે તેને શોધવો પડ્યો ? તે સમજાવો



પ્રારભિક પરીક્ષા (૨)

તા ૭-૧૧-૧૯૪૮

૧ નીચેની ગાથાઓના અર્થ સમજાવો ૧૫

(૧) અભિહ્યા વત્તિયા થી તસ્સ મિચ્છામિ દુક્કડ

(૨) અરિહતે કિત્તઇસ્સ, ચઉવીસ પિ કેવલી

૨ નીચેના સૂત્રો શુદ્ધતાથી સ્વચ્છ અક્ષરમા લખો ૧૫

(૧) પચિદિય સૂત્ર સપૂર્ણ

(૨) કરેમિ ભતે સૂત્ર સપૂર્ણ

૩ નીચેના શબ્દોમાથી પાચ શબ્દોના સબધપૂર્વક અર્થ સમજાવો ૧૫

સજ્જસિ, પચસમિયો , વિક્ર, તિવિહેણ, સપાહણા, નિયમનજુત્તા, સાગરવર ગભીરા, ધમ્મતિત્થયરે

૪ ભગવાન શ્રી મહાવીર પ્રભુનો દીક્ષા લીધા પછીના ચરિત્રમાથી સહનશીલતાનો એક પ્રસગ ૧૫ લીટીમા લખો ૧૦

૫ (૧) તીર્થંકર ભગવાન એટલે શુ? ૯

(૨) તમે કયા સૂત્રમા ૨૪ ભગવાનના નામ શિખ્યા છો?

(૩) ૧, ૫, ૯, ૨૧ ને ૨૩ના પ્રભુજીના લછન લખો

૬ તમે જાણુતા હોય તે ૧૨ મહાસતીઓના નામો લખો ૬

૭ જિનદત્ત શેઠનો એક મામુલી નોકર જિનભક્તિના પ્રભાવથી કેવી રીતે રાજા થયો તે સવિસ્તર જણાવો ૧૦

૮ તમે જેટલા સૂત્રો શિખ્યા છો, તેમા તમને કયુ સૂત્ર બહુ જ સારુ ને શુદ્ધ આવડે છે? ૫

૯ ખાલી જગ્યા પૂરો ૧૦

(૧) શ્રી શત્રુજય ગિરિરાજ ઉપર ભગવાન બિરાજે છે
(૨) શ્રી તારગાજી તીર્થ પર ભગવાન બિરાજે છે
(૩) શ્રી તલાજા તીર્થ પર ભગવાન બિરાજે છે
(૪) શ્રી કદબગિરિ તીર્થ પર " " "
(૫) શ્રી ગિરનારજી મહાતીર્થ પર " "

★

પ્રારંભિક પરીક્ષા (૩)

તા ૩૦-૭-૧૯૪૯

૧ નીચે જણાવેલા સૂત્રો શુદ્ધિપૂર્વક લખો ૧૫

(૧) નમસ્કાર મહામંત્ર અને (૨) સામાઈયવયજુત્તો

૨ (૧) "કરેમિ ભંતે" સૂત્રમા તમે શું શિખ્યા છો, તે સંપૂર્ણ સમજાવો ૧૦

(II) ' ઈચ્છામિ ખમાસમણો" સૂત્ર અર્થ સહિત સમજાવો

૩ નીચેના શબ્દોમાથી સાત શબ્દોના સબંધ સાથે અર્થ લખો ૧૪

જીવ, પુપ્ફદંત, લોએ, સવ્વસાહૂણં, ખમાસમણો, સિદ્ધાણં, જાવણિજ્જાએ, સુહગઈ, બીયકમતે

૪ (૧) સાત તીર્થોના નામો આપો, અને તે કયા કયા વિભાગમા (પ્રાતમા) આવેલા છે, તે પણ જાણતા હો તો લખો ૧૩

(II) ૬, ૮, ૯, ૧૩ ૧૭ અને ૧૯મા પ્રભુજીના લંછન સાથે નામો જણાવો

૫ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીએ દુનિયાને ક્યારે અને શો ઉપદેશ આપ્યો? તેમાથી તમે કેટલો અમલ કરો છો, તે ૨૦ લીંટીમા દર્શાવો. ૧૫

૬ (i) પ્રભુ પ્રત્યેની અતિશય ભક્તિથી શુ લાભ થાય? તમારી શિખેની પુસ્તિકામાથી તે વર્ણન ૧૫ લીટીમા લખો ૬

(ii) આ જન્મમા મનોરમા રાજપુત્રી થઈ અને તેણીનો પૂર્વભવનો પતિ આ જન્મના ભીલ બન્યો, તે વિગત કારણ સહિત સવિસ્તર જણાવો

૭ નીચેના પ્રશ્નોના જવાબ આપો ૧૨

(i) તીર્થ એટલે શુ ?

(ii) તીર્થંકર કેટલા થયા, અને તે કયા કયા?

(iii) કાઉસ્સગ્ગમા બગાસુ આવે તો?

(iv) પાચ પરમેષ્ઠીને નમવાથી શુ ફળ મળે?



પ્રાગ્ભિક પરીક્ષા (૪)

તા-૩૦-૭-૧૯૫૦

૧ શુદ્ધિપૂર્વક લોગસ્સ સૂત્ર સપૂર્ણ લખો ૧૪

૨ ખાલી જગ્યા પૂરો અને તેટલા વાક્યોના અર્થો સમજાવો ૧૫

(i) સપૂરિતા હિતાનિ

(ii) સુહાય પસત્થા

(iii) વિસહર મણુઓ

(iii) અભયદયાણ ___ બોહીદયાણ

(v) તહવિ મમ ___ ચલણાણ

૩ નીચેના શબ્દોમાથી કોઈપણ સાતના ભાવાર્થ સાથે તમે જે જાણતા હો તે તમારી ભાષામા સમજાવો ૨૦

સામાયિક, કાઉસ્સગ્ગ, સમિતિ, ગુરુમહારાજ, નમસ્કાર મહામત્ર, ગુપ્તિ, સ્તુતિ, અથવા થોય, ચૈત્ય અથવા જિનમદિર

૪ નીચેના વિષયોની તમારી બુદ્ધિ અનુસાર ટૂકમા ૧૦, ૧૦ લીટીમા માહિતી આપો ૧૫

(i) તીર્થયાત્રા (ii) પ્રતિક્રમણ (iii) પચ્ચક્ખાણ

૫ નીચેના વાક્યોના જોઈતા શબ્દો ઉમેરી વાક્ય પૂરુ કરો ૫

(i) નદાવર્ત ___ ભગવાનનુ ___ હેતુ

(ii) ___ ભગવતનુ સાથીઓ ___ હેતુ

(iii) ગુરુમહારાજના ___ ગુણોનુ વર્ણન ___ સૂત્રમા આવે છે

(iv) માથેરાન હવાફેર કરવા જતા .. મહાતીર્થની .કરવી ઉત્તમ છે

(v) નિશાળની કેળવણીની ___ આપણે ___ શિક્ષણ પણ લેવુ જ જોઈએ

આ વિષયોમા તમે કઈ જાણો છો? તે તમે કયાથી વાચ્યુ? ૬

પતાસુ, વોર્લિગ કપની, વિમાનની મહેલ

૭ સામાન્ય માણસ રાજા થઈ શકે? સામાન્ય નોકર પ્રભુ ભક્તિ કરી શકે? ૧૦

એ નોકર અને ગજપુરી મનોરમા વિષે પદર લીટીમા નિબધ લખો

૮ પૂછયા પ્રમાણે જવાબ આપો ૧૦

(i) પાચ મહાતીર્થના અને પાચ મહાસતીઓના નામો લખો

(ii) ભગવાન શ્રી મહાવીરદેવનો ચતુર્વિધ શ્રી સઘનો પરિવાર કેટલો હતો?

(પ્રશ્નપત્રોમા આવતા દરેક પ્રશ્નોના ઉત્તર સમજપૂર્વક અને મુદ્દાસર લખવા જોઈશે.)



પ્રારંભિક પરીક્ષા (૫)

તા ૨૯-૭-૫૧

૧ ઇરિયાવહી સૂત્ર સંપૂર્ણ શુદ્ધિપૂર્વક લખો ૧૯

૨ નીચે જણાવેલામાંથી બે વિષયોની વિગત ટૂંકમાં ૧૫-૧૫ લીટીમાં વર્ણવો ૧૫

(i) પૂજા ભણાય છે તે (ii) સંઘજમણ (iii) શ્રી શત્રુંજય તીર્થનો કાર્તિકી પૂનમનો મેળો

૩ કયા સૂત્રમાં કયા વિષય સાથે નીચેના શબ્દોને સંબંધ છે, તે માત્ર પાંચ શબ્દોના વિસ્તારથી અર્થ સમજાવવાપૂર્વક જણાવો ૧૫

વંદણવત્તિયાએ, સુગુણિજ્જણ, ખુડાણ, વાલીનરોક દેહે, ભવેભવે, જાવંત, આઈણ્ણા

૪ પૂછ્યા પ્રમાણે જવાબ આપો ૯

(i) નવકાર મંત્ર વિષે તમે જે જાણતા હો તે ૧૦ લીટીમાં લખો (ii) પાંચ મહાસતીઓના ને પાંચ મહાતીર્થોના નામો લખો (iii) ૫-૭-૯-૧૧-૧૩-૧૫-૧૭ મા તીર્થપતિઓમાંથી પાંચ ભગવંતોના લંછન જણાવો

૫ નીચેના શબ્દોમાંથી નવના અર્થો લખો ૯

સિદ્ધા, નિચ્ચ, દંડિ, સાગ, વંદે, ઈચ્છ, તન્સ, હુજ્જ, ઠાણિ, સત્તિ, જોગ, જાર, દેવ, અન્ન, દિવ્વ

૬ નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરી વાક્ય પૂરું કરો ૬

(i) અચલપુર નગરના ___ નામના રાજ્યમાં ___ શેઠને ત્યાં ___ નામનો પ્રભુભક્તિવાળો એક નોકર રહેતો હતો (ii) સિદ્ધસેન નામે ___ મુનિની પાસે દીક્ષા લીધી (iii) પંચદિવ્ય પ્રગટ થતાં ___ ના કંઠમાં નાગાનું આરોપણ થયું હતું

(iv) દેવસેનના પિતાનું નામ ___ અને માતાનું નામ ___ હતું

૭ ખાલી જગ્યાવાળી નીચેની ગાથાઓ પૂરી કરો અને તેના અર્થ પણ સમજાવો ૧૦

(I) મય બુહાણ (II) વાણી દેવિ!
સાર (III) ઈહ મતાઈ

૮ અર્થ સમજી નીચેના વાક્યો પૂર્ણ કરી, સળંગ વાળી શ્રી મહાવીર ભગવાનનું ચરિત્ર બનાવો ૧૫

ભગવાનશ્રી દેવનો જન્મ નગરમા થયો હતો બાલક્રીડા કરતા શૌર્ય ને પરાક્રમ બતાવતા કહેવાયા માતાપિતાએ ભણવા મૂક્યા ને ત્યા ને ત્યા જ વ્યાકરણની રચના કરી એ પ્રભુજીની સેવામા દેવો હાજર રહેતા હતા ભગવાને વર્ષની ઉંમર ભરયુવાનીમા લીધી દીક્ષા લીધા બાદ નામના એક દૃષ્ટિવિષ ને બૂઝવ્યો તે કથા આશ્ચર્યજનક છે એક વખત કાઉસ્સગ્ગના ધ્યાનમા લયલીન હતા, ત્યારે પ્રભુના કાનમા ખીલા નાખી મહાન ઉપસર્ગ કર્યો, ત્યારબાદ તે મહાન દિવ્ય વિભૂતિને ગામમા કેવળજ્ઞાન થયુ તે પ્રભુનો એકંદરે શિષ્યોનો પરિવાર હતો મહારાજ તે પ્રભુના મુખ્ય ગણધર હતા એ પ્રભુએ વર્ષ ચારિત્ર પાળ્યું દીક્ષા લીધા પછી વર્ષે કેવળજ્ઞાન થયુ કેવળજ્ઞાની અવસ્થામા વર્ષ આ પૃથ્વીતળ ઉપર મહાન ઉપકાર કર્યો, અને વર્ષની ઉંમરે તીર્થમા તે પ્રભુ નિર્વાણ પામ્યા આપણે એ પ્રભુના શાસનમા આજે આરાધના કરી રહ્યા છીએ તેઓશ્રીના આત્મકલ્યાણ કરનારા વચન ઉપર આપણે રાખવી જોઈએ

★

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬	૧	નમો [illegible]	[illegible]
૧૪	૬	[illegible]	[illegible]
૨૦	૧૭	[illegible]	[illegible]
૨૩	૧૪	[illegible]	[illegible]
૨૬	૭	[illegible]	[illegible]
૩૨	૨૧	[illegible]	[illegible]
૩૫	૧૮	[illegible]	[illegible]
૪૧	૮	[illegible]	[illegible]
૪૧	૨૩	[illegible]	[illegible]
૪૪	૨૩	[illegible]	[illegible]
૪૬	૧૯	[illegible]	[illegible]
૪૫	૨૨	[illegible]	[illegible]
૪૬	૭	[illegible]	[illegible]
૪૮	૧૩	[illegible]	[illegible]
૫૪	૧૩	[illegible]	[illegible]
૫૪	૧૬	[illegible]	[illegible]
૫૬	૧૨	[illegible]	[illegible]
૫૬	૧૭	[illegible]	[illegible]
૬૬	૧૦	[illegible]	[illegible]
૭૨	૨૬	[illegible]	[illegible]
૮૨	૧૦	[illegible]	[illegible]
૮૩	૧૮	[illegible]	[illegible]
૯૬	૧૮	[illegible]	[illegible]
૯૯	૧૩	[illegible]	[illegible]

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦૩	૧૨	કર્યો	કર્યા
૧૧૩	૪/૫	વાગની મધ્ય ાત્રોએ	રા ના મધ્ય પ્રભાતે
૧૧૪	૬	કુમારે તે દવો	તે દવે કુમારને
૧૧૪	૧૫	શિક્ષકે વરૂ કંગાનુ	શિક્ષકો જગુરરા ામનો વાશ ઘુંટતાં
૧૧૬	૧	બધુ	બધુર નીં
૧૧૬	૧૭	ગોવાવીયા મલ્યા	ગોવા ીયા મળ્યા
૧૧૭	૧૮	સમભાઈ	તે સનભાઈ
૧૧૯	૨૪/૨૫	થગો દાની	ખીલા દા' રા
૧૨૫	૬	વૈશાખ વદ ૧૦	વૈશાખ સુદ ૧૦

આપે વસાવી ? આજે [illegible]



શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા

તમારી [illegible] મધ્યમ [illegible] [illegible] વિદ્યાર્થી માટે અભ્યાસ
કે ગરજ સારે છે સંસ્થાઓ [illegible] તમામ [illegible] પૂના [illegible]
કરવા માટે ખાસ ઉપયોગી છે [illegible]
વિદ્યાપીઠ [illegible] પરીક્ષા માટે મંજૂર કરેલ છે
મૂલ્ય રૂા ૨-૮-૦ વિદ્યાપીઠની પરીક્ષા અપાતી પાઠશાળાઓ
માટે રૂા ૨-૦-૦ (પોસ્ટેજ અલગ)

પ્રાપ્તિસ્થાન

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા	શ્રી એન મોદી
છાણી [illegible]	૩૧૩ [illegible]
([illegible])	પૂના-૨